૭૮૬.

ઈસ્લામી શહેનશાહ અબુલમુજફ્ફર મુહૈયુદ્દીન

# અવરંગઝેબ-આલમગીર

## બહાદુર

### બાદશાહે ગાઝી ઉપર એક નજર અને અલજિઝ્યા (જજીઆવેરો)એ

નામના ઉર્દૂ પુસ્તકોના કર્તા શમશુલઉલમા મવલાના મોલવી જનાબ શિબ્લી નોઅમાની સાહેબની આજ્ઞાનુસાર

ગુજરાતી ભાષાંતર કર્તા,

**મુન્શી ગુલામઅલી ગુલાબનબી.**

મ્યુ. ઉર્દૂ સ્કૂલ નં. ૧૪ કાળુપુર.

છપાવી પ્રગટ કર્તા

**મોલવી રઝીઉલહક અબ્બાસી.**

**નિઝામી બુક ડીપો.**

**અમદાવાદ.**

ટંકશાળમા ધી અ૦ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કં૦ લીમીટેડમાં
મોતીલાલ શામળદાસે છાપ્યુ.

આવૃત્તિ બીજી. પ્રત ૧૦૦૦.

સને ૧૩૩૧ હિજરીનબવી ઈસ્વીસન ૧૯૧૩

કીંમત રૂ ૦-૧૨-૦

# પ્રસ્તાવના.

સાંપ્રત કાળની પ્રજાએ હિંદુસ્તાનના ઇસ્લામી રાજકર્ત્તાઓનો ઇતિહાસ સામાન્ય રીતે અગ્રેજી પોશાકમા જોયો છે. પરંતુ એ પોશાક પહેરાવનારા લોકો ઇસ્લામી ઇતિહાસનું, સંપૂર્ણ જ્ઞાન અને તેની સાથે કાંઈ પણ સંબંધ કે હમદર્દી રાખતા નહોતા તેથી તેમણે વગર સમજે પોતાને પસંદ પડે તેવા ઘાટનો પોશાક વેતરી તેને પહેરાવી દીધો જેથી આવા પોશાકમાં તેમનુ ચિત્તાકર્ષક મૂળસ્વરૂપ દેખાવાને બદલે નવી ફેશનવાળા દેશીઓના શરીરપર અંગ્રેજી પોશાક શોભા ન આપતાં જેવો કદરૂપો, નઠારો ને અણગમતો દેખાય છે, તેવો દેખાવા લાગ્યો. આથી જેમણે તેને મૂળસ્વરૂપમાં જોયો છે, તેઓ આ નવીન રૂપ જોઇને કંટાળી ગયા

હિંદુસ્તાનના ઇસ્લામી બાદશાહોમા ખાસ કરીને **અબુલમુજફ્ફર મુહેયુદ્દીન, અવરંગઝેબ આલમગીર બહાદુર બાદશાહે ગાઝી**ની હકીકત તથા તેના સમયના ઇતિહાસની ઓછી આવડતવાળા અને પક્ષપાતી માણસોને હાથે એવી વેતરણ થઈ, કે તે સદ્ગુણી બાદશાહની ન્યાયપ્રિયતા, પ્રજાપાલન, સદાચરણ ને ભક્તિની એકે અવાજે એશિઆટિકો તથા બધા ઇતિહાસકારોએ વખાણ કરેલા છતા આજે તેજ સૌથી વિશેષ બદનામ થઈ રહ્યો છે.

જે લોકોએ મજકૂર બાદશાહની મૂળ હકીકતને ફારસી ભાષામાં જોઈ છે તે સારી રીતે જાણે છે, કે હાલમા અંગ્રેજી ને દેશી ભાષાઓમા જે ઇતિહાસો જોવામાં આવે છે, તેમાં

ખરા બનેલા બનાવોને વિસારી મૂકી ન્યૂનાધિક ઉમેરી તેનું અસલ સ્વરૂપ મનકલ્પિત બનાવો વર્ણવી વિરૂપ કરી દીધુ છે ' !!

આ કામનો પાયો નાખનાર ખાસ કરીને થોડા સમય માટે યુરોપથી હિંદુસ્તાનમા પ્રવાસે આવેલા તે પુરૂષો છે, કે જેમણે અહી તહીની સાંભળેલી ગપ્પોને એકત્ર કરી પોતાની ખ્યાતિ ને લોકોનુ મનરંજન કરવા માટે સફરનામા અને કાગળો પુસ્તકના રૂપમા પ્રસિદ્ધ કર્યા દેશીભાષાનુ અજ્ઞાન, અજાણ્યા લોકોનો સમાગમ, ને સંતોષકારક સાધનોના અભાવથી જે નિષ્ફળતા પ્રાપ્ત થવી જોઇએ તે તેમને થઈ છે તેથી તેનુ વર્ણન અત્રે કરવાની કાંઈ જરૂર નથી હવે તો પાશ્ચાત્ય વિદ્વાનો પણ એવા મુસાફરોના લખાણને ગપગોળા સમાન સમજવા લાગ્યા છે. બર્નિયરના પુસ્તકની પ્રસ્તાવનામાં તેના એડિટરે એવુજ લખ્યુ છે.

પાશ્ચાત્ય લોકોને હિંદુસ્તાનની હકીકત જાણવામા જે જે મુસીબતો પડી હતી, તથા તેથી જે જે ભૂલો થતી હતી, તે કોઈ કોઈ વખતે હસનીય થઈ પડે છે

એક અંગ્રેજી પુસ્તક કે જે લગભગ સને ૧૮૧૪ મા લખાયુ છે, અને એ વિશ્વાસપાત્ર છે, એમ એનો કર્ત્તા પોતે લખે છે તેમા હુમાયૂ વિષે નીચે પ્રમાણે લખ્યુ છે.—

"હુમાયું* તેમૂરશાહ ( કંદહારના ગવરનર ) ના દીકરાઓમાં સૌથી મોટો દીકરો હતો. અંગ્રેજી રૂઢિ પ્રમાણે તેનેજ ગાદી મળવી જોઇએ. પરતુ આ વખતે હિંદુસ્તાનમા મોટા દીકરાને વારસો મળવો જોઇએ; એવુ કાંઈ નહોતું બલ્કે

* બાબરનો દીકરો બીજો મુગલ બાદશાહ

મુખ્યત્વે કરીને રાજકર્ત્તા પોતે પોતાની પાછળ ગાદીએ બેસનાર નક્કી કરતો હતો. તૈમૂરશાહના બધા દીકરા એકજ બેગમના પેટથી નહોતા, તેથી તેની વહાલી બેગમ કે જે ઘણી ચાલાક સ્ત્રી હતી, તેણે પોતાના દીકરા શાહઝમાનને ગાદીએ બેસાડી દીધો. ને તેણે * ટીપુસુલતાન સાથે મળી જઇને હિંદુસ્તાનના અંગ્રેજી મુલક ઉપર હુમલો કર્યો. હવે હુમાયૂએ ભાઇની વિરુદ્ધ હુમલો કર્યો, તેમા કેદ પકડાયો, ને તેની આખો ફોડાવી નાખી બાકીની ઉમર હુમાયૂંએ કેદખાનામાં ગાળી, ને જ્યારે મરી ગયો. ત્યારે અહીં (દિલ્લીમા હુમાયૂંના રોજામા) તેના દીકરા અકબરે તેને દફન કર્યો, ને એ રોજો પોતાને ખર્ચે બધાવ્યો. ! ' ! §

એજ પુસ્તકમા લખ્યુ છે, કે “ તાજમહાલ સને ૧૭૧૯ મા બધાવ્યો, ને શાહજહા એજ વર્ષમા ગાદીએ બેઠો ' ( શાહજહા ૧૬૬૨ મા મરણ પામ્યો હતો તે સૌ કોઇ જાણે છે ) ! ' !

આ મુસાફરોમા બર્નિયર સૌથી વધારે વિશ્વાસપાત્ર છે, પરતુ એણે પણ ઐતિહાસિક બનાવોના વર્ણનમા ઘણીજ ભૂલો કરી છે જેની ખાતરી પત્યાલા રાજ્યના મીર મુન્શી ખલીફા સૈયદ મુહમદહુસેન સાહેબે બર્નિયરના પુસ્તકના કરેલા ઉર્દૂ તર્જુમાની નોટ જોવાથી થશે.

જે લોકો ઇતિહાસ જાણે છે, તેમને ખબર છે, કે તુર્કોને

---

* ટીપુ સુલતાન ૧૮ મા સૈકામા ને હુમાયૂ ૧૬મા સૈકામા હતા

§ હુમાયૂ નીસરણીપરથી પડીને મરણ પામ્યો હતો.

ઉસ્માનલો કે ઉસ્માનલી એટલા માટે કહે છે, કે એ રાજ્યના બાદશાહ સુલતાન ઉસ્માનખાનના વંશનો હતો, કે જે સને ૬૯૯ હિજરીમાં ગાદીએ બેઠો હતો. પરતુ બર્નિયર સાહેબ ફરમાવે છે, કે " એ લોકો ઉસ્માન ખલીફાને અનુસરે છે. તેથી તેમનુ નામ ઉસ્માનલો પડયુ છે. " !!'

એક બીજે સ્થળે લખે છે, કે " પ્રથમથીજ દારાની બેગમે પોતાના ઉપર કેવી મુસીબત પડવાની છે તેનો વિચાર કરીને લાહોરની પાસે ઝેર ખાઇને પોતાના જીવતરનો અત આણ્યો " ખરી હકીકત એ છે, કે દારાની બેગમ દાવરની પાસે ( સિધમાં જેકબાબાદની છાવણીથી દૂર, સીબીની પાસે બોલાનઘાટના રસ્તાપર ) **સિલ**ની બીમારીથી મરણ પામી હતી, ને દારાએ તેની લાશ ત્યાંથી દફન કરવા માટે લાહોર મોકલી હતી.

એમા તો શક નથીજ, કે મુગલોના સમયમાં પરદેશથી જે મુસાફરો અહીં આવતા હતા, ને જેમણે કાઇક વર્ણન લખ્યુ છે, તેઓ અહીંના લોકોના સહવાસમા એટલા બધા આવ્યા નહોતા, કે તેમને સહેલાઇથી વિશ્વાસપાત્ર ખબરો મળી શકે એમનાં પુસ્તકોમાં બજારની ગપ્પો ઘણીજ છે. તેથી એમનાં પુસ્તકોને સાંપ્રતકાળમાં પાશ્ચાત્ય વિદ્વાનોએ જે પદવી આપી છે, તે પ્રતિષ્ઠા અને પદવીને એ લાયક નથી, અને હાલમાં ઇતિહાસો રચતી વખતે એ પુસ્તકોનો આશ્રય લેવો એ એક મોટી ભૂલ છે.

હાલમાં જે લોકોએ આલમગીરનો ઇતિહાસ રચ્યો છે, તેમણે એ મુસાફરોનાં લખાણુનોજ આધાર લીધો છે, ને તેનેજ તેઓ વળગી રહ્યા છે. વળી અમારૂં માનવું તો

એટલે સુધી છે, કે એ મુસાફરોમાથી કોઈ પણ ફારસી ભાષા સારી રીતે જાણતો હોય, ને આલમગીરના સમયના ઇતિહાસો તેણે લક્ષપૂર્વક વાચી સમજ્યા હોય, એવો દાવો પણ કરી શકશે નહિ. આલમગીરના ઇતિહાસો લખવા માટે ફારસી ભાષાનુ સપૂર્ણ જ્ઞાન અને એ પુસ્તકોનુ લક્ષપૂર્વક વાંચન ઘણુંજ અગત્યનુ છે. કેમકે એ ભાષામાં ને એજ પુસ્તકોમાં તે સમયનુ સવિસ્તર વર્ણન લખેલુ છે. જો એ ઇતિહાસકારોમાથી કોઇને એવો દાવો હોય, તોપણ અમે કહી શકીએ છીએ, કે એ દાવો ખોટો છે. કેમકે એમનાં પુસ્તકો એ બાબતના સાક્ષીભૂત છે. દાખલા તરીકે એક સાહેબ *અમીર ખુસરવની સાથે ફિર્દોસી અને ઉન્સરીને હિંદુસ્તાનના ફારસી કવિઓ ગણે છે, અને બીજા સાધારણ શબ્દો ને વાક્યોના ફારસીમાથી તરજુમા કરતી વખતે એવી એવી અનેક ભુલો કરેછે, કે જેથી ગ્રથકારની મૂળ મતલબ તો ઉંધીજ વળેછે, એટલુજ નહિ પણ સાથે વળી એક નવુંજ કૌતક ઉભુ થાય છે. !!!

હિંદના કોઇ પણ બાદશાહની હકીકત લખતી વખતે એ પણ અવશ્યનુ છે, કે ઇતિહાસકાર હિદ અને તેમાં વસની અનેક કોમોની સ્થિતિનો જાણનારજ હોવો જોઇએ. જ્યાં સુધી તેને એની પુરેપુરી માહિતી ન હોય, ત્યાં સુધી તેનુ પુસ્તક પોતાના નાયકનુ ખરેખરૂ વર્ણન કહેવાય નહિ. અવરગઝેબના પાશ્ચાત્ય ઇતિહાસકારોમા એ ગુણ પણ નહોતો. તેમણે અવરગઝેબની ચાલ ચલકત લખતી વખતે પોતાની કોમની ટેવો ને વિચારોનુ ધોરણ નક્કી કર્યુ હતું, અને એ

---

* અમીર ખુસરવ ગુલામવ શના બલબનના વખતમા હતા, અને ફિર્દોસી તથા ઉન્સરી મહમૂદ ગજનવીના સમયમાં હતા.

ધોરણે એમનું વર્ણન કરવા જતાં તેઓ ભૂલા પડી ગયા છે.

પાશ્ચાત્ય વિદ્વાનોની વિદ્વતા માટે કોઈ ના પાડી શકતું નથી. પરંતુ ઉપર જણાવેલી અડચણોને લીધે તેઓથી મોટી મોટી ભૂલો થઈ છે.

જો આ ભૂલોનાં પરિણામ દૂર દૂર સુધી ન પહોંચત, તો તેના ઉપર કાંઈ લક્ષ આપવાની જરૂર નહોતી. પરંતુ અમે જોઇએ છીએ, કે નિશાળો ને કોલેજોમાં શીખવવામાં આવતી ઐતિહાસિક બાબતોની છાપ જિંદગી પર્યંત ભુસાતી નથી, અને તેથી જનમંડળને નુકસાનકારક અજ્ઞાન પેદા થાય છે, ને એ વાત ઘણીજ નુકસાન કર્તા છે.

અમને લાયક છે કે આવા ઇતિહાસોમાં જે ભૂલો હોય (અને અમને સંપૂર્ણ ભરોસો છે, કે અવરંગઝેબના વર્ણનમાં તો ઘણીજ છે) તે દૂર કરી અવરંગઝેબની ખરી હકીકત એક સ્થળે એકઠી કરીએ * * * * * * *

**જિઝ્યા વેરા વિષે**—ઘણા ખરા યુરોપીયન ગ્રંથકારો ઇસ્લામી સાહિત્યનુ સંપૂર્ણ જ્ઞાન ધરાવતા નહોતા. તેથી તેમની કલમે લખાયલા ઇસ્લામી વિષયોમાં ગેર સમજુતી થવા પામે, તેમાં કાંઈ આશ્ચર્ય નથી. વળી ઇસ્લામીઓ, તથા ખ્રિસ્તિઓ વચ્ચે થએલા લાંબા અને સખ્ત ધર્મયુદ્ધ (ક્રુઝેડ)ને લીધે ખ્રિસ્તિઓ ઇસ્લામીયોને માટે ઝનુની, જંગલી વગેરે બીજાં લાંછન લગાડનારાં વિશેષણો લગાડી તેમને અન્ય પ્રજાની નજરમાં હલકા પાડવા અનેક પ્રપંચી પ્રયત્નો કરતા હતા.

હાલમાં સુધારાનો સૂર્ય યુરોપમા પૂર્ણ પ્રકાશિત થઇ રહ્યો છે. તેથી તે લોકોનું લક્ષ પૂર્વ તરફની વિદ્યાની ખરી હકી-

કત મેળવવા તરફ દોરવાયું છે. તેથી તેમની તવારીખોમા ઇસ્લામ વિષે અગાઉ થએલી ગેરસમજુતિ હવે ધીમે ધીમે દૂર થતી જાય છે.

" ઇતિહાસ સબંધી ગુજરાતી ભાષામા રચાયલા ગ્રંથોની સખ્યા સતોષકારક તથી તે નજીવા અને આગળીને ટેરવે ગણી શકાય એટલી છે. વળી જે અસ્તિત્વ ધરાવે છે, તેમનો મોટો બલ્કે સઘળો ભાગ અગ્રેજી ગ્રંથોના આધારે લખાયલો છે...... ..યુરોપીયન ઇતિહાસકારોએ જે લખ્યુ છે તે સઘળુ સાચુજ છે; એવું ગુજરાતી ઇતિહાસકારો માની બેઠા, એ વધારે વિદ્વતાનુ અભિમાન ધરાવવા અને ભણેલા ગણેલાઓને થોડુ લજ્જાસ્પદ નથી. ઇતિહાસ એક દર્પણ છે. એમાંથી વર્તમાન, ભૂત અને ભવિષ્યકાળની સ્થિતિનુ દર્શન થઇ શકે છે માટે સત્ય હકીકત જાણ્યા વગર દેશનું ખરેખરૂં હિત સાચવી શકાય નહિ. હાલમાં જેઓ દેશનું કલ્યાણ કરવા બેઠા છે, અને સલાહ સપ જાળવવાની હિમાયત કરે છે, તે સાહેબોએ તો આવી બાબતો તરફ સપૂર્ણ લક્ષ આપવુંજ જોઇએ.

ઇતિહાસ વાંચનારાઓ જિઝયાનુ નામ જાણે છે, એટલુજ નહિ, પણ હિદુસ્તાનનો ઇતિહાસ કે જે સરકારી અને ખાનગી સરસ્વતી મદિરોમા અભ્યાસ કરતા કોમળ વયના બાળકોને શીખવવા તથા સમજાવવામા આવે છે, તેઓ પણ જિઝયાના નામથી અજાણ્યા રહ્યા નથી. આ વેરા સબંધી ઇતિહાસકર્ત્તાઓ અને શિક્ષકવર્ગનો કેવો હલકો મત છે, તે તેને આપેલા નામથીજ સ્પષ્ટ રીતે સમજાય છે. તેમણે આ વેરાને " **જેઓ મુસલમાન ન હોય, તેઓ પર અપમાન કરનાર માથા વેરો** " એ નામે

ઓળખાવ્યો છે. આથી તેનો ખરો ખુલાસો કરવાની અગત્ય જણાઇ. માટે તેને આ પુસ્તકમાં દાખલ કર્યો છે. વળી તે અવરંગઝેબની હકીકત સાથે સંબંધ ધરાવે છે.

જિઝ્યા કઈ ભાષાનો શબ્દ છે તેની ખરી તપાસ, જિઝ્યા વેરો લેવાની શુરૂઆત કોણે કરી, કયા લોકો પાસેથી એ વેરો લેવાતો હતો, જિઝ્યાવેરો લેવાનાં સબળ કારણો શાં હતાં, કેવી જાતના વેરાને જિઝ્યા નામ આપવામા આવ્યુ હતું, અરબી ભાષામાં આ શબ્દ કેવી રીતે દાખલ થયો, તથા ઇસ્લામમાં તે કયા ધોરણ ઉપર ચાલુ રહ્યો, વગેરે બાબતોનુ ખુલાસા સાથે વર્ણન કર્યું છે. તેમજ તેમાં કેટલેક ઠેકાણે નોટ્સની અગત્ય જણાયાથી પાછળ તેનો ઉમેરો કરવામાં આવ્યો છે તેમજ નોટ્સ ઉર્દુ, ફારસી તથા અંગ્રેજી વિશ્વાસપાત્ર પુસ્તકોને આધારે લખવામા આવી છે.

યુરોપીયન ઇતિહાસકારોને હિંદુસ્તાનના ઇસ્લામી બાદશાહોની તવારીખ લખવામા જે જે અડચણો પડી છે, તેનો વિચાર વાંચકવર્ગે કરી લેવો માત્ર ઉદાહરણ તરીકે તેનુ વર્ણન એલેકઝાંડર ડો. એકસ્વાયરે સને ૧૮૦૩ માં લખેલા હિસ્ટ્રી ઑફ હિંદુસ્તાન નામે અંગ્રેજી પુસ્તક કે જે લંડનમાં છપાયુ છે, તેના પૃષ્ઠ ૪૦૩ થી ૪૦૪ સુધીના નીચેના લખાણથી જણાશે. તે લખે છે, કે “ મને એવી આશા રાખવાનાં કારણ મળે છે, કે મહાન સુલતાન બાબરે હિંદુસ્તાન દેશ જિત્યો, ત્યારથી લઇને અર્વાચીન સમય સુધીના હિંદુસ્તાનમાં સ્થપાયલા મુગલવંશ વિષે મૂળ તેમજ માનવા લાયક ઇતિહાસો હું મેળવી શકીશ. યુરોપમાં અત્યાર સુધીમા પ્રગટ થએલા ઘણા અપૂર્ણ એહવાલોને અનુસરીને ભવિષ્યમાં કોઈ પણ વખતે જાહેર પ્રજા સમક્ષ હિંદુસ્તાનમાં તૈમૂરના

વંશજોનો પૂર્ણ ઇતિહાસ મૂકવાની પોતાની ધારણા હું અ-ત્યારેજ તોડી પાડીશ નહિ. પણ ફારસી ભાષાનું ભાષાંતર કરવું તે ઘણુંજ કઠણ અને અશક્ય કામ છે; માટે આ બાબતમાં મારા પ્રથમ પ્રયાસને જાહેર લોકો જે આવકાર આપે, તેના ઉપરજ આવી જાતના ગ્રંથો માથે લેવાનું કામ આધાર રાખે છે. જો મને એમ માલૂમ પડશે, કે એ કામ બજાવવા અને દુનિયાને સંતોષ પમાડવાને મારામાં શક્તિ નથી, તો હુ ડહાપણ વાપરી મારી કલમને પડતી મૂકી વધારે શક્તિવાળા પુરૂષો કે જે આ બાબત ઉપર પોતાનુ લક્ષ લગાડે તેમને માટે અપૂર્ણ રહેવા દઇશ. ( અને તેણે પોતાના વચનોનુ આ સબંધી અનુકરણ કર્યુ છે. ) ઇરાનના પ્રખ્યાત રાજાના દીકરા નાદિરશાહની ચઢાઈ પછી દિલ્હીમા જે હીલચાલો થઈ, ને વિષે પાશ્ચાત્ય દેશોમાં બહુજ થોડું જાણવામા આવ્યુ છે. અને એશિયા ખંડમાં પણ ને વિષે કાંઈ લખવામા આવ્યુ નથી ’

હિંદ તથા અન્ય દેશોમા વસતી અનેક પ્રજાઓ શ-મસુલઉલમા જનાબ મવલાના મોલવી મુહમદ શિબ્લી નો-અમાની સાહેબના નામથી ભાગ્યેજ અજાણી હશે. ઇસ્લામી કોમ તેમને પોતાના આગેવાન તરીકે સ્વીકારે છે એટલુંજ નહિ, પણ નામદાર સરકારે તેઓ સાહેબને શમસુલઉલમાનો માનવતો ખિતાબ ઇનાયત કર્યો છે. મજકૂર શિબ્લીસાહેબે ઇસ્લામીયોની અસલ જાહોજલાલીનાં ઐતિહાસિક અને ધાર્મિક અનેક પુસ્તકો અરબી, ફારસી ભાષામાથી ઉર્દૂમાં રચ્યાં છે. તે પુસ્તકો પૈકી અમુકના ઇંગ્રેજી તથા ગુજરાતી ભાષાતર થયાં છે, અને થતાં જાય છે આ પુસ્તક પણ માત્ર ગુજ-રાતી ભાષા જાણનારાઓને અનુકૂળ થઈ પડવા, તથા મહાન ઇસ્લામી બહાદુર બાદશાહે ગાઝીની ખરી હકીકતનું અવલો-

કન કરવા, તેમજ જે જે ઇતિહાસકારોએ અત્યાર સુધીમાં પરદેશી મુસાફરોના રચેલા ભૂલ ભરેલાં પુસ્તકોને આધારે ગુજરાતીમાં પણ ભૂલો કરી છે, (જેને પ્રતાપે ભાઇબંધ કોમો વચ્ચે અદેખાઈ ઉત્પન્ન થવાનાં બી રોપાય છે) તે ભૂલોનો જડમૂળથી નાશ કરવા અને પરસ્પર સલાહ સંપ જળવાઈ રહેવાના ખાસ હેતુથી મજકૂર શિબ્લી સાહેબની આજ્ઞાનુસાર "અવરંગઝેબ આલમગીરપર એક નજર," અને "અલજિઝ્યા" નામના ઉર્દૂ પુસ્તકોપરથી ગુજરાતીમાં ભાષાંતર કર્યું છે. અને પરમ કૃપાળુ પરવરદિગાર તેના હબીબેપાક, તેમની આલ, સહાબએકિરામ, ઓલીયાએ ઉઝઝામ, બુઝુર્ગાને દીન વ ઇસ્લામની કૃપા અને એ **નામદારોની** સંપૂર્ણ સહાયતાથી ભાષાંતર કરવાને સેવક ભાગ્યશાળી થયો છે.

આ કામમાં મને મારા મહેરબાન અને વહાલા મિત્રોએ સંપૂર્ણ સહાય આપી છે. તેમાં ખાસ કરીને શમસુલઉલમા જનાબ મવલાના મોલવી શિબ્લી નોઅમાની સાહેબ, ભાવનગર હાઇસ્કુલના આસિસ્ટંટ માસ્તર જનાબ શેખ તાજુમીયા વાલામીયા સાહેબ કુરેશી, તથા મુન્શી અમીરમીયા હમદુમીયા સાહેબનો આ સ્થળે અંતઃકરણથી આભાર માનું છું.

વળી પ્રસંગોપાત જે જે સાહેબોએ મને યોગ્ય સલાહ આપી આ અદના પુસ્તકને પૂર્ણ પ્રકાશિત બનાવવા માટે યોગ્ય પ્રયાસ કીધો છે, તે સર્વ મારા શુભેચ્છકોનો અત્યંત આભારી થયો છું

**ઠેકાણું:**—કાળુપુર શકરખાંની મસજિદ આગળ ધીયાનીપોળમાં મકાન નંબર ૧૪૧૬ **અમદાવાદ**

ભાષાંતર કર્તા.
**મુન્શી ગુલામઅલી ગુલામનબી.**
નંબર ૧૪ ઉર્દૂ સ્કૂલ કાળુપુર

**અમદાવાદ.**

## પ્રકરણ ૧ લું.

# અવરંગઝેબ-આલમગીર.

ઐતિહાસિક ફિલ્સુફીનો આ એક ભેદ છે, કે જે બનાવો જેમ જેમ વધારે ખ્યાતિ પામતા જાયછે, તેમ તેમ તેમની સત્યતા વધારે શકાશીલ થતી જાયછે. દીવારે કહકહા (હસતી ભીંત), બાબીલનનો કુવો, અમૃત, જહહાકના સાપો, અને જામેજમશીદથી વધારે કયા બનાવે સામાન્ય ખ્યાતિની સનદ સપાદન કરીછે? પરતુ શુ એમાથી એક પણ અસલ સાથે કઈ સબધ રાખેછે?

સત્ય વાત એ છે, કે ઘણા ખરા બનાવો કોઈ અમુક સમયના કારણથી પ્રખ્યાતિની દૃષ્ટિમર્યાદા ઉપર આવી જાય છે. પછી માણસોના જાતીયસ્વભાવ—સામાન્ય નકલ કરવાની અસરથી—સામાન્ય માન્યતા ઉપર આધાર રાખી લોકો તે ઉપર વિશ્વાસ કરવા લાગેછે, અને સત્ય શુ છે, તે તપાસવાનો કોઇને પણ વિચાર થતો નથી. આથી ધીમે ધીમે તે સામાન્ય માન્યતામાં દાખલ થઇ જાયછે. હજરત ઉમરે

( ૨. અ. અ. ) સિકંદરીઆની લાયબ્રેરી બાળી નાંખવાનો હુકમ કર્યો, એ વાત કોઇ ખોટી નિષ્ઠાના ખ્રિસ્તિએ પોતાની મરજી પ્રમાણે ગોઠવી દીધી છે. તે સમય એવો હતો, કે ક્રુઝેડની લડાઇઓ ચાલુ હતી, અને ખ્રિસ્તિઓ મુસલમાનોથી અલગ રહેવાને આશ્ચર્યકારક અનેક યુક્તિઓ કરતા હતા. તેથી આ હકીકત સાંભળતાંજ જાણે ખુદાનો ફરિશ્તો દરેકના કાનમા ફુંક મારી ગયો ન હોય, તેમ બાળક, જુવાન, વૃદ્ધ, અજ્ઞાની, વિદ્વાન, સારા, નઠારા બધા એજ વાત માનવા લાગ્યા, અને છેવટે તેનુ પરિણામ એ આવ્યુ, કે ભાષણ, લખાણ, કહેવતો, દૃષ્ટાંતો, અને વાર્ત્તાઓ વગેરે કોઇ પણ વસ્તુ એના વર્ણન વિના બાકી ન રહી. પરતુ આખર સત્યતાના ન્યાયમંદિરમા સિકદરીઆની ચાલુ ચર્ચાઓ વિષે ફેસલો અપાયો કે આ બધી વાત ગપછે,અને માલૂમ પડ્યુ, કે "બધુ જગત મારૂ વર્ણન કરે છે, પણ હુ તો કાઇ પણ નથી." ( ફારસી કવિતાનો તર્જુમો ).

આલમગીરની બદનામીનુ વર્ણન ઉપલા બનાવથી કાંઇ ઓછી પદવી ધરાવતું નથી. તેના અપરાધનામા જેટલુ લાબુ અપરાધનામુ બીજા કોઇનુ નહિ હોય! બાપને કેદ કર્યો, ભાઇઓને કતલ કર્યા, દક્ષિણનાં મુસલમાની રાજ્યોનો નાશ કર્યો, હિંદુઓને સતાવ્યા, દેવળો તોડ્યા, અને મરેઠાઓને છછેડી મુગલાઇ ગાદીના સ્તંભો અસ્થિર કરી નાખ્યા. એવા એવા અનેક આક્ષેપો એને માથે મૂકવામાં આવેછે. જાણે કે **"બીજા ઘણાઓમાં જે દુર્ગુણો છે તે બધા એના એકલામાંજ આવી ગયા ન હોય"!!**

પરતુ બધી વાતોને જવા દઇને પ્રથમ એ જોવું જોઇએ, કે એજ કુટુંબમા થઈ ગએલા ન્યાયીમાં ન્યાયી બાદશાહ ઉપર પણ લગભગ એજ અપરાધો લાગુ પાડી શકાય છે કે નહિ?

બાપથી ફરી ગયો, ભાઈ *ભત્રીજાને કતલ કરાવ્યા, દક્ષિણના નિજામશાહી રાજ્યનો નાશ કર્યો, એક વર્ષમાં (૬૫)§ મંદિરો તોડ્યાં, અને અહંકારથી એ બનાવોનું વર્ણન કરતો હતો તે કોણ? શાહજહાં (અવરંગઝેબનો પિતા).

એક માણુસના અપરાધી સાબિત થવાથી બીજો નિરપરાધી સાબિત થઈ શકતો નથી, એ મૂળતત્ત્વથી અમે અજાણ્યા નથી. શાહજહાંપરનો અપરાધ સાબિત થાય, તો આલમગીર નિરપરાધી ઠરી શકે નહિ. પરતુ એ સવાલ વિચારવા લાયક છે, કે શાહજહાંના ગુનાહોની કોઇને ખબર પણ નથી, અને આલમગીરના એજ ગુનાહો મંડળીઓ અને મસ્થાઓમાં ચર્ચાય છે, તેનું કારણ શું? (એ ફકત નસીબનુંજ કારણ છે)—

"મજનૂનની ખ્યાતિને માટે તેનું ભાગ્યજ બળવાન છે, અને નહિ તો તેની ને મારી થાળી એકજ અગાસી ઉપરથી

---

* શાહજહાના ભાઇ શહરયાર અને તેના ભત્રીજા તેહમૂરસ ને હોશગ (દાનિયાલના દીકરા) શાહજહાના હુકમથી કતલ કરવામા આવ્યા હતા તેમના કતલ માટે પોતાને હાથે શાહજહાએ જે ફરમાન મોકલ્યુ, તે આ પ્રમાણે હતુ

"જો નાના દીકરા દાવરબખ્શ ને તેના ભાઈ શહરયાર તથા શાહજાદા દાનિયાલના કુવરોને મારી નાખવામા આવે, તો બધી ગડબડ મટી જાય કેમકે સમય એવો છે, કે આકાશ ને જમીન વચ્ચે અણધારી ઉથલપાથલ થવા લાગી છે, અને તેથી મને એમ કરવું ઉચિત લાગે છે' (તુઝકે જહાગીરી પૃષ્ઠ ૪૩૫ અલીગઢ) તા, ૨૨ મી જમાદીઉલઊલા સને ૧૦૩૭ હિજરીમા એનો અમલ થયો

§ અબદુલહમીદ લાહોરી જે શાહજહાના દરબારમા ઈતહાસકર્તા હતો, તેણે શાહજહાંનામામા ખુલાસાથી વિગતવાર એ વર્ણન લખ્યુ છે

નીચે પડી હતી”. ( કવિતાનો તર્જુમો )*

આ વાતનુ નિરાકરણ કરવું એ ઇતિહાસકર્તાઓની ફરજ છે. પરંતુ તેથી જાતિભેદ વચ્ચે આવેછે, તેટલાજ માટે અમે એને પડતી મૂકીએ છીએ.

આલમગીરના અપરાધનામામા સૌથી મોટો બનાવ **હૈદરાબાદનો નાશ** છે. આ બનાવ અનેક કારણો સાથે સ-બધ ધરાવે છે

૧ હૈદરાબાદનો રાજ્યકર્ત્તા શીઆ ધર્મનો હતો, તેથી એની બરબાદી કરવાથી આલમગીરનુ ધર્માધપણું સાબિત થાયછે.

૨ હૈદરાબાદના નાશથી મરેઠાઓ બળવાન થયા તેથી પોલિટિકલ અપરાધ પણ છે

તેથી અમે સૌથી પહેલા આ બનાવ તરફ વાચકવર્ગનુ લક્ષ ખેચીએ છીએ.

દક્ષિણમા પાચ રાજ્યો હતા. (૧) ગોવળકોડા, (૨) વાજાપુર, (૩) ખાનદેશ, (૪) વરાડ અને (૫) અહમદનગર આ રાજ્યો અદર અદર એક બીજા સાથે લડી મરતા હતા. જેથી એવો સમય આવ્યો, કે આદિલશાહે હુસેન-નિજામશાહના જુલમથી કટાળીને રામરાજને એવી શરતે મદદે બોલાવ્યો, કે હિદુઓ મુસલમાનના જાનમાલને હરકત કરે નહિ. છતા હિદુઓએ અહમદનગરમા પેશીને જે જુલમ કર્યો તે તારીખે ફરિશતામા નીચે પ્રમાણે વર્ણવ્યો છે –

“ મસ્જિદોમા મૂર્તિપૂજા થતી હતી, ને ગીતો ગાતા તથા

* કવિનુ કહેવુ એવુ છે, કે મજનૂન ને હુ સરખા છીએ છતા તે પ્રખ્યાત છે, ને મને કોઈ જાણતુ પણ નથી તેવીજ રીતે અવરગઝેબને શાહજહાં સરખા છતાં પહેલો જગજાહેર છે, ને બીજો ગુપ્ત છે. એ નસીબ નહિ તો બીજું શું ?

વાજાં વગાડતા હતા. પણ બાદશાહમાં તેનો અટકાવ કરવાની શક્તિ ન હોવાથી તે જાણી જોઇને સુસ્તી સાથે આંખઆડા કાન કરતો હતો.”

આવી માંહોમાહેની લડાઇના પ્રતાપે મુગલોને પગપેસારો કરવાનો લાગ ફાવ્યો, અને સૌથી પહેલા અકબરે કેટલાક રાજ્યોનો કબજો કર્યો.

જહાગીર અને શાહજહાની ઇચ્છા એ રાજ્યો સાથે મિત્રાચારી રાખવાની હતી, પરતુ એ લોકો એવા ચતુર અને ચંચળ હતા, કે લાચારીના વખતે તાબે થઈ જતા, અને જોગ આવતા પાછા દુશ્મન થઈ જતા હતા. તેથી નિરૂપાયે એ રાજ્યો મુગલાઈ રાજ્યમા ભેળી દીધા. જ્યારે આલમગીર ગાદી ઉપર બેઠો ત્યારે હૈદરાબાદ ને વીજાપુર એ બે રાજ્યો બાકી હતાં

એ સમયમાજ શિવાજીના પિતા શાહજીએ માથુ ઉચુ કર્યું. શાહજી ને શિવાજીનુ વિગતવાર વર્ણન આગળ આવશે. હાલમા સબધ સાચવવા માટે એટલુ જાણવું જરૂરનુ છે કે વીજાપુરના હાકેમ આદિલશાહે પુના ને સૂપા પ્રાતો શાહજીને જાગીરમાં આપ્યા હતા. શિવાજીએ એ પ્રાતોમા ઘણાક કિલ્લા બધાવ્યા, અને આદિલશાહ માદો થઇને મરણ પામ્યો, તે મંદવાડના સમયમાં પોતાના રાજ્યની હદ વધારીને કિલ્લાઓ તૈયાર કર્યા. આદિલશાહનો કોઈ વારસ નહોતો. તેથી દરબારીઓએ સિકદર નામના એક અજાણ્યા માણસને તેનો વારસ ઠરાવી ગાદીએ બેસાડયો. તે જ્યારે જુવાન થયો ત્યારે તેણે અફજલખાનને શિવાજીના મુકાબલા માટે મોકલ્યો. તેને શિવાજીએ દગાથી કતલ કર્યો. આ સિકદર ને આલમગીર સમકાલીન હતા.

શિવાજી કેટલાક સમય પછી મરણ પામ્યો ને, તેનો દી-

કરો સંભાજી તેની ગાદીએ બેઠો. સિકંદર પોતાની નિર્બળતાથી કે મુગલાઈ વંશ સાથેની જુની દુશ્મનાઇથી સંભાજી સાથે સલાહ કરીને આલમગીરની વિરૂદ્ધ તેને મદદ આપવા લાગ્યો. આલમગીરે તેને વારંવાર સમજાવ્યો તથા લાલચ ધમકી વગેરેની યુક્તિઓ કરી, પણ સિકદરને કાંઈ અસર થઈ નહિ. (ખાફીખાન*). છેવટે નિરૂપાયે આલમગીરે વીજાપુર જિતી લઇને ખાલસા કર્યું. પરંતુ સિકદરની સાથે ઘણાજ માનથી વર્ત્તવા લાગ્યો. તેને "સિકદરખાન" નો ખિતાબ આપ્યો, તથા મોતીઓ જડેલી મુઠવાળી તલવાર, ફુલકટારા, મોતીની માળા, (કે જેમાં લીલમ લટકતું હતું.) ઉત્તમ કલગી ને ભભકાદાર રાજ્યદંડ ભેટ આપ્યા તેમજ ખાસ બાદશાહી તબૂ પાસે એનો તબૂ લગાવવાનો હુકમ આપ્યો, તથા બધી જરૂરી વસ્તુઓ બાદશાહી ખજાનાથી પુરી પાડવી એવો હુકમ કર્યો. આ બધી હકીકત મુસ્તઅદખાન સાકીએ આલમગીર નામામાં વર્ણવી છે.

આલમગીરના વખતમાં હૈદરાબાદનો હાકેમ અબુલહસનશાહ હતો, કે જે તાનાશાહના નામથી પ્રખ્યાત છે. એની પહેલાં કુતબશાહ રાજ્ય કરતો હતો. તે અપુત્ર મરણ પામ્યો, તેમજ પાસેનુ કોઈ સગું પણ નહોતુ, તેથી દૂરની સગાઇના અબુલહસનને ગાદી આપી. અબુલહસન નાનપણથીજ ફકીરોની સાથે ભટકતો હતો, તેથી ગાદીએ બેઠો તો પણ એ રીત ચાલુ રાખી. મઆસરૂલઉમરાનો કર્ત્તા એનો ખાસ તરફદાર છે (કેમકે જ્યારે હૈદરાબાદ ફતેહ થયાનુ વર્ણન તે

---

* ખુરાસાનના "ખવાફ" પ્રગણાનો વતની હતો. એનુ મૂળ નામ "ખવાફીખાન" હતુ, તે પરથી "ખાફીખાન" થયું એણે અવરગઝેબના મરણ પછી પોતાનું પુસ્તક લખ્યું છે

લખે છે, ત્યારે જાણે તેનુ અંતઃકરણ ભેદાઈ જતું હોય એમ જણાય છે), છતાં આ બનાવ વિષે તે પણ નીચે પ્રમાણે લખે છેઃ—

પંદર વરસ રાજ્ય કર્યા છતાં અતિશય એશઆરામને લીધે હૈદરાબાદથી છેટે એક ગાઉ ઉપર આવેલા ગોવળકોંડા સિવાય બીજે કોઈ સ્થળે તે ( અબુલહસન ) ગયો નથી. રોજની સવારી પણ એને ભારે થઈ પડતી હતી.

અબુલહસનના એશઆરામથી બધુ રાજ્ય બગડી ગયુ. ચારે તરફ છચોક નઠારા કામો ને મદિરાપાન થવા લાગ્યાં. ખાફીખાન લખે છે કે "અબુલહસને પોતાનો મુલક માદંના ને અકના નામના હિંદુઓના હાથમાં આપી દીધો હતો. જેઓ સખ્ત ધર્માંધ હતા, ને તેથી મુસલમાનો પર અતિશય જુલમ થતો હતો. ઉપર લખેલા નઠારા કામો શરાબબાજી, નાચરંગ વગેરેની ખબર આલમગીરને પડી" ને અબુલહસનને રાજ્ય અપાવનાર સૈયદ મુજફ્ફર નામે એક પ્રતિષ્ઠિત અમીર હતો, તેને તેણે બરતરફ કરી માદના નામે એક બ્રાહ્મણને પોતાનો પ્રધાન બનાવી રાજ્યની બધી સત્તા તેને સોંપી દીધી. એ પ્રધાનની સત્તા એટલી બધી વધી પડી હતી, કે ઇબ્રાહીમ ખલીલુલ્લાખાન નામે અબુલહસનના મહાન પ્રતિષ્ઠિત સેનાપતિએ પોતાની વીંટીના નગીના ઉપર આ પ્રમાણે કોતરાવ્યુ હતું. "બાદશાહ અને પ્રકાશિત અંતઃકરણવાળા પંડિત પ્રધાનની મેહેરબાનીથી ઇબ્રાહીમ ખલીલુલ્લાખાન સેનાપતિ છે." ( કાફીનો તર્જુમો )

એ બને ભાઇઓ માટે મઆસરૂલ ઉમરાનો કર્ત્તા પણ બહુજ સખ્ત ટીકા કરે છે

શિવાજી, આલમગીરના દરબારમાંથી નાશીને દક્ષિણમા

એજ વખતે આવ્યો હતો. તેણે દક્ષિણમાં આવીને અબુલહસનને કહ્યું, કે આપણે બંને મળીને બાદશાહી મુલક ઉપર હલ્લો કરીએ. તેથી અબુલહસને ફોજ ને રૂપીઆ વડે મદદ આપી. આલમગીરના ૨૧ મા વર્ષમાં મુગલાઈ રાજ્યમાં શિવાજીએ પેશીને જાલના ઉજડ કર્યું. (મઆસરૂલ ઉમરા પુસ્તક ૧ લું પૃષ્ઠ ૩૪૫ થી ૩૪૯.)

શિવાજીના મરણ પછી જ્યારે સંભાજી ગાદીએ બેઠો, ત્યારે પણ અબુલસહને તેને દરેક પ્રકારે મદદ આપી, ને એક લાખ હુન (સોનાના સિક્કા) રોકડા મોકલ્યા. (ખાફીખાન.)

એટલુજ નહિ, પણ જે વખતે આલમગીર વીજાપુરના ઘેરામાં રોકાયલો હતો, તે વખતે અબુલસહને પોતાના એક સરદારને લખ્યુ, કે "એક તરફથી સંભાજી અતિશય ફોજ લઈને જાય છે, અને બીજી તરફથી હુ ચાળીસ હજાર ફોજ મોકલુ છુ. જોઉ તો ખરો હજરત (આલમગીર) કોના કોનો મુકાબલો કરે છે"!!! આ હકીકત અબુલહસનના અસલ કાગળની નકલ સાથે બધા ઇતિહાસકારોએ લખી છે. (મઆસરૂલ ઉમરા પુસ્તક ત્રીજુ. પૃષ્ઠ ૬૨૭ થી ૬૨૯)

આલમગીરે જ્યારે આ કાગળ વાચ્યો, ત્યારે બોલ્યો, કે "અમે આજ સુધી આ વાદરા નચાવનારને જતો કર્યો હતો, પણ હવે જ્યારે કૂકડી પોતે કુડકવા લાગી તો બાકી શુ રહ્યું!!!"

આટલુ છતાં પણ જ્યારે તેનો શાહજાદો મોઆજીમ હૈદરાબાદની ચડાઈ ઉપર ગયો, ત્યારે તેણે અબુલહસનને લખ્યુ, કે નીચેની શરતો મંજૂર હોય તો તમારો અપરાધ માફ કરવા માટે સિફારશ કરવામાં આવશે.

૧ માંદનાને પ્રધાનપદથી દૂર કરી કેદ કરવો.

૨ સીરમ, રાયગઢ વગેરે જે ભાગો અમારા રાજ્યમાં દાખલ હતા, ને તમે બથાવી પડયા છો તે પાછા આપવા.

૩ જે ખંડણી બાકી છે તે આપવી.

પરંતુ દરબારીઓની ઉશકેરણીથી અબુલહસને એ શરતો મજૂર કરી નહિ ( ખાફીખાન ).

આ બનાવ પછી ફરી એક વખતે શાહજાદા મોઆજીમે સીરમ વગેરે પ્રાતો પાછા આપવાની શરતે સલાહ કરવા માટે કહેણુ મોકલ્યુ. પરંતુ એવો જવાબ આવ્યો, કે "સીરમ અમારા ભાલાની અણી સાથે બંધાયલો છે." ( ખાફીખાન પુસ્તક બીજું પૃષ્ઠ ૩૦૨. )

ઈન્સાફ કરો, સ્થિતિ આવી છે—બાદશાહને બદોબસ્તની કાબિલિયત નથી, એશઆરામ ને દુરાચરણો દરબારથી આગળ વધીને ચારે તરફ ફેલાતા જાય છે, મુખ્ય પ્રધાન ને દરબારીઓ હિંદુઓ છે, કે જેઓ મુસલમાનોને પાયમાલ કરી રહ્યા છે, મરેઠાઓને ફોજ તથા નાણાથી મદદ આપવામા આવે છે, કે જેથી મુગલાઈ ગાદી ઉધી વાળવામા આવે, મુગલાઈ રાજ્યમા લૂટફાટ ચાલુ છે. આવી સ્થિતિ હોય તો અકબર તો શુ પણ નવશેરવાન* અથવા *ઉમરબિન અબદુલ અજીજ પણ જો તે વખતે હયાત હોત તો શું કરત? એજ કરત કે જે આખા જગતની બત્રીશીએ ચડેલા આલમગીરે કર્યું. હુમલાની વખતે જ્યારે અબુલહસને એજ જુના રિવાજ પ્રમાણે માફીની માગણી કરી, તો આલમગીરે નીચે પ્રમાણે હુકમ લખ્યો:—

* ન્યાયી બાદશાહો થઇ ગયા છે

"જો કે નઠારાનાં નઠારા કામો લખી ન શકાય તેટલાં છે, છતાં સેંકડે એક ને અતિશયમા જુજ નીચે પ્રમાણે છે.

પ્રથમ રાજ્યની બધી સત્તા જુલમા હિંદુઓના હાથમાં આપી, ને મશાયખો તથા આલિમોની અવગણના કરી, જાહેર રીતે નઠારા કૃત્યો થવા દીધા, અને પોતે દારૂ વગેરે નઠારા છંદમા રાત દિવસ ડુબેલો રહ્યો. બલ્કે ઇસ્લામ ને કુફ્ર, ન્યાય ને અન્યાય, તથા ભક્તિ ને ગુનાહ સમજી શક્યો નહિ, તથા કાફ્રરોને લડવામા મદદ આપી, એ બધુ કુરાનેશરીફથી વિરૂદ્ધ છે. ઘણી વખત અત્રેથી શિખામણ આપવામા આવી, પણ ગણકાર્યું નહિ, ને એક લાખ હુન સભાજીને મદદમા આપ્યા. એવા પોતાના નઠારા કૃત્યો ઉપર નજર ન કરી ને હવે બને લોકમા છુટકારો માગે છે, એ જુઠા દેખાવ ઉપર અને એવા અશક્ય વિચારો ઉપર આશ્ચર્ય થાય છે."

એ શબ્દોને ધ્યાનપૂર્વક વાંચો, અને વારવાર વાંચો, તથા ઇન્સાફ કરો, કે શુ એમાનો એક શબ્દ પણ ખરેખરા બનાવ અને સત્યતાથી દૂર છે?

વળી આ નવાઇ જેવી વાત તો જુઓ, કે મઆસરૂલ ઉમરાનો કર્ત્તા **નેઅમતખાનઆલી**, અને ખાફીખાનની નજરમા આટલુ છતા પણ હૈદરાબાદની સામે આખ ઉઘાડીને જોવામા પણ ગુનાહ સમાયલો છે!! તેમના વિચારમા તો એમ છે, કે "આલમગીરનો અતરાત્મા હૈદરાબાદના હુમલાના નામથી કંપી ઉઠે છે, કેમક તેઓ કહે છે, કે તે હૈદરાબાદનો ઇરાદો કરે છે, પરતુ શેખુલઇસ્લામથી *ફતવો

* મુસલમાની શરે પ્રમાણે એવા બાદશાહ ઉપર ચઢાઇ કરવી, તે શાસ્ત્રાનુસાર છે, કે કેમ? તે વિષે ખુલાસો પુછવો.

૪૪૫૦.



પૂછે છે, †શેખુલઇસ્લામ કોઈ પ્રકારે પણ રજા આપતા નથી, ને પોતાના ઓહદ્દાનુ રાજીનામુ આપે છે. (જુઓ મઆસરૂલ ઉમરામાં + કાજી અબદુલ વહહાબનુ વર્ણન) તે મીરજામુહંમદને વકીલ બનાવીને અબુલહસન પાસે મોકલે છે, ને ખૂણામા લઈ જઇને તેના કાનમા કહે છે, કે અબુલહસન સાથે એવી કઠોરતાથી વાતચીત કરજે, કે તે પણ લાચાર થઇને તારી સાથે કઠોરતા વાપરે, ને તેથી હૈદરાબાદ પર હલ્લો લઇ જવાનુ મને બહાનુ મળે. તે અબુલહસન પાસેથી એક કીમતી હીરો એટલા માટે માગે છે, કે જો તે ન આપે તો લડાઇનું બહાનુ જડે ?"

આ ઇતિહાસકારોની અકલનો વિચાર તો કરો, કે મરેઠાઓ સાથેની મસલહત, બાદશાહી મુલક ઉપર કબજો, હિંદુઓનું રાજ્યબળ, મુલકમા ગેરબંદોબસ્ત, દુરાચરણોનો સામાન્ય પ્રચાર ને મુસલમાનોનુ અપમાન એ બધા કારણો હૈદરાબાદ ઉપર હુમલો કરવાને પુરતા નથી, અને વકીલને કઠોરતાથી સભાપણ કરવાનુ કહેવુ તથા હીરો ન આપે, એવુ ઇચ્છવુ, એ એવા ગુનાહ છે, કે તે વડે આલમગીર નીડર થઇને હૈદરાબાદપર હલ્લો કરી શકે, ને પછી તેને કોઇ પણ પ્રકારનો અપરાધી ગણી શકાય નહિ!!'

અબદુલકાદિર બદાયૂનીએ નુકતેચીની કરીને અકબરના ખરેખરા બનાવો લખ્યા હતા, તેને માટે જહાગીરે ગાદીએ બેસીને હુકમ કર્યો, કે 'એ પુસ્તકનો પ્રચાર તદ્દન બંધ કરવો.' નેઅમતખાનઆલીએ વકાએ નેઅમતખાનમા શુરૂથી સમાપ્ત થતા સુધી આલમગીરની નિંદા કરી છે, છતાં આ-

† ઇસ્લામનો મોટામાં મોટો ધર્મગુરૂ

+ એ વખતે એ શેખુલ ઇસ્લામ હતા

લમગીરની પાછળ ગાદીએ બેસનાર બહાદુરશાહે શીઆ ધર્મના સંબંધથી નેઅમતખાનને "દાનિશ્મંદખાનનો ખિતાબ આપી વકાઅએ નેઅમતખાન નિશાળોમાં ચલાવવાનો હુકમ કર્યો. આલગીરને જ્યારે બહાદુરશાહ જેવો ગાદીવારસ અને નેઅમતખાનઆલી, ખાફીખાન ને શાહ નવાઝખાન જેવા ઇતિહાસકારો હાથ લાગે તો બિચારાને નેકનામીની શી આશા રહે !

છતા આ પક્ષપાતી ઇતિહાસકારો પણ સત્યને છુપાવી શક્યા નથી. કેમકે ખુદ તેમનાજ લખાણે જાહેર કર્યુ છે, કે હૈદરાબાદનુ ખાલસા કરવુ તે કોઇ ઇસ્લામી રાજ્યનુ ખાલસા થવુ નહોતુ, પણ મરેઠી રાજ્યનુ ખાલસા થવુ હતું.

અમે અમારા કેટલાક શીઆ મિત્રોને એવુ કહેતાં સાંભળ્યા છે, કે આલમગીરે પોતાનુ રાજ્ય પોતાને હાથે પાયમાલ કર્યુ. કેમકે દક્ષિણના રાજ્યો મરેઠાઓને કાબૂમા રાખી રહ્યા હતા. તેમનો કાબૂ ઉઠી ગયો એટલે મરેઠાઓ જોરપર આવ્યા. પરતુ અમારા મિત્રોને એની ખબર નથી, કે દક્ષિણના મુસલમાની રાજ્યો મરેઠાના ખંડીઆ જેવા થઇ ગયાં હતાં (મુસતઅદખાન સાકીકૃત આલમગીરનામુજાુઓ) તેથી જો આલમગીર હૈદરાબાદ તથા વીજાપુરને ફતેહ ન કરી લેત, તો આજે વડોદ્રા ને ગ્વાલીયરની પેઠે, હૈદરાબાદ ને વીજાપુર ઉપર પણ મરેઠાઓનો વાવટો ઉડતો હોત.

---

# પ્રકરણ ૨ જું.

## અવરંગઝેબ—આલમગીર,

## અને

## મરેઠા.

**આલમગીરના** અપરાધનામામા આ બાબતનો બીજો નમ્બર છે, અને આ ગુનોહ પોતે બીજા ઘણા અપરાધોનો સમૂહ છે. જે નીચે પ્રમાણે·—

૧ મરેઠાઓનો ફસાદ આલમગીરની જાતથી થયો

૨ શિવાજી જ્યારે આલમગીરના દરબારમા હાજર થયો હતો, ત્યારે જો આલમગીર તેની સાથે સભ્યતાથી વર્ત્યો હોત, તો શિવાજીએ જે માથું ઉચક્યુ તે ન ઉચકતા આલમગીરનો ગુલામ થઇ જાત.

૩ શિવાજીને આલમગીરે અભયવચન આપીને બોલાવ્યો હતો, પરતુ વિશ્વાસઘાત કરીને તેને નજરકેદ કર્યો.

૪ શિવાજીના વશજોની સાથે અવરગઝેબે સારી વર્તણુક ન ચલાવી.

૫ આલમગીર મરેઠાઓને જેર કરી શક્યો નહિ, તેથી મરેઠાઓએ મુગલાઇ રાજ્યને ઉધુ વાળ્યુ, માટે મુગલાઈની પડતીનુ મૂળ કારણ અવરગઝેબજ છે.

આ વાતોનો ફેસલો કર્યા પહેલાં અમે શિવાજીનો શુરૂથી ઇતિહાસ આપીએ છીએ, જે ઉપર લખેલી પાચે તકરારી બાબતોમાં આગળ ઉપર મદદકર્ત્તા થઈ પડશે.

**શિવાજીનું ખાનદાન**—શિવાજીનુ * કુટુંબ ઉદેપુરના મહારાણા સાથે ખરેખરી રીતે સબંધ ધરાવે છે. એ વંશનો સુરસેન નામે માણસ કેટલાંક કારણોથી ચિતોડ છોડીને દક્ષિણના પરનીદા જિલ્લાના કરકનબ તાલુકામાં આવતો રહ્યો હતો. એના વંશમાંથી માલોજી પોતાના વતનના લોકોથી નાખુશ થઈ દોલતાબાદની પાસે આવેલા ઇલોરામા આવીને વસ્યો હતો.

એ વખતે દોલતાબાદનો સબંધ નિઝામશાહી ખાનદાન સાથે હતો, અને લખીજાદવ નામે એક માણસ ત્યાંનો **દેશમુખ** હતો. માલોજીએ લખીજાદવના દરબારમા નોકરી કબૂલ કરી. શાહશરીફ સાહેબ કે જેમની કબર અહમદનગરમા છે, તેમના ઉપર માલોજીની ઘણી આસ્થા હતી, તેથી તેણે પોતાના બે દીકરાઓના નામ શાહ સાહેબ મજ્કૂરના સબધથી શાહજીને શરફજી રાખ્યા હતા. એજ શાહજી આગળ જતા શાહુજી અથવા શાહજીના નામથી પ્રખ્યાત થયો, અને એજ શાહજીનો દીકરો શિવાજી હતો. લખીજાદવને એક છોડી સિવાય કઈ સતાન નહોતું. શાહજી દેખાવડો અને ખૂબસૂરત હતો. તેથી લખીજાદવે તેને

* શિવાજીના કુટુબનુ વર્ણન ખાફીખાને પોતાના ઇતિહાસમા (પુસ્તક બીજું પૃષ્ઠ ૧૧૧ કલકત્તા) અને ગુલામઅલી આઝાદે ખઝાનએ આમિરા પૃષ્ઠ ૩૯ મા ખુલાસેથી લખ્યુ છે પરંતુ સૌથી વિશેષ ખુલાસાવાર અને ખરી હકીકત મઆસરૂલ ઉમરામા છે. કેમકે શિવાજીનો પૌત્ર શાહુ આલમગીરના દરબારમા હફતહજારી પદવીપર હતો તેથી એમા જે વર્ણન લખ્યુ છે તેજ ખરૂ હોય જોઇએ એમા તેના વંશનો શુરૂઆતનો ઇતિહાસ તફસીલવાર લખ્યો છે માટે અમે પણ ઘણી હકીકત એમાથીજ લીધી છે

ખોળે લીધો, અને પોતાનો જમાઈ બનાવવા વિચાર કર્યો. પરતુ તેમ કરતાં તેના કુટુંબીઓએ અટકાવ્યો. છેવટે માલોજીએ અનગપાળ ( એક પ્રતિષ્ઠિત જમીનદાર ) ના દરબારમાં આબરૂ મેળવી, અને અનંગપાળે દબાણ કરીને લખીજાદવની દીકરીનાં શાહજી સાથે લગ્ન કરાવી દીધાં.

**શાહજી**—શાહજીએ સૌથી પહેલાં નિજામશાહી દરબારમા આબરૂ મેળવી. ૧૦૩૦ હિજરીમા જ્યારે નિજામશાહી ફોજે નર્મદા ઉતરીને માળવા ઉજડ કર્યું, અને જહાંગીરે એનો નાશ કરવા માટે લશ્કર મોકલ્યુ, ત્યારે નિજામશાહી ફોજના સરદારોમાં શાહજી ને તેનો સસરો જાદવ પણ હતા ( ખાફીખાન પુસ્તક પહેલુ પૃષ્ઠ ૩૧૮, મઆસરૂલ ઉમરા પુસ્તક પહેલુ પૃષ્ઠ ૫૨૦. ).

જહાગીરે જ્યારે એનો બદલો લેવા માટે શાહજહાનને દક્ષિણમા મોકલ્યો, ત્યારે જાદવરાય શાહજહાનની સેવામાં હાજર થયો, અને તેના બદલામા તેને પજહજારીની પદવી આપી, તથા બધા કુટુંબીઓને પણ તેમની લાયકાત પ્રમાણે દરજા આપ્યા. પરતુ તે પાછળથી બળવો કરીને ૧૦૪૦ હિજરીમા નિજામશાહની પાસે જતો રહ્યો. નિજામશાહે એને કતલ કરાવી નાખ્યો. તેથી શાહજી નિજામશાહથી ગુસ્સે થઇને શાહજહાના દરબારમા આવતો રહ્યો. અહીં તેને પજહજારીની પદવી, ખિલઅત, રત્નજડીત હથિઆર, નિશાન, નોબત, ઘોડા, હાથી અને બે લાખ રૂપિયા રોકડા આપવામા આવ્યા.

શાહજીના સાળાઓ બહાદુર અને જગદેવને પણ પજ-

હજારી ને ચારહજારીની જગા મળી (ખાફીખાન પૃષ્ઠ ૪૩૫; મઆસરૂલ ઉમરા પુસ્તક પહેલુ પૃષ્ઠ ૫૨૦ થી ૫૨૨). વળી શાહજહાંએ નિજામશાહનાં કેટલાક પ્રગણા કે જે અબરની જાગીરમા હતા, તે પણ શાહજીને આપી દીધા. પરંતુ જ્યારે ૧૦૪૧ હિજરીમા અબરનો દીકરો ફતેહખાન નિજામશાહથી ફરી જઇને શાહજહાના દરબારામા આવતો રહ્યો, ત્યારે શાહજહાએ અબરના પ્રગણા શાહજી પાસેથી લઇને ફતેહખાનને પાછા આપ્યા. તેથી શાહજી નારાજ થઇને વીજાપુરના હાકેમ આદિલશાહને જઈ મળ્યો, અને એક મહાન લશ્કર લઈ દોલતાબાદ તરફ ચાલ્યો (ખાફીખાન પૃષ્ઠ ૪૭૬).

શાહજીને નસીહત કરવા માટે શાહજહાએ લશ્કરો મોકલ્યા, અને એજ વર્ષમાં એના બાલબચ્ચા કેદ પકડાયા. ૧૦૪૨ હિજરીમા શાહજીએ જફરનગર ઉપર હુમલો કર્યો,ને ૧૦૪૪ હિજરીમા બીજા બાદશાહી પ્રગણામા લટફાટ શુરૂ કરી. તેથી તેને સજા કરવા માટે અવરંગઝેબ (આલમગીર) ને હુકમ કરવામા આવ્યો

એવામા શાહજહાએ નિજામશાહને પકડીને કેદ કરી લીધો. તેને કાંઈ સતાન નહોતુ, તેથી શાહજીએ કોઈ અજાણ્યા છોકરાને નિજામશાહનો વારસ ઠરાવી ગાદીએ બેસાડી દીધો, અને પોતે મુગલાઈ રાજ્યના કેટલાક જિલ્લા પચાવી પડ્યો (ખાફીખાન પૃષ્ઠ ૫૨૦) આ કામમા વીજાપુરનો સુલતાન આદિલશાહ પણ શાહજીનો મદદગાર હતો, અને તેની મદદ માટ રંદોલાને ફોજ આપીને આદિલે મોકલ્યો હતો (સયરૂલમુતાખ્ખરીન હાલાતે સને ૯ જુલુસે શાહેજહાની.).

એમનો જુલમ એટલો બધો વધી પડ્યો, કે શાહજહાંએ તેમને જેર કરવા ઘણી જબરી તૈયારીઓ કરવા માંડી. ૧૦૪૫ હિજરી ( શાહજહાનું ૯ મું વર્ષ ) મા ૪૮ હજાર માણસ મોટા મોટા સરદારોના તાબામા આપીને દક્ષિણમા રવાના કર્યા. એમાની ૨૦ હજાર ફોજ ઝમાનખાનના તાબામાં આપીને હુકમ કર્યો, કે શાહજીના મુકામનુ સ્થળ ચમારકુડાનો નાશ કરીને કોકણના જિલ્લાઓ તરફ જવું. એ ફોજોએ શાહજીના ૨૫ કિલ્લાઓ ફતેહ કરીને તેને વીજાપુર સુધી નસાડી મૂક્યો, અને ૧૦૪૬ હિજરીમા તેને નિઝામશાહી સરહદની બહાર કાઢી મૂકવામાં આવ્યો ( ખાફીખાન હાલાતે શાહેજહાન પૃષ્ઠ ૫૨૦, ૫૨૧ ને ૫૩૯. ).

હવે શાહજીએ આદિલશાહના દરબારમા નોકરી સ્વીકારી. તેણે તેને પુના ને સુપા જાગીરમા આપ્યા આ વખતે શિવાજી જુવાન થઈ ગયો હતો, અને પોતાનુ બાહુબળ દેખાડતો હતો. તેથી એ જિલ્લાઓનો બંદોબસ્ત તેણે પોતાના હાથમા લીધો, અને ઠામ ઠામ કિલ્લાઓ બાંધવા લાગ્યો. રફતે રફતે મઆસરૂલઉમરાના કહેવા પ્રમાણે ૧૫ હજાર માણસની ફોજ તૈયાર કરી, પોતાના તાબાનો મુલક વધારવા લાગ્યો. એ અરસામા આદિલશાહ માંદો પડ્યો, અને દરબારમા અવ્યવસ્થા થઈ ગઈ તેથી શિવાજીએ આસપાસના મુલકમાં જુલમ કરવા માંડ્યો, ને દૂર દૂરના પ્રાંતો પોતાને સ્વાધીન કરવા લાગ્યો, તથા કોકણનો જે ભાગ વીજાપુરના તાબામા હતો, તેનો ઘોડાજ વખતમાં ધણી થઇ બેઠો ( ખાફીખાન પુસ્તક બીજું. પૃષ્ઠ ૧૧૩ થી ૧૧૬. ). શિવાજીએ શક્તિમાન થતાંજ એવો દસ્તૂર રાખ્યો હતો, કે જે શહેર કે કસ્બા આબાદ અને ફળદ્રૂપ નજરે પડે તેના ઉપર છાપો મારી તેને લુટી લેવા, જ્યારે ત્યાંનો હાકેમ

આદિલશાહને એ વાતની ખબર આપે, તેજ વખતે શિવાજીની અરજી પણ આદિલશાહના દરબારમાં આવી પહોંચે, અને તેમાં અરજ કરીજ હોય કે આ જિલ્લાની આવકમા ઘણો વધારો થઈ શકે તેમ છે, માટે વધારાની શરતે મને જાગીરમાં આપવો જોઇએ. આદિલશાહના મંદવાડના કારણથી દરબારમાં અંધાધુંધી ચાલુ હતી, તેથી જુના જાગીરદારનું કોઈ કાંઈ સાંભળતું નહિ, (ખાફીખાન પુસ્તક બીજુ. પૃષ્ઠ ૧૧૫–૧૧૫) અને લાચીઆ અમલદારો લાંચ લઇને શિવાજીને જાગીરની સનદ લખીને મોકલી આપતા એવા સમયમાજ એટલે ૧૦૬૬ હિજરી (શાહજહાનુ વર્ષ ૩૦) મા આદિલશાહ મરણ પામ્યો, અને એ અપુત્ર હોવાથી દરબારીઓએ એક અજાણ્યા માણસને ગાદીએ બેસાડ્યો કે જે અલીઆદિલશાહના નામથી પ્રખ્યાત છે. આ વાતની શાહજહાને ખબર થઇ, એટલે તેણે આલમગીરને લખ્યુ કે "વીજાપુર કબજે કરી લેવું" (ખાફીખાન પુસ્તક બીજુ પૃષ્ઠ ૭૫.). એથી આલમગીરે વીજાપુરને ઘેરો ઘાલ્યો તેથી આદિલશાહે લાચારીથી એક કરોડ રૂપિયા નજરાણુ આપવાનુ કબૂલ કર્યુ.

એવામા શાહજહા માંદો પડ્યો, અને દારાશિકોહે પાટવી કુવરના હકથી રાજ્યની લગામ પોતાના હાથમા લીધી. તેનો વિચાર સૌથી પહેલા આલમગીરને નરમ પાડવાનો હતો. તેથી તેની સાથે જે જે અમીરો અને સેનાપતિઓ હતા, તેમને લખ્યુ, કે "પાયતખ્તમાં આવી હાજર થાઓ." એથી આલમગીર ઘેરો ઉઠાવીને અવરંગાબાદ આવતો રહ્યો (ખાફીખાન પુસ્તક બીજુ પૃષ્ઠ ૭૫૭.).

હવેસ્થિતિ એવી છે, કે શાહજહા માંદો અને સત્તા-

હીન છે, દારાએ ભાઇઓને જેર કરવા માટે કોશિશો કરી છે. મુરાદે ગુજરાતમા પોતાના નામના સિક્કા ને ખુત્બા શુરૂકર્યા છે, શુજા રાજ્યલોભથી બંગાળેથી નીકળી પાયતખ્ત તરફ આવે છે, અને આલમગીર દક્ષિણથી રવાના થઇ ચૂક્યો છે. હવે શિવાજીને સ્વચ્છંદી રીતે વર્ત્તવાને આથી ઉત્તમ તક કઈ મળવાની હતી? તેણે ચારે તરફ કહેર વર્તાવવા માડયો. ચાળીસ કિલ્લાઓ તયાર કરાવ્યા, એટોના રક્ષણ માટે નૌકા-સૈન્ય તૈયાર કરી, (ખાફીખાન પુસ્તક બીજુ પૃષ્ઠ ૧૧૫.) મરેઠાઓની એક ફોજ ઊભી કરી, અને ધીમે ધીમે બીજાપુરનો ઘણોક મુલક કબજે કરી લીધો. એક કવિના કહેવા પ્રમાણે "ફૂલ વીણનારનો હાથ ફૂલોની કતલ કરવામાં રોકાયલો છે, તે વખતે બગીચાનો રખવાળ બગીચા વચ્ચે ભરનિદ્રામા પડેલો છે" એના જેવો સમય આવી લાગ્યો.*

જ્યારે અલીઆદિલશાહ સમજણો થયો, ત્યારે તેણે પોતાના સેનાપતિ અફઝલખાનને શિવાજીને તાબે કરવા મોકલ્યો અફઝલખાને શિવાજીને કેદ કરી લીધો, ત્યારે શિવાજીએ લાચાર થવાથી દગાફટકા વડે કામ લેવાનુ નક્કી કર્યું, ને પ્રતિષ્ઠિત પુરૂષોની મારફતે ગુનોહ માફ કરાવવાની યુક્તિઓ રચવા માડી (ખાફીખાન).

મઆસરે આલમગીરીમા લખ્યુ છે, કે જ્યારે આદિલશાહે શિવાજી ઉપર લશ્કર મોકલવાનો વિચાર કર્યો, ત્યારે શિવાજીએ તે પહેલા પોતાનો અપરાધ માફ કરાવવાની દરખાસ્ત મોકલી હતી, અને લખ્યુ હતું, કે આપ અફઝલખાનને મોકલો, તો હુ તેમની સાથે આવી આપની રૂબરૂમા

---

* અર્થાત શિવાજી મગલોની વિરૂદ્ધ કોશિશો કરવામા રોકાયો છે, અને શાહજહાન માદો પડવાથી અવ્યવસ્થા થઈ રહી છે.

અરજી આપુ. તેથી અફઝલખાન બે હજાર સવારો સાથે નીકળ્યો. બને વચ્ચે એવી શરત કરવામાં આવી, કે મુલાકાતની વખતે કોઇએ પોતાની પાસે હથિઆર રાખવાં નહિ. તેથી અફઝલખાન હથિઆર વગર ગયો હતો. પરતુ શિવાજી વાઘનખ સતાડીને સાથે લઇ ગયો, તે વડે એક બીજાને ભેટતી વખતે અફઝલખાનને મારી નાખ્યો.

**આલમગીરનું લશ્કર મોકલવું**—શિવાજીએ આટલાથીજ ન ધરાતાં મુગલાઈ રાજ્યની અદર પણ પોતાનો પગપેસારો કરવા માડ્યો જો કે આલમગીર આ વખતે ગાદીના વારસોના ઝગડાઓથી નવરો થયો નહોતો, છતા જમાદિઉલઊલા ૧૦૭૦ હિજરી (આલમગીરી વર્ષ ત્રીજુ) મા અમીરૂલઉમરા શાઇસ્તાખાનને એ ગડબડ મટાડવા માટે દક્ષિણ મોકલ્યો. શાઇસ્તાખાન ૧૦૭૦ હિજરીના રજબ મહીનામા શિવગામમા દાખલ થયો. શિવાજી તે વખતે સુપામા હતો, તે આ ખબર સાભળી ત્યાથી નીકળી નાઠો. શાઇસ્તાખાને સુપાનો કબજો કર્યો, અને ધીમે ધીમે પુના ને શિવપુર પણ જિતી લીધા. તે પછી ચાંકનાને ઘેરો ઘાલ્યો. કેટલાક મહીના પછી અદરના માણસોએ મહેરબાનીની દરખાસ્ત કરી દરવાજો ઉઘાડી કિલ્લો મુસલમાનોને સ્વાધીન કર્યો (આ બનાવને મઆસરે આલમગીરીના કર્ત્તાએ તથા ખાફીખાને ખુલાસાથી લખ્યો છે.). શાઇસ્તાખાને પુનાને હેડકવાર્ટર ઠરાવીને જે મકાન શિવાજીએ પોતાને માટે બંધાવ્યુ હતું, તેમા મુકામ કર્યો, અને શિવાજીની પાછળ ચારે તરફ ફોજો મોકલી દીધી. એથી શિવાજી ઠામેઠામ નાસતો ફરતો હતો. આ વખતે તેની હાલત એવી નઠારી હતી, કે વિકટ

પહાડો અને ઘાટોમા પણ એક બે અઠવાડીઆથી વિશેષ રોકાઇ શકતો નહિ ( ખાફીખાન પુસ્તક બીજું પૃષ્ઠ ૧૭૨. ).

શિવાજીએ હવે પોતાના જુના રિવાજને અનુસરવા માંડ્યુ. ૧૦૭૦ હિજરીમાં શાઇસ્તાખાનપર રાત્રે હલ્લો કર્યો. શિવાજીને આ લાગ શાઇસ્તાખાનની ગફલતથી મળ્યો હતો, માટે આલમગીરે શાઇસ્તાખાનને બરતરફ કરી શાહજાદા મોઆઝીમને એ કામ ઉપર મુકર્રર કર્યો.

હવે શિવાજીનુ બળ વધવા માડ્યુ. સુરતની પાસે **જાવલ** ને **પાયલ** એ બદરો હતાં, તે કબજે કરી લીધા, અને સામાન્ય લૂટફાટની સાથે હાજીઓના વહાણો લૂટવા માડ્યા ( ખાફીખાન પુસ્તક બીજુ પૃષ્ઠ ૧૭૭. ). આલમગીરે જયપુરના રાજા, મહારાજા જયસિંહ કે જે લશ્કરમા સેનાપતિ હતા તેમને એ કામ માટે મુકર્રર કર્યા, અને ફોજની હરોલ ( લશ્કરનો આગલો ભાગ ) મા દિલેરખાનને ઠરાવ્યો. જયસિંહે ૧૦૭૫ હિજરી ( આલમગીરી વર્ષ ૮ ) મા પુનામા દાખલ થઇ ચારે તરફ લશ્કર ફેલાવી દીધુ, ને દિલેરખાને સાત હજાર સવાર લઇને પાચ મહીનામા શિવાજીનો તમામ મુલક પાયમાલ કરી નાખ્યો. શિવાજીની રાજગાદી ગજગઢમા હતી, અને તેના મોસાળીઆ ઽદાનામાં રહેતા હતા. હવે શિવાજીએ જોયુ, કે જો એ સ્થળ ફતેહ થઈ જશે તો બધા બાલબચ્ચા પાયમાલ થઈ જશે. તેથી નાછુટકે એણે તાબેદારીનુ કહેણ મોકલવાની કોશિશ કરી. અને એ કામ માટે કેટલાક નોકરોને જયસિંહની પાસે મોકલ્યા, ને કહેવરાવ્યુ કે " મારો અપરાધ માફ કરો, કેટલાક બાકી રહેલા કિલ્લાઓ મને પાછા સોપો, ને મને આપની મુલાકાતનો લાભ આપો. " ( ખાફીખાન પુસ્તક બીજું પૃષ્ઠ ૧૮૦–૧૯૧. )."

મઆસરૂલઉમરામા લખ્યુ છે, કે "રૂદ્રમાળના કિલ્લાના ઘેરા વખતે જ્યારે તોપોથી કિલ્લાનો એક બુરજ ઉડાવી મૂકવામા આવ્યો, અને દિલેરખાને ફોજને કિલ્લાના બુરજ ઉપર ચડાવી દીધી, ત્યારે શિવાજીને ખબર પડી, કે હવે પુરંધરનો કિલ્લો પણ ફતેહ થવાની તૈયારીમા છે, અને એમાંજ મારાં બાલબચ્ચા છે. તેથી લાચારીથી સલાહ કરવાની દરખાસ્ત મોકલી" (મઆસરૂલઉમરા પુસ્તક બીજુ પૃષ્ઠ ૫૧, દિલેરખાની હકીકતમાથી.). પરતુ શિવાજીની દગલબાજીથી રાજા જયસિહને તેની વાત ઉપર વિશ્વાસ નહોતો. તેથી લડાઇનો સામાન વધારવા માટે તાકીદ આપી પણ એવામા સમાચાર મળ્યા, કે શિવાજીના કેટલાક વિશ્વાસુ બ્રાહ્મણો રાજાની પાસે ગયા છે, અને ઘણી આજિજી કરીને સોગદ ખાધા છે (ખાફીખાન).

હવે જ્યારે રાજા જયસિહને નક્કી થયુ, કે શિવાજી લાચાર થઇને આવેછે, તો તેણે આવવાની રજા આપી, અને પોતાના મુન્શી ઉદયરાયને ઇસ્તિકબાલ માટે મોકલ્યો, ને તેની સાથે કેટલાક હથિઆરબંધ રજપુતો પણ મોકલ્યા, કે જરૂર પ્રસગે શિવાજીથી બચાવ થઇ શકે પછી શિવાજીને કહેવરાવ્યુ, કે જો તમો શુદ્ધ અતઃકરણથી આવોછો, તો હથિઆર વિના આવો, અને નહિતો પાછા જતા રહો (ખાફીખાન પુસ્તક બીજુ પૃષ્ઠ ૧૮૧.). (હથિઆર વગર આવવાની શરત મઆસરે આલમગીરીમા લખી છે) એથી શિવાજી હથિઆર વિના આવ્યો જયસિહ મહેરબાનીથી ઉભો થઇ ભેટ્યો. શિવાજીએ હાથ જોડીને કહ્યુ, કે "હુ કનિષ્ઠ ગુલામોની પેઠે હાજર થયો છુ. હવે આપની ઇચ્છામાં આવે તો મારો કે છોડી મૂકો." (ખાફીખાન પુસ્તક બીજું પૃષ્ઠ ૧૮૨.).

શિવાજીએ અરજ કરી, કે બધા મોટા કિલ્લાઓ આપના તાબામાં સોપી મારા દીકરા શંભાજીને બાદશાહી ગુનેહગારોમાં દાખલ કરૂછુ. હુ સ્વતંત્ર રીતે કોઈ પણ કિલ્લામાં ગુજરાન કરીશ, અને જરૂર પ્રસંગે તરત આવીને હાજર થઇશ. જયસિંહે તેને ધીરજ આપી, અને દિલેરખાનને ઘેરો ઉઠાવી લેવાને કહેવરાવ્યુ. એથી સાત હજાર સ્ત્રી પુરૂષો કિલ્લામાંથી બહાર નીકળ્યા, ને તે બધાને અભયવચન આપ્યુ. દિલેરખાને પોતાની તરફથી તલવાર, જમધર, ને સોનાના સાઝથી શણગારેલા બે અરબી ઘોડા શિવાજીને ઈનાયત કર્યા, ને એનો હાથ રાજા જયસિંહના હાથમા આપ્યો. જયસિંહે પણ ખિલઅત, ઘોડો ને હાથી ઇનાયત કર્યા, અને દિલેરખાને પોતાના હાથથી શિવાજીને તલવાર બંધાવી. પરંતુ "**હું હથિઆર વગર આપની સેવા કરીશ,**" એમ કહીને થોડીવાર પછી શિવાજીએ તલવાર છોડી નાખી."

એ પહેલા શિવાજીનો અપરાધ માફ કરવા માટે બાદશાહી દરબારમા લખી મોકલ્યુ હતુ તે ઉપરથી ત્યાંથી માફીનામુ અને ખિલઅત આવ્યા. ખિલઅત અને ફરમાન શી રીતે સ્વીકારવા તે શિવાજીને શિખવવામાં આવ્યુ, અને તે પ્રમાણે ફરમાનના ઇસ્તિકબાલ માટે સવાત્રણ મૈલ પગે ચાલીને ગયો, અને ખિલઅતની સામે આદાબ બજાવી લાવ્યો (ખાફીખાનમા વિસ્તારથી લખેલુ છે.).

શિવાજીએ ૩૫ કિલ્લાઓમાથી ૨૩ કિલ્લા બાદશાહી સેવકોને સોપ્યા. શિવાજીના દીકરા શંભાજી માટે જયસિંહે પંજહજારી પદવી માટે સિફારશ કરી હતી, તે મંજૂર થઈ, ને શિવાજીને શાહીફરમાન મળ્યુ. તારીખ ૭ મી જિલ્હજ સને ૧૦૭૫ હિજરીને દિવસે શિવાજી જયસિંહની સેવામા

દાખલ થયો હતો, ત્યારથી આજ સુધી તલવાર બાંધતો નહોતો. પરંતુ તા. ૨૬ મી રબીઉલઅવ્વલને દિવસે એટલે લગભગ ચાર મહીના પછી જયસિંહે એને હથિઆર બાંધવાની પરવાનગી આપી, ને રત્નજડીત તલવાર બખ્શિશ આપી.

અહીં આટલુ કહેવું જોઇએ કે જ્યારે આલમગીરે શિવાજીને તાબે કરવા માટે જયસિંહને મોકલ્યો હતો, ત્યારે વીજાપુરના સુલતાન અલીઆદિલશાહને કહેવરાવ્યુ હતુ, કે તે પણ પોતાની ફોજથી અમને મદદ કરે. અલીઆદિલશાહે જાહેરમાં તો એ હુકમનો અમલ કર્યો. પણ પોલિટિકલ ગરજો પુરી પાડવા માટે શિવાજીની અગત્ય છે, એમ તે સમજતો હોવાથી છુપી રીતે શિવાજીને દરેક રીતે મદદ કરતો હતો. એણે હૈદરાબાદના હાકેમ કુત્બશાહને પણ તેની તરફથી ભલામણ કરી હતી ( મઆસરે આલમગીરીમા આ બનાવ તફસીલથી વર્ણવ્યો છે. પૃષ્ઠ ૯૧૨, ૯૧૩. )

શુ આટલુ આટલુ છતા પણ આલમગીરે વીજાપુર ને હૈદરાબાદ ઉપર હુમલા કર્યા, તે અકારણ કહી શકાય ? હવે અમે ફરી અમારા વાચકવર્ગની નજર શિવાજી તરફ ફેરવીએ છીએ.

શિવાજીએ તાબેદારી કબૂલ કરી, ૨૩ કિલ્લાઓની કુચીઓ સોપી, અને સને ૧૦૭૬ હિજરી ( સને ૯ આલમગીરી ) મા તે આગ્રે રવાના થયો. જ્યારે તે શહેરની પાસે આવ્યો, ત્યારે આલમગીરે રાજા જયસિંહના કુવર રામસિંહને તથા મુખ્લિસખાનને ઇસ્તિકબાલ માટે મોકલ્યા. જ્યારે શિવાજી દરબારમા પહોંચ્યો, ત્યારે આદાબ બજાવી લાવ્યો, અને ભેટ રજૂ કરી. આલમગીરે ઇશારો કર્યો, કે પંજહજારી ઉમરાવોની પંક્તિમાં એને જગા આપવામાં આવે. પણ શિવાજીને એથી વિશેષની આશા હતી, તેથી તેણે એક ખુ-

ણામા જઇને રામસિંહની આગળ ફર્યાદ કરી, અને પેટના દરદનું બહાનું કરીને ત્યાંજ ફર્શ ઉપર સૂઈ ગયો ( મઆસ-રૂલઉમરા રાજા શાહુનું વર્ણન. ). તેથી આલમગીરે હુકમ કર્યો, કે તમે તમારા મુકામે પાછા જાઓ.

યુરોપીઅન ઈતિહાસકર્ત્તા અને તેમના ઉપરથી નકલ કરનારા આ બનાવમા અવરંગઝેબની અદીર્ઘદૃષ્ટિની તથા બીજી જે ભૂલો કાઢેછે, તેનો પહેલો નબર અહીંથી શુરૂ થાયછે. એલ્ફિન્સ્ટનકૃત હિંદના ઇતિહાસમાં લખ્યુ છે, કે "અવરંગઝેબને આ એવો સમય મળ્યો હતો, કે શિવાજી સાથે માણુસાઇથી વર્તી, સલુકાઇ રાખી લાભ પ્રાપ્ત કરી શકત, પરંતુ જેવી રીતે એના વિચાર ધર્મની બાબતમા સાકડા ને અધારાવાળા હતા, તેવીજ રીતે રાજ્યકારભારમા પણ અધુરા અને સાંકડા હતા. જો કે તે પોતાના મનને શિવાજીનું એકદમ અપમાન કરતા રોકી તો શકયો, પરંતુ પોતાના ધર્માંધપણાથી તદ્દન બચી શકયો નહિ. મતલબ કે જ્યારે શિવાજી દિલ્લીની પાસે પહોંચ્યો, તો એક હલકા દરજાના સરદારને જયસિંહના દીકરા રામસિંહ સાથે તેના ઇસ્તિકબાલ માટે મોકલ્યો, અને જ્યારે શિવાજી દરબારમા આવ્યો ત્યારે તેની ખબર પણ પૂછી નહિ. જો કે શિવાજીએ ઘણાજ માનપૂર્વક નજરાણાં મૂકયાં, અને ઘણું કરીને તે ઇચ્છતો હતો કે વખાણના કેટલાક ફકરા કહીને આજિઝીની સાથે તખ્તની તરફ જાય પરંતુ તેણે જ્યારે જોયુ, કે બાદશાહે પોતાની તરફ કાંઈ પણ લક્ષ આપ્યુ નથી, અને કાંઈ પણ વિવેકવિના ત્રીજા દરજાના સરદારોની પંકિતમાં પોતાને ઉભો કરવામાં આવ્યો છે, તો તે પોતાની દિલગીરી ને શરમને રોકી શકયો નહિ, અને ક્રોધ તથા લાજને લીધે તેનો રંગ

બદલાઈ ગયો. તેથી દરબારીઓની પંક્તિથી કાંઇક પાછો હઠીને બેભાન થઈ જમીનપર ઢળી પડ્યો. પછી જ્યારે તેને ભાન આવ્યુ, ત્યારે રામસિહને એટલા માટે ઠપકો આપ્યો કે તેના બાપે તેની સાથે છેતરપડી કરી વિશ્વાસઘાત કર્યો હતો, તેમજ બળાપાથી બાદશાહી નોકરોથી એવી દરખાસ્ત કરી, કે જેવી રીતે તમે મારી વાતને ધૂળધાણી કરી છે, તેવીજ રીતે મને પણ ધૂળમા રગદોળો. અર્થાત જ્યારે આબરૂ ગઇ તો જીવની શી પરવા છે" ! ! ! ( અલીગઢમા છપાયલો એલ્ફિન્સ્ટન સાહેબ કૃત ઇતિહાસ પૃષ્ઠ ૧૦૫૩ )

લેનપોલ, ફ્રેઅર, ને બર્નિયર વગેરે યુરોપીઅન ઇતિહાસકારોએ પણ લગભગ એવુંજ લખ્યુ છે.

કેટલાક યુરોપીઅન ઇતિહાસકારોએ એવુ પણ લખ્યુ છે, કે એ બનાવ પછી આલમગીરે શિવાજીને કેદ કરી તેના ઉપર પહેરા મૂકી દીધા

આ તકરારના ખુલાસા માટે નીચેની વાતો ઉપર વિચાર કરવો જોઈએ.

૧ જે વર્તણુક શિવાજી સાથે ચલાવી હતી તે શુ અપમાન કરવાના ઈરાદાથી હતી ?

૨ શુ શિવાજીને કેદ કરવામા આવ્યો હતો ?

૩ જો શિવાજી સાથે સારી વર્તણુક ચલાવી હોત તો શુ તે તાબેદાર થઈ જાત ખરો !

૪ આ બનાવને માટે યુરોપીઅન અને મુસલમાન એ બન્ને ઇતિહાસકારોમાંથી કોનું લખાણુ વધારે ભરોસો રાખવા લાયક છે ?

આ વાતને તો બધા ઇતિહાસકારો કબૂલ કરેછે, કે શિવાજીના ઇસ્તિકબાલ માટે રામસિંહ અને મુખ્લિસખાનને મોકલ્યા હતા. રામસિંહ રાજા જયસિંહનો દીકરો હતો કે જે આલમગીરના ઉમરાવોમાં સૌથી વિશેષ પ્રતિષ્ઠિત અને સેનાપતિ હતો. જ્યારે શાહજહાંનુ ૧૯ મુ વર્ષ હતું, ત્યારે રામસિંહ તેના દરબારમાં ૫૦૦ સવારો સાથે આવ્યો હતો અને એને હજારી પદવી ને ખિલઅત મળ્યા હતાં. શાહજહાના ૨૭ મા વર્ષમાં તેનો ઓહદો સાડા ત્રણ હજારીનો હતો. આલમગીરના સમયમાં તે એટલો વિશ્વાસુ ગણાતો હતો, કે સુલેમાનશિકોહને લાવવા માટે આલમગીરે રામસિંહનેજ પ્રતિનિધિ બનાવીને મોકલ્યો હતો, અને જ્યારે શિવાજીના તાબે થયાની ખબર આવી ત્યારે એને બાદશાહે રત્નજડીત ઘરેણાં, હાથીને ખિલઅત બખ્સ્યાં હતા (રામસિંહની ખુલાસાવાર હકીકત મઆસરૂલઉમરામા છે. ). રાજા જયસિંહની બાંહેધરીથી શિવાજી દરબારમા આવ્યો હતો. તેથી ઈસ્તિકબાલ માટે રામસિંહ કરતા બીજો કોણ લાયક ગણી શકાય? તે પોતાના બાપનો નામીચો કુવર ને તેનો પ્રતિનિધિ હતો. મુખ્લિસખાનને એની સાથે એટલા માટે મોકલવામાં આવ્યો હતો, કે કોઇને એવો વહેમ ઉત્પન્ન ન થાય કે બાદશાહે ધર્માંધપણાના કારણથી કોઈ મુસલમાન સરદારને મોકલ્યો નહિ.

યુરોપીઅન ઇતિહાસકારોની ચતુરાઈ અને ચાલાકી તો જુઓ, કે ઈસ્તિકબાલનો મુખ્ય મેમ્બર મુખ્લિસખાનને ગણી રામસિંહને તેનો સાથી ગણે છે; પણ બધા ઇતિહાસોમાં રામસિંહનું નામ પ્રથમ લખવામા આવ્યું છે, ને તેજ સત્ય છે.

શિવાજીને જે પદવી આપવામાં આવી, તે પંજહજારીની હતી. તેને એલ્ફિન્સ્ટન સાહેબ પોતાના પુસ્તકની નોટમાં ત્રીજા દરજાની ગણે છે. પરતુ અમારા નામાકિત ઇતિહાસકર્ત્તાને એની ખબર નથી, કે ખુદ રાજા જયસિંહની પદવી આ વખતે પંજહજારીથી વધારે નહોતી. જ્યારે આ મોટી ફતેહના બદલા તરીકે એની પદવીમા બે હજારનો વધારો કરવામા આવ્યો, ત્યારે એ હફ્તહજારી થયો હતો ( મઆસરે આલમગીરી તથા આલમગીરનામુ કાઝિમશીરાઝીકૃત પૃષ્ઠ ૯૦૭ ).

રાજા જયસિંહ જયપુરના રાજ્યનો ધણી આલમગીરના દરબારમાં સૌથી આબરૂદાર સરદાર, અને શિવાજીને જિતનાર હતો. તો શું અમારા યુરોપીઅન મિત્ર એવુ ઇચ્છેછે, કે એક જિતાયલો બળવાખોર એક જિતનાર રાજ્યકર્ત્તાની સમાન પક્તિમા મૂકવામા આવે !!!

રાજા જયસિંહપરજ મોકૂફ નથી. ખુદ મહાન પ્રધાન ફાઝિલખાનની પદવી પણ પંજહજારીથી વધારે નહોતી વળી એથી પણ વિશેષ વાત એ છે, કે હિંદુસ્તાનનો કોઈ પણ રાજા, મહારાણા ઉદયપુરથી વિશેષ આબરૂદાર નહોતો. છતાં જ્યારે એ કુટુંબે બાદશાહી દરબાર સાથે મિત્રાચારી કરી, તો જહાગીરે કરણ રાજાને આજ પંજહજારીની પદવી આપી હતી તેમજ શાહજહાંએ ૧૦૩૮ હિજરીમા રાણા જગતસિંહને એજ પદવી ઇનાયત કરી હતી. એવીજ રીતે રાણા રાજસિંહને પણ આલમગીરના દરબારથી એજ પદવી આપવામા આવી હતી. ( રાણા કરણની તમામ હકીકત મઆસરૂલ ઉમરાના કર્ત્તાએ લખી છે. ) શું શિવાજી

ઉદયપુરના મહારાણા કરતા વધારે પ્રતિષ્ઠિત દરજ્જો રાખતો હતો? વળી ખુદ શિવાજીનો પિતા શાહજી શાહજહાંના રાજ્યના ત્રીજા વર્ષમાં જ્યારે તેના દરબારમાં દાખલ થયો, તો શાહજહાએ તેને આજ પજહજારીની પદવી આપી હતી. (મઆસરૂલઉમરા પુસ્તક બીજુ પૃષ્ઠ ૩૪૩)

શિવાજીએ તાબેદારી કબૂલ કરી તેથી રાજ્યપર શો ઉપકાર કર્યો? શાહી ફોજોએ એના બધા ઇલાકા ફતેહ કરી લીધા હતા, તેમજ શિવાજી પોતે કિલ્લાઓમાં ચારે તરફથી ઘેરાઈ ગયો હતો. શિવાજીના ખાસ અગત્યના કિલ્લાઓ ઉપર બાદશાહી વાવટો ઉડી ચૂકયો હતો. તેથી લાચારીથી તે હથિઆર છોડી ગુલામોની પેઠે દરબારમાં આવ્યો હતો. છતા એના ઇસ્તિકબાલ માટે પોતાના દરબારમા જે સૌથી વિશેષ લાયક જણાયા, તેમને આલમગીરે મોકલ્યા અને પજહજારીની પદવીવાળા અમીરોની પક્તિમાં કે જ્યા રાજા જયસિહ પણ હતો, તેમા એને જગા આપી. એથી વિશેષ તે શુ ઇચ્છતો હતો? શુ હિદુસ્તાનનો શહેનશાહ એક જિતાયલા લુટારૂ માટે તખ્ત ઉપરથી સામો આવે એમ શિવાજીની ઇચ્છા હતી? બેશક એવા જુઠા ને દગાભરેલી ખુશામદોના દાખલા યુરોપ રજૂ કરી શકેછે. પરતુ ઇસ્લામથી એવી આશા ન રાખવી જોઈએ

પદવીની વાત જતી કરીને આલમગીર તરફથી શિવાજીને જે માન આપવામા આવ્યુ, તે ઉપરજ નજર કરીએ, તો ઉપર જે હકીકત લખી છે, તે યોગ્ય જણાશે. મઆસરે આલમગીરી નામના પ્રખ્યાત પુસ્તકમાંથી એ હકીકત લખી છે. એ પુસ્તક આલમગીરના હુકમથી રોજનુરોજ લખવામા આવતું હતું, અને આલમગીરને તેનો મુસદ્દો દે-

ખાડીને મંજૂર કરાવવામાં આવતો હતો. તેથી ખરૂ પૂછો. તો એ શબ્દો જાણે આલમગીરની જીભમાંથી નીકળેલા છે એમા ખાસ ખુલાસો છે, કે શિવાજીને બાદશાહની સમીપમા રહેનાર અને નામદાર અમીરો માટે જે જગા હતી તે આપ વામા આવી હતી. જો આલમગીર શિવાજીનું અપમાનજ ઇચ્છતો હોત, તો પોતાની **રોજનીશીમાં** આવું શામાટે લખત, કે મારી તરફથી તેને માન આપવામાં આવ્યુ. દર બારમા જે કાંઈ થયુ, તે થોડા વખતનો બનાવ હતો, કે જે કેટલાક કલાકથી વધારે વખત પહોચ્યો નહિ હોય પરતુ ઈતિહાસની ઉમર કિયામત સુધીની છે. તેથી જો આલમગીરની ઇચ્છા શિવાજીનું અપમાન કરવાની હોત, તો શું તે પસદ કરત, કે ધડી બે ઘડી માટે તેનું અપમાન કરી કિયામત સુધી તેની આબરૂને ઇજ્જતનો બનાવ ઇતિહાસમાં લખવામાં આવે!!!

યુરોપીઅન ઇતિહાસકર્તાઓ ખાફીખાનનુ નીચે લખેલુ વર્ણન પોતાના પુરાવા માટે રજૂ કરે છે

૧ શિવાજીના દીકરાને અગાઉ પંજહજારીની પદવી મળી ચૂકી હતી, તેથી ઇચ્છવા જેવું છે, કે બાપની પદ્વી દીકરા કરતા વધારે હોવી જોઇએ.

૨ જયસિંહે એને જે આશાઓ આપી હતી, તે બાદશાહની તરફથી પુરી કરવામાં આવી નહિ.

૩ તેને જેવી આશા હતી, તેવા ઠાઠથી તેની પધરામણી થઈ નહિ.

ઇસ્તિકબાલને માટે તો અમે પ્રથમ ખુલાસો કરી ગયા છીએ, હવે બાકીના બે આરોપો વિચારવા જોગ છે

મૂળ સવાલ એ છે, કે રાજા જયસિંહે શિવાજી માટે એવી કંઈ સિફારશ કરી હતી, કે જેથી શિવાજીએ દરબારમાં જવાનું કબૂલ કર્યું હતું? આલમગીરે એ સિફારશ મંજૂર કરી કે નહિ? અને જે આશાઓ શિવાજીને આપવામાં આવી હતી, તે આલમગીર તરફથી પુરી પાડવામાં આવી કે નહિ?

બધા ઇતિહાસકારો આ વાત કબૂલ રાખેછે, કે જ્યારે શિવાજી દરબારથી નારાજ થઇને દક્ષિણમા જતો રહ્યો, ત્યારે આલમગીરે હુકમ કર્યો કે રાજા જયસિંહને આ બનાવની ખબર આપવામાં આવે, અને ત્યાંથી જે જવાબ આવે તે પ્રમાણે અમલ કરવો.(ખાફીખાન તથા મઆસરે આલમગીરી.)

જયસિંહે જવાબમા ફક્ત એટલુંજ લખ્યું, કે **"ગુનાહ માફ કરવો જોઈએ"** ( મઆસરે આલમગીરી. ).

ઉપર પ્રમાણે જવાબ આવ્યા પછી શિવાજી ઉપર દેખરેખ રાખવા માટે જે હુકમ કર્યો હતો, તે બંધ કરી તેને છૂટો કરવામા આવ્યો.

કાશીના કાયસ્થ કુટુંબના એક પ્રખ્યાત ગૃહસ્થને ત્યાં હાથે લખેલું એક પુસ્તક મારા જોવામાં આવ્યું. તેમાં રાજા જયસિંહે શિવાજીના બનાવ અને ચડાઇના સંબંધમાં આલમગીરને જે કાગળો લખ્યા હતા, તે લખેલા હતા. તેમાંનો એક કાગળ ખાસ આ બનાવ સાથે સબંધ રાખતો હતો. આ કાગળ સાધારણ એશિઆઇ રિવાજ પ્રમાણે વિસ્તીર્ણ હતો. પરંતુ આખા કાગળમાં એવું એક પણ સ્થળે નહોતું, કે મેં શિવાજી સાથે ફક્ત હજારીનો વાયદો કર્યો હતો. અથવા

એવીજ બીજી કોઈ માગણી તેણે કરી હતી. ફકત એટલુંજ લખ્યું હતું કે "તેની ખાતર બરદાસ્ત કરવામાં આવે."

બધા મિત્ર અને શત્રુ ઇતિહાસકારોએ લખ્યુ છે, રાજા જયસિંહે શંભાજી માટે પંજહજારીની પદવી આપવા ભલામણ કરી હતી, તે મંજૂર થઈ. એવીજ રીતે નતપુજી (શિવાજીનો ભાઈ અને લસ્કરનો આગેવાન)ને માટે પણ પંજહજારીની સિફારશ રાજા જયસિંહે કરી હતી, ને તે પણ મંજૂર થઈ.

જ્યારે એ નક્કી છે કે શંભાજી વગેરેને લગતી જય-સિહની સિફારશો મંજૂર થઇ, જ્યારે એ નક્કી છે, કે શિ-વાજી માટે જયસિહે હપ્તહજારી પદવી માટે સિફારશ કરી નથી, અને એને બધા ઇતિહાસકારો અનુમોદન આપે છે, જ્યારે એ નક્કી છે, કે આ બનાવ પછી જ્યારે આલમ-ગીરે જયસિંહને શિવાજીના સંબંધમાં પૂછ્યુ, તો તેણે ફકત ગુનાહની માફી ને ખાતર બરદાસ્તની દરખાસ્ત કરી હતી, તો નક્કી થાયછે, કે શિવાજી સાથે હફ્તહજારી વગેરેનો કાંઇ પણ વાયદો કરવામાં આવ્યો નહોતો; તેમજ કરેલા વાય-દાથી કાંઇ પણ વિરૂદ્ધ બનાવ બન્યો નહોતો. એ ઉપરથી જ્યસિહે ફકત માગણી કરી હતી, કે શિવાજીએ દરબારમા જે અસભ્ય વર્તણુક ચલાવી છે, તે માફ કરવી જોઇએ. અને તેથી શિવાજી ઉપર દેખરેખ રાખવા માટે કોટવાલને જે તાકીદ આપવામાં આવી હતી, તે બધ કરવામાં આવી.

શંભાજીને જે પદવી આપવામા આવી હતી, તેથી શિવાજીને મોટી પદવી આપવી જોઇએ, એવી ખાફીખાન ટીકા કરે છે તે કાંઇક વાજબી છે. પરતુ વાત એ છે, કે

મુગલાઇ દરબારમાં બાપ દીકરાને એક પદવી ઘણી વખત આપવામાં આવતી હતી. શરૂઆતમાં કોઇને પણ પજહજારી કરતાં મોટો ઓહદો આપવામાં આવતો નહોતો. એથી શિવાજીને પ્રથમ એજ જગ્યા મળવી જોઈએ. જે માણસોને ફકત હજારી ને દેહ હજારી ( ૧૦૦૦૦ )ની પદવીઓ મળી છે, તે સૌ પ્રોમોશન મેળવતાં એ દરજ્જે પહોંચ્યા છે. એ સામાન્ય કાયદો શિવાજી માટે તોડી શકાય એમ નહોતું.

" જો શિવાજી સાથે સારી વર્તણુક ચલાવી હોત, તો તે દાસ થઇને રહેત", એવો યુરોપીઅન ઇતિહાસકારો જે દાવો કરે છે, તે ઐતિહાસિક પુરાવાથી વિરૂદ્ધ છે. શિવાજીની સઘળી જિંદગીમાં એવો કયો બનાવ બન્યો છે, કે જેમાં તેણે પોતાના કોલકરાર પાળ્યા હોય? અફઝલખાનને દગલબાજીથી કતલ કર્યો, વીજાપુર ને ગોવળકોંડા સાથે દગાફટકાની રમતો રમ્યો, અને શહેરો તથા કસ્બાઓ ઉપર અજાણપણાના સમયમાં છાપા માર્યા. શુ આવાં કૃત્યો કરનારથી એવાં પરિણામની આશા રાખી શકાય ખરી? "હુ તેની ટેવોથી સત્વર જાણીતો થએલો છુ, તેથી હુ જો તેની સાથે વફાદાર રહુ, તોપણ તે આવાજ કામો કરે તો પછી મારે શુ કરવું ( ફારસી કવિતા )*."

પાછળ જણાવ્યું, તે ઉપરથી એટલુ તો નક્કી થાયછે, કે આલમગીરે મરેઠાઓને છંછેડયા નથી, પરંતુ શાહજહા-

* અર્થાત્ એને વફાદાર સમજી એના ઉપર વિશ્વાસ રાખવામા આવે, તો પણ બિનવફાદારજ સાબિત થાય એવો એનો સ્વભાવ હતો, અને તેથી પાછળથી બાદશાહને પસ્તાવું પડત, અને ઈતિહાસકારો ભૂલ કાઢત

નના સમયથીજ તેઓ એવા બળવાન થવા માડ્યા હતા, કે તેમને વશ કરવાને બાદશાહને પોતાની બધી શક્તિ કામે લગાડવી પડી હતી, અને એજ લડાઈ સરકરવા માટે એણે દક્ષિણની મુસાફરી કરી હતી. એ પણ નક્કી છે કે આલમગીરની ફોજે શિવાજીને એટલો બધો હફાવ્યો હતો. કે તે હથિઆર વગર સેનાપતિની હજૂરમા હાજર થયો હતો. એ પણ ઐતિહાસિક પુરાવાથી સાબિત થયુ છે, કે આલમગીરે શિવાજી સાથે જે વર્તણુક ચલાવી હતી, તે તેના દરજાને અછાજતી નહોતી. તો હવે ફકત એટલુ તપાસવાનુ છે, કે શુ શિવાજીએ પોતાની શક્તિ કાયમ કરી લીધી હતી? શુ ઠેઠ સુધી તે અવરંગઝેબનો હરીફ રહ્યો હતો? શુ એના મરણ પછી એના વશજોએ આલમગીરના રાજ્યને ઉધ્ધ્વસ્ત કરી નાખ્યુ હતુ?

બધા યુરોપીઅન ઇતિહાસકર્તા લખે છે કે આલમગીર શિવાજીના મુકાબલામા તદ્દન લાચાર થઇ ગયો હતો, અને તેથી તેણેજ મરેઠાઓને ચોથ એટલે દક્ષિણના છ પ્રાંતોની ઉપજનો ¼ ભાગ આપવાનુ કબૂલ કર્યું હતું. એલ્ફિન્સ્ટન સાહેબ જો કે ચોથ આપવાની વાત કબૂલ રાખતા નથી, તો પણ લખે છે, કે "અવરંગઝેબના સરદારોની ફેરબદલીઓને લીધે શિવાજીને ઘણો લાભ થયો, કારણ કે રાજા જશવતસિંહ શાહજાદા મોઆજીમની તબીઅત ઉપર કાબૂ રાખનાર ને બાદશાહ કરતાં હિંદુઓનો વધારે હિતેચ્છુ હતો. એ વિના લોકોને પક્કી ખાતરી હતી, કે જશવંતસિંહ લોભી છે, અને રૂપીઆનુ કહેવુ થોડુ ઘણું માનેછે. તેથી એ સાધનોવડે શિવાજીએ તેને પોતાનો મિત્ર કરી લીધો. એનું પરિણામ એ આવ્યું, કે એની અને શાહજાદા મોઆજીમની

મદદથી એવી સારી સારી શરતોની સાથે બાદશાહ સાથે મિત્રાચારી કરી, કે જે તેની ધારણાથી બહાર હતું. આ સલાહથી તેને તેનો ઘણો ખરો મુલક પાછો આપવામા આવ્યો. વરાડ પ્રાતમાં તેને જાગીર આપવામાં આવી, તેનો રાજાનો ખિતાબ કબૂલ રાખવામાં આવ્યો અને તેના બધા અપરાધોથી આંખઆડાકાન કરવા પડ્યા. (એલ્ફિન્સ્ટન સાહેબ કૃત ઇતિહાસનો તરજુમો અલીગઢમાં છપાયલો પૃષ્ઠ ૧૦૫૭)

ખુલાસાથી વાદવિવાદ કરતા પહેલાં અમે બતાવીએ છીએ, કે યુરોપીઅન ઇતિહાસકારો કેવી સરસ રીતે ખરી વાતને બદલી બીજા રૂપમાં ગોઠવી દેછે ! ! !

અસલ હકીકત એવી છે, કે જ્યારે શિવાજી દક્ષિણમાં જતો રહ્યો, અને આલમગીરી ૧૦મા વર્ષમા મોઆજીમશાહ જશવતસિહની સાથે દક્ષિણની સૂબેદારીપર મુકર્રર થયો, ત્યારે શિવાજીએ જશવતસિંહની પાસે સંદેશો મોકલ્યો, કે હુ મારા દીકરા શભાજીને આપની સેવામા મોકલુ છુ, તેને ફોજમાં કાંઈ ઓહદો આપવાની મહેરબાની કરશો." જશવંતસિંહે એ દરખાસ્ત મંજૂર કરી. તેથી શિવાજીએ શભાજીને એક હજાર ફોજ સાથે શાહજાદા મોઆજીમની ખિદમતમા મોકલ્યો. શભાજીને પ્રથમ પણ આલમગીરના દરબારમાંથી પજહજારીનો દરજ્જો મળી ચુકયો હતો, અને શિવાજી જ્યારે નજરકેદ હતો ત્યારે પણ તેને દરબારમાં આવવાની છૂટ હતી, બલ્કે રોજ દરબારમાં હાજર થઇને મુજરો કરી જતો હતો. તેપરથી મોઆજીમશાહે તેને પજહજારીની પદવી આપી, અને વરાડ પ્રાંત જાગીરમા આપ્યો. (મઆસરૂલઉમરા પુસ્તક બીજું પૃષ્ઠ ૩૪૮.)

એલ્ફિન્સ્ટન સાહેબે ઉપર જે ઇબારત લખી છે, તે પણ આ પ્રમાણેજ છે. પરતુ એ ઇબારતને બીજાજ રૂપમા ગોઠવી છે શિવાજીએ તાબેદારીની શરતે પોતાના દીકરાને સેવામાં મોકલ્યો, શરત મંજૂર થઈ ને ઓહદાપર બહાલ થયો. ઓહદાપર બહાલ કરવા અને જાગીરો બખ્શવી એ તો દરબારની એક સાધારણ વાત હતી. સેંકડો ઓહદેદાર ગુનેહગાર ઠરતા, તો બરતરફ થતા હતા, ને માફી માગીને પાછા બહાલ થતા, અને ત્યારે એમના ઓહદા ને જાગીરો પાછાં આપવામાં આવતાં હતા. એમા નવાઈ જેવી વાત શી છે? પરતુ એલ્ફિન્સ્ટન સાહેબ ફરમાવે છે, કે "એવી એવી ઉત્તમ શરતોપર બાદશાહ સાથે મિત્રાચારી કરી, કે જે તેની ધારણાથી બહાર હતી" આ ધારણાથી વિશેષ શરતો તે કઇ? ઓહદાની બહાલી અને જાગીરનુ મળવું. રાજાના ખિતાબનો મઆસરૂલઉમરામાં નામ પણ નથી. છતા જો હોત, તો એ શુ? રાજાનો ખિતાબ દરબારમા નાના નાના ઓહદેદારોને મળતો હતો પરતુ એલ્ફિન્સ્ટન સાહેબ એજ ખિતાબને એવી રીતે જાહેર કરેછે, કે જાણે શભાજીને સ્વતત્ર રાજા તરીકે કબૂલ રાખ્યો ન હોય !!! વળી રાજાનો ખિતાબ તો શભાજીને મળ્યો હતો; એલ્ફિન્સ્ટન સાહેબ લખે છે કે શિવાજીને મળ્યો હતો. શંભાજીને ફકત જાગીર આપી હતી, કે જે દસ્તૂર પ્રમાણે દરેક ઓહદેદારને મળતી હતી. એલ્ફિન્સ્ટન સાહેબ ફરમાવે છે, કે "એનો મુલક એને પાછો આપવામાં આવ્યો." જાણે કે આલમગીરે એને મુલકના ધણી તરીકે સ્વીકાર્યો ન હોય !!! વિચાર કરો કે **જરા-જેટલી** ઇબારતની મતલબમાં એલ્ફિન્સ્ટન સાહેબે કેટલો બધો ફેરફાર કરી નાખ્યો છે.!!

ચોથની હકીકત એવી છે કે દક્ષિણમા લાબા સમયથી એવો કાયદો ચાલતો હતો ને હમણા સુધી બાકી હતો, કે મામલતદાર અને કલેકટરને ઠેકાણે દેશમુખ હતા તેઓ ઉપજ ઉઘરાવી સરકારમા ભરતા, ને જમા કરાવેલી ઉપજનો દશાંશ કે તેથી વધારે ભાગ તેમને મળતો હતો. શિવાજી ને તેની પાછળ ગાદીએ બેસનાર શંભાજી ને રાજારામ જ્યારે મરી ગયા, ત્યારે તારાબાઇ ( રાજારામની બહાદુર ને બુદ્ધિશાળી સ્ત્રી ) એ લાબા સમય સુધી ગડબડ ચાલુ રાખી પરતુ છેવટે લાચાર થઇને એવી દરખાસ્ત કરી, કે સેકડે નવ રૂપીઆથી દેશમુખનો હોદ્દો આપવામા આવે. પરતુ તે આલમગીરે કબલ કર્યું નહિ ( ખાફીખાન પૃષ્ઠ ૭૮૩ )

એલ્ફિન્સ્ટન સાહેબ ખરેખરા વિરૂદ્ધ છતા પણ કબૂલ રાખે છે, કે આલમગીરે મરેઠાઓને ચોથ વગેરે આપવાનુ કબલ કર્યું નથી તેઓ લખે છે, કે ' આ વખતે બાદશાહની સ્થિતિ એવી નાજુક હતી, કે કામબખ્શના સમજાવવાથી તેણે સલાહની ઇચ્છા દેખાડી પણ મરેઠાઓની અયોગ્ય માગણીઓ અને અસભ્ય વર્તણુકથી જો સલાહ કરવાનુ માડી વાળવામા ન આવ્યુ હોત, તો નક્કી તે શાહુને કેદમાથી છોડી મૂકત, અને પોતાની આબરૂને બટ્ટો ન લાગે તેનો ખિયાલ રાખીને દક્ષિણની ઉપજમાંથી સેંકડે અમુક ટકા આપત )." ( પૃષ્ઠ ૧૧૨૬. )

આલમગીર પછી ૧૧૧૯ હિજરીમા બહાદુરશાહના સમયમાં શાહુના વકીલે જુલ્ફકારખાનના વગવસીલાથી સરદેશમુખીની સનદની માગણી કરી, અને તે બહાદુરશાહે

મંજૂર પણ કરી. પરંતુ મરેઠાઓના પોતાના કુસંપથી તે મુલ્તવી રહ્યું ( ખાફીખાન પૃષ્ઠ ૬૨૬ ને ૬૨૭. ). મોલવી ગુલામઅલી આઝાદે ખઝાનએ આમિરામા ભૂલથી લખી દીધું છે, કે આલમગીરે સનદ લખી આપી હતી, પરંતુ પાછળથી એનો અભિપ્રાય બદલાઈ ગયો ( નવલકિશોર પ્રેસમા છપાયેલી ખઝાનએ આમિરા પૃષ્ઠ ૪૧. ).

ગુલામઅલી આઝાદનુ આ વર્ણન બધા ઇતિહાસકાર કરતા જુદુ છે છતા એની મતલબ પણ એવીજ છે, કે મરેઠાઓની માગણી આલમગીરે અંતે કબૂલ કરી નથી આવા પુરાવાની આગળ યુરોપીઅન ઇતિહાસકારોનુ આ કહેવું કેટલુ આશ્ચર્યકારક છે ! ! ! છતા જો ખરુ હોય તો પણ શુ ? જેવી રીતે અહીઆ અંગ્રેજી રાજ્ય પહેલા દેશ ાનદાર ને મુખીઓ હતા, તેવી રીતે મદેશમુખીનો ઓહદો વેતન ને તાબેદારોને આપવામા આવતો હતો આજ પણ દક્ષિણમા સેકડો દેશમુખો છે, પરંતુ યુરોપીઅન ઇતિહાસકારોએ તેને એવુ ઠરાવ્યુ, કે આજની નવી કેળવણી લીધેલા બધા માણસો એવુ સમજે છે, કે આલમગીરે ડરી જઈને ખંડણી કે ટકસની રીતે મરેઠાઓને એ રકમ આપવાનુ મંજૂર કર્યું હતું. આ બનાવથી વિચારી શકાય છે, કે ફકત એક શબ્દનો અર્થ બદલી નાખવાથી ઇતિહાસની કેટલી હકીકત બદલાઈ જાય છે ! ! !

ચોથ અથવા $\frac{1}{4}$ નું કબૂલ કરવું, એ તો ફકત આરોપ છે. છતા એથી મૂળ તકરારનું નિરાકરણ થતું નથી વિરોધી કહી શકે છે, અને કહે છે, કે જો કે આલમગીરે કોઇ રકમ આપવાનું મંજૂર ન કર્યું હોય, પરંતુ મરેઠાઓએ

એની સલ્તનતના સ્તભો હલાવી નાખ્યા હતા. એલ્ફિન્સ્ટન સાહેબ લખેછે, કે " જેમ જેમ મરેઠાઓ અવરંગઝેબની મહાન ફોજની પાસે પાસે આવતા ગયા, તેમ તેમ તેમની મુશ્કેલીઓ વધતી ગઈ તે એટલે સુધી કે કોઇ કોઇ વખત તો લશ્કરના પાદર સુધી લુટતા મારતા આવતા હતા મુગલોની આવતી ખોરાકી રોકતા, જાનવરોને નજર આગળથી ઉપાડી જતા, ઘાસ કાપનારાઓને મારી નાખતા, અને તેમને એટલા લાચાર કર્યા હતા, કે જ્યાસુધી મજબુત રક્ષકોનો સમૂહ સાથે ન હોય ત્યા સુધી એકલદોકલથી તો છાવણી બહાર જઈ શકાતુ નહિ. અને જો કોઇ ફોજની સાધારણ ટુકડી એમને વશ કરવા માટે મોકલવામા આવતી, તો મરેઠાઓ તેને મારી નસાડતા અથવા બિલકુલ નાશ કરતા હતા."

' આ લડાઇ આલમગીરની છેલ્લી હતી. તે અહમદનગર તરફ વળ્યો, અને પાછા ફરતી વખતે તેની કેવી સ્થિતિ હતી, તે તેના થાકેલા જાનવરો અને ખાખાવીખી ફોજથી સમજી શકાય છે. લશ્કરની ભીડ, કુચની, મુડદાલપણુ ને ગેરબંદોબસ્તથી તે પાછી ફરી હતી. બંદુકોની લાગલાગટની ગોળીઓથી તેમના કાન બહેરા થઈ ગયા હતા, તથા ભાલાવાળાઓની ચડાઇ ને બુમરાણથી ગભરાઈ ગયા હતા, તેથી સદા તેમને એજ ચિંતા રહેતી હતી, કે હવે મરેઠાઓની તરફથી સામાન્ય છાપો મારવામા આવશે, અને અમે સપૂર્ણ પાયમાલ થઈ જઈશુ. "

આ બનાવનો ખુલાસો કરવા માટે અમારે પ્રથમ

શિવાજી ને તેના વંશજોનો સંક્ષિપ્ત ઇતિહાસ નજર આગળ રાખવો જોઈએ.

શિવાજી જ્યારે આગ્રેથી નીકળીને દક્ષિણ ગયો, ત્યારે ગોવળકોંડાના હાકેમની મદદથી બાદશાહી મુલકમાં લુટફાટ કરવા માંડી, અને બખ્યાબંધ કિલ્લાઓ ઉપર કબજો કરી લીધા. આલમગીરે એને નસીહત કરવા માટે વારવાર ફોજો મોકલી, જે કદાપિ જિતતી તો કદાપિ હારતી હતી. છેવટ ૧૦૯૦ હિજરી ( આલમગીરી વર્ષ ૨૩ ) માં શિવાજી મરણ પામ્યો, ને તેનો દીકરો શંભાજી ગાદીએ બેઠો, અને તરત બુર્હાનપુર ઉપર હુમલો કરીને ઘણીજ નિર્દયતાથી બધુ શહેર લુટ્યુ, ને બાળ્યુ. બુર્હાનપુરના આલિમો અને મશાયખોએ એક અરજી તૈયાર કરીને આલમગીર પાસે મોકલી, કે આ મુલક હવે લડાઇનુ ઘર થયુ છે, માટે હવે અહીં શુક્રવારની નમાઝ અને જમાઅત દુરસ્ત નથી ( ઇસ્લામી શરેના નિયમ પ્રમાણે ).

આલમગીરે હમણા સુધી મરેઠાઓની લાડાઇની ઝાઝી પરવા કરી નહોતી, પરંતુ આ બનાવથી એની લાગણી દુખાઇ, અને અરજીના જવાબમાં લખ્યુ, કે "હુ પોતે આવુ છુ." આલમગીરી પચીસમા વર્ષમાં તે દક્ષિણ તરફ રવાના થયો, અને અવરંગાબાદમાં પડાવ કરીને પોતાના મોટા દીકરા મોઆજ્જમને મરેઠાઓને નાબૂદ કરવા મોકલ્યો. મોઆજ્જમશાહ કોંકણનો બધો મુલક પાયમાલ કરતો કરતો છેક સીમા સુધી પહોચી ગયો. પરંતુ ખરાબ આબોહવા અને પુરતા ખોરાકના અભાવથી હજારો માણસો ને જાનવરો મરી ગયાં, તેથી આલમગીરે છેવટે તેને પાછો બોલાવી

લીધો. એ પછી વારવાર ફોજો જતી હતી, પરંતુ શભા-ને વીજાપુર તથા હૈદ્રાબાદથી મદદ મળતી રહેવાના કારણથી અવરગઝેબ ફતેહ પામી શકતો નહિ. આથી આલમગીર મરેઠાઓ તરફથી લક્ષ ફેરવીને હૈદરાબાદ તરફ નજર દોડાવી, અને એને ફતેહ કરી ખાલસા કરી નાખ્યુ

આ લડાઇથી પરવારીને ૧૧૦૧ હિજરી ( આલમ-ગીરી વર્ષ ૩૪) મા શભાજીને હરાવવા માટ મુકર્રબખાનને મોકલ્યો. તેણે કોલ્હાપુર પહોચીને મુકામ કર્યો. અહી તેને સમાચાર મળ્યા, કે શભાજી બે ત્રણ હજાર સવારોની સાથે મગમેઝમા પડ્યો છે જો કે એ સ્થળ કોલ્હાપુરથી ૪૫ કોસ દૂર હતુ, અને રસ્તો એવો વિકટ હતો, કે ઠેકાણે ઠેકાણે મુકર્રબખાનને ઘોડાપરથી ઉતરીને પગે ચાલવું પડતુ હતું, છતા એટલી ઝડપથી કૂચ કરીને પહોચ્યો, કે શભાજીને ખબર પણ થઇ નહિ, ને મુકર્રબખાને તેને પકડી પાડ્યો. મુકર્રબખાનની સાથે ફક્ત બસં ત્રણસે સવાર હતા. તેથી શભાજીએ મુકાબલો કર્યો, પણ હાર્યો, ને બાલબચ્ચા સાથે કેદ પકડાયો શભાજી એટલો જુલમી હતો, કે તેના જુલ-મથી ફક્ત મુસલમાનોજ નહિ, પરતુ હિંદુઓ પણ માહો-માહે પોકાર કરતા હતા. તેથી જ્યારે તેની કેદની ખબર ફેલાઇ, ત્યારે બધા મુલકમા ખુશહાલીના પોકારો થવા લાગ્યા. જ્યારે તેના પગમા બેડીઓ ઘાલીને આલમગીરના દરબારમા મોકલવામા આવ્યો, ત્યારે જે રસ્તેથી તે જતો હતો, ત્યા આબરૂદાર સ્ત્રીઓ પણ ઘરમાથી બહાર નીકળી આવીને ખુશહાલીના પોકારો કરતી હતી.

હવે શંભાજીને આલમગીરના દરબારમા હાજર કરવામાં આવ્યો. તેણે આલમગીરને રૂબરૂમા ગાળો દીધા, એથી આલમગીરે તેની જીભ કપાવવાનો હુકમ કર્યો આ ઠેકાણે કહેવુ જોઇએ કે આલમગીરે ૫૦ વર્ષ રાજ્ય કયુ, તેમા ફકત આજ બનાવ **અપવાદ દાખલ** છે એ વિના બીજા કોઇ પણ પ્રસંગે તેણે આવી ઘાતકી ને જગલી શિક્ષા કરી નથી

શંભાજીની સાથે તેનો દીકરો શાહુ ને તેની મા પણ કેદમા હતા. આલમગીરે એમના સબધમા એવા મોટા મનથી કામ લીધુ, કે એવા દાખલા ઇતિહાસમાથી જાુજ મળી આવશે. શાહુ એ વખતે ૭–૮ વરસનો બાળક હતો તેને હફ્ત હજારી (૭૦૦૦) નો ઓહદ્દો ને રાજાનો ખિતાબ આપ્યો, અને એની સરકાર કાયમ કરીને દીવાન ને બખશી મુકર્ર કર્યા, તથા એનો તબુ હમેશા બાદશાહી તબૂની પાસે ઉભો કરવાનો હુકમ કર્યો. મદનસગ ને ઉધવમગ એના નાના ભાઈઓની પણ એવીજ રીતે આબરૂ વધારી

બેશક આ કામ ઘણા મોટા મનનું હતુ. પણ દૂરઅદેશીથી દૂર હતું. ખાફીખાને સત્ય લખ્યુ છે, કે "એ બનાવ સાપને મારવો ને કણા ( સાપનું બચ્ચુ ) ને બચાવવા જેવો હતો " ( ખાફીખાન પૃષ્ઠ ૩૮૯. )

હિંદુ ધર્મ પ્રમાણે કેદની સ્થિતિમા રાધેલુ ખવાતુ નથી. તેથી ફકત મેવા ને મીઠાઈ ખાઈને શાહુ ગુજારો કરતો હતો. આલમગીરને એ વાતની ખબર પડી, ત્યારે

હમીદુદ્દીનની સાથે કહેવડાવ્યુ, કે તમે કેદમા નથી, પણ પોતાના ઘરમાજ છો એમ સમજો, અને કોઈ પણ જાતની હરકતવિના રાંધીને જમો (મઆસરે આલમગીરી કલકત્તામા છપાયલી પૃ૪ ૪૩૩ )

આલમગીરને તેના વિરોધીઓ ધર્માંધ અને સાકડા મનનો કહેછે. પરતુ જો ધર્માંધપણુ એનુજ નામ હોય, તો હજારો અધર્માંધપણા પણ એના ઉપર કુરબાન કરવા જોઈએ. આલમગીર શાહુ સાથે હમેશા મોટા મનથી ને મુરબ્બીપણાથી વર્ત્યો જો કે આલમગીર પછી શાહુએ સ્વતંત્રતાનો ઝુંડા ઉપાડ્યો, તોપણ આલમગીરે કરેલા ઉપકારોની તેને એટલી બધી અસર હતી, કે સૌથી પહેલા તેણેજ આલમગીરની કબરની મુલાકાત લીધી ( મઆસરૂલઉમરા પુસ્તક બીજુ પૃષ્ઠ ૩૫૧ ).

શભાજીના મરણ પછી તેનો ભાઇ રામરાજા ગાદીએ બેઠા, અને એણે ઘણી વખતે બાદશાહી ફોજનો સખ્ત પરાજય કર્યો એની ફોજના મોટા સરદારો **સંતા** ને **ધંતા** હતા, જે દસ દસ બાર બાર હજાર માણસોની ફોજ લઈ બધો દેશ લૂટતા હતા એમનો એટલો બધો કરપ બેશી ગયો હતો, કે બાદશાહી ઓહદેદારો પણ એમના મુકાબલાથી ડરતા હતા

વિરોધીઓએ આ હકીકતને ઘણા મરી મસાલા સાથે વર્ણવી છે. પરતુ ગમે તેમ હોય, એનુ પરિણામ એ આવ્યુ, કે ૧૧૦૬ હિજરીમાં **સંતા** કતલ થયો, અને રામરાજા કે

જે પોતાના કબજાના મુલકો છોડીને વરાડ પ્રાંતના કસ્બા-ઓ ને ગામડાંઓ લૂટતો ફરતો હતો, તે ૧૧૧૦ હિજરીમા મરણ પામ્યો. રામરાજા પછી એની સ્ત્રી તારાબાઇએ મરે-ઠાઓની સરદારી લીધી, ને રામરાજાની પેઠે એણે પણ ઘણા સમય સુધી આલમગીરને પજવ્યો.

હવે મરેઠાઓને તદ્દન નાબૂદ કરી નાખવાનો આલ-મગીરે ઇરાદો કર્યો. તે માટ મરેઠાઓના રક્ષણના ઠેકાણા જે તેમના કિલ્લા હતા, તેમને કબજે કરી લેવાનુ કામ પ્રથમ હતું. એ કિલ્લાઓ એવા ઉચા, સુરક્ષિત, મજબત ને ચાર તરફ ખો અને ખાઈઓથી ઘેરાયલા હતા, કે એમને તાબે કરવા એ સાધારણ માણસનુ કામ નહોતું. તેમાના કેટલાક તો બબ્બે મૈલની ઉચાઇપર આવેલા હતા. રાયગઢનો કિલ્લો કે જે ખરૂ કહીએ, તો શિવાજીનુ પાયતખ્ત હતું, તેનો ઘેરાવો ૧૨ મૈલ હતો, અને રસ્તાઓ એવા વિકટ હતા, કે કેટલાક દિવસની લાગલાગટની મુસાફરી કરવાથી એકાદ કોસ રસ્તો કપાતો હતો સેનપોલ સાહેબ રસ્તાની મુસી-બતો વિષે લખેછે, કે " ફ્રચની હાલતમા પાર ન ઉતરી શકાય એવી નદીઓ, પાણીવાળા જગલો, કાદવથી ભરેલા નાળાઓ, અને સાકડા માર્ગોએ કેટલુ બધુ દુઃખ દીધુ હશે ! ! ! જ્યારે ખોરાકી ન મળતી, ત્યારે રોકાઈ જવું પડતુ હતું, ને ઘાસચારો ન મળવાથી ભાર ઉપાડનાર જાન-વરોની સ્થિતિ એવી થઈ જતી હતી, ક લસ્કર હાથ પગ વગરનુ થઇને બેશી રહેતુ આતો વરસાદની મોસમની સ્થિતિ હતી. ઉનાળામા રસ્તાઓનુ કષ્ટ, તબૂઓનું દુઃખ, ને પાણી ન મળવાની મુસીબત અવર્ણનીય હતી. "

આલમગીરની ઉમર આ વખતે ૮૨ વર્ષની થઇ ચુકી હતી, છતાં એ જવામર્દ બાદશાહે પોતે લશ્કરનુ ઉપરીપણું સ્વીકાર્યું; અને છેવટે એક એક કરીને બધા કિલ્લાઓ ફતેહ કરી લીધા. એલ્ફિન્સ્ટન સાહેબ ઘણી નાખુશીથી ને લાચારીથી સાક્ષી આપે છે, કે " અવરંગઝેબ પોતાની ચાલે ચાલ્યો ગયો, અને પહેલા ચાર વર્ષમાં મોટા મોટા કિલ્લાઓ પોતાના તાબામાં કરી લીધા ઘણાક ઘેરાઓ ઘણીજ લાબી મુદ્દત સુધી પહોચતા હતા, અને ઘણી ખુનરેઝી થતી હતી, તથા બન્ને તરફથી જાતજાતની તદબીરો ને નાના પ્રકારના દગા ફટકા કરવામા આવતા હતા પરંતુ તે તદબીરો એવી એક પછી એક નિરંતર થતી, કે તેનુ વર્ણન કરવું ઘણુ મુસ્કિલ બલ્કે અશક્ય છે પરિણામ એ આવ્યુ, કે બધા કિલ્લા ફતેહ થઈ ગયા. " ( અલીગઢમા છપાયેલો એલ્ફિન્સ્ટન સાહેબકૃત ઈતિહાસ પૃષ્ઠ ૧૧૧૭ )."

એવી રીતે ૧૧૧૭ હિજરી ( આલમગીરી વર્ષ ૪૯ ) મા એટલે આલમગીરના મરણ પહેલા બે વર્ષપર મરેઠાઓના કિલ્લાઓ અને સુરક્ષિત ઠેકાણા ફતેહ થઇ ગયા, અને આલમગીરે કૃષ્ણા નદીની પાસે આવેલા દેવાપુરમા મુકામ કરીને હુસેનકિલીચખાનને બધા મુલકમાં શાન્તિનો ઢઢેરો ફેરવવાના કામપર મુકરર કર્યો, અને પોતપોતાના ઘરોમાં આવીને વસવા માટે રૈયતને સમજુત આપવામાં આવી ( મઆસરે આલમગીરી પૃષ્ઠ ૫૦૭. ).

મરેઠાઓ હવે તદ્દન નિરાશ્રિત ને ઘરબાર વિનાના થઇ જવાથી લુટારૂઓની પેઠે અહીં તહીં છાપા મારવા

લાગ્યા જ્યારે કોઇ નવો દેશ તાબે થાય છે, ત્યારે ઘણા સમય સુધી સામાન્ય રીતે દેશની એવી જ સ્થિતિ રહે છે. જ્યારે અંગ્રેજ સરકારે બ્રહ્મદેશ તાબે કર્યો, ત્યારે જોકે એ લોકો પાસે લડવાના કાઇ હથિઆર નહોતા, છતાં પણ કેટલાંક વર્ષ સુધી આવી ગડબડ ચાલુ રહી, ને તેથી બ્રિટિશ ફોજને ગામડાઓ ને કસ્બાઓમા આગ લગાડતી ફરતી હતી. ખુદ હિંદુસ્તાનમા શુરૂઆતની અમલદારીમા લાબા સમય સુધી પિંઢારાઓ સેકડો મેલની મુસાફરી કરતા હતા ને જ્યાસુધી અગ્રેજ સરકારે એમને મોટી મોટી જાગીરો આપીને રાજી ન કર્યા ત્યાસુધી શાન્તિ થઈ નહિ

આથી વિશેષ પક્ષપાત ને અન્યાયીપણુ બીજુ કયુ હશે, કે પાશ્ચાત્ય ઇતિહાસકારો એ લુટારૂપણાને એવા રૂપમા વર્ણવેછે, કે જાણે મુગલાઈ રાજ્ય એક મુડદાલ લાશ હતી ! ! ! જેને મરેઠાઓ ગીધની પેઠે ચારે તરફથી કાઢી ખાતા હતા. એલ્ફિન્સ્ટન સાહેબ લખે છે, કે “ જેમ જેમ મરેઠાઓ અવરંગઝેબની મહાન ફોજની પાસે આવતા ગયા, તેમ તેમ તેમની મુશ્કેલીઓ વધતી ગઈ તે એટલે સુધી કે કોઈ કોઇ વખતે લશ્કરના પાદર સુધી લુટતા મારતા આવતા હતા. તેઓ ખોરાકી રોકતા, જાનવરોને નજર આગળથી ઉપાડી જતા, ઘાસ કાપનારાઓને મારી નાખતા, પહેરા ચોકીવાળાઓની મસ્ખરીઓ કરતા અને તેમને એટલા બધા લાચાર કર્યા હતા, કે જ્યાસુધી બળવાન રક્ષકોનો સમૂહ સાથે ન હોય ત્યા સુધી એકલ દોકલથી તો છાવણીની બહાર પણ જઇ શકાતું નહિ. વગેરે ”

• ત્યારે શું ઇતિહાસકારની ઇચ્છા મરેઠાઓનુ બળ અને આલમગીરની નિર્બળતા ઘણી ભપકાદાર ઇબારતમાં વર્ણવાની છે ? ખોરાકી લુટી જવી, જાનવરોને ઉપાડીજવા, પહેરા ચોકીવાળાઓને સતાવવા, ને ઘાસ કાપનારાઓને મારી નાખવા વગેરે વગેરે મરેઠાઓના જે ગુણો વર્ણવ્યા છે, તે તો લુટારૂઓ ને વાટપાડુઓના છે. આજે આટલી બધી શક્તિ ને રાજ્યબળ છતા પણ સરહદ તરફના પ્રાંતોમા ખુદ ઇંગ્રેજ સરકારની સાથે સરહદ તરફ વસનારી જાતો એજ પ્રકારના અડપલા કરે છે. તો શું એથી ઇંગ્રેજ સરકારની નિર્બળતા ને સરહદ તરફ વસનારી જાતોનુ રાજ્યબળ અને પ્રૌઢતા સાબિત થઇ શકે છે ?

એ વાત યાદ રાખવી જોઇએ, કે કદી પણ અમુક મળાયા, રાજ્ય કે કોમનો એકદમ નાશ કરી શકાતો નથી. ઉદેપુરના રાજ્યનો બાબરે સખ્ત પરાજય કર્યો, પરતુ અકબરના સમયમા એજ બળ કાયમ હતુ અકબરે ઘણા બળથી હુમલો કર્યો, અને કેટલાક મહીના ઘેરો રાખી ઉદેપુરને સંપૂર્ણ રીતે ફતેહ કરી લીધુ મહારાણાએ નાશીને જગલો ને પહાડોમા રક્ષણ લીધુ, છતા જહાગીરના સમયમા ઉદેપુરની તેજ જુવાની હતી. હવે શાહજહાં યુવરાજ હતો, ત્યારે તે ગયો, અને એવી સરસ રીતે લડયો, કે મહારાણાએ ઢાલ નાખી દીધી, અને પોતાના દીકરા કરણને તાબેદારી જાહેર કરવા માટે મોકલ્યો. કરણે દરબારમાં આવીને જહાંગીરની સામે જમીનપર માથું મૂકી દીધુ. પરંતુ જ્યારે શાહજહા પોતે

ગાદીએ બેઠા, ત્યારે આ નમેલુ માથુ પાછુ ઉચુ થયુ. શાહજહાંએ બીજી વખતે ફતેહ મેળવી. પરંતુ આલમગીરના સમયમા તેજ ઉદેપુર અકબરના સમયનુ ઉદેપુર હતુ. અલબત આલમગીરે લાગલાગટ હુમલા કરીને તેને પાયમાલ કરી નાખ્યુ હતુ, ને તે પછી ફરીથી તેણે માથુ ઉચુ કર્યું નથી

મરેઠાઓ શાહજહાના વખતમા પુરી શક્તિ મેળવી ચુક્યા હતા તેઓ દક્ષિણથી મદ્રાસ સુધી ફેલાઈ ગયા હતા ઘણા મજબત ને આકાશની સાથે વાતો કરતા સેકડો કિલ્લાઓ તેમના કબજામા હતા. એ સિવાય તે એક નવી જીવતી જાગતી કોમ થઇ ગઇ હતી, અને આ તેમનો ખરેખરો જુવાનીનો સમય હતો એવા સમયમા આલમગીરને તેમનો મુકાબલો કરવો પડ્યો છતા જુઓ પરિણામ શું આવ્યુ ? આલમગીર જીવતોજ હતો, ને શિવાજી મરણ પામ્યો, શભાજી માર્યો ગયો, રામરાજા રખડી રઝળીને મુઓ, ને સંતાનુ માથુ કપાઇને દરબારમા આવ્યુ અર્થાત બળવાનો ઝુડો ઉઠાવનાર પ્રત્યેકનો નાશ કરવામા આવ્યો બધા કિલ્લાઓ ઉપર કબજો કરી લીધો, અને દક્ષિણથી મદ્રાસ સુધી હાક વાગી રહી. જાણે કે “ જગલનો એવો કોઇ કાંટો નથી, કે જે શિકારના લોહીથી ખરડાયલો ન હોય, આ જગલથાથી જે શિકારી ગયો છે, તે એક આફત જેવો હતો. ” ( ફારસી કવિતા ). એ કવિતામાં લખ્યા પ્રમાણે મરેઠાઓની હાલત થઇ.*

* અર્થાત અવરંગઝેબ જાણે એવો શિકારી હતો, કે તેના શિકારના મેદાનમાનો પ્રત્યેક કાટો પણ લોહીથી ખરડાયલો હતો

હવે મરેઠા એ કોઈ સત્તા કે કોમ નહોતા ઘરબાર વિનાના લુટારૂ હતા, કે જે અહીં તહીં ભટકતા અને લાગ ફાવતાં છાનામાના લુટફાટ કરતા હતા. આલમગીર તે પછી મરણ પામ્યો. હવે ઉડતા રજકણોનો નાશ કરવાનું કામ તેના વશજોનું હતું. પ્રારબ્ધના પ્રતાપે મુગલાઇ ગાદી મુઆજીમ જેવાના હાથમા આવી, અને નિર્દય ઈતિહાસકારોએ નાલાયક કપુતોના વાક પ્રતિષ્ઠિત પૂર્વજોના નામપર ચડાવી દીધા. એથી વધારે કયો અન્યાય થઈ શકે છે, કે આજે નિશાળનો એક એક વિદ્યાર્થી કે જેના મોમાથી હજુ દૂધની ગધ આવે છે, તે આલમગીર ઉપર ટીકા કરવા તૈયાર છે! પરતુ ખરૂ પૂછો તો એમા એ નાદાનોનો વાક નથી. વાક ફકત ઈતિહાસકારોનોજ છે, અને ફસાદનું મૂળ કારણ એઓજ છે.

---

# પ્રકરણ ૩ જું.

## અવરંગઝેબ—આલમગીર.
## અને
## હિંદુઓનું નારાજીપણું.

**આલમગીરના** અપરાધનામામાં આનો નબર ચોથો છે. પરંતુ આ અપરાધ પોતે કેટલાક અપરાધોનો સમૂહ છે. એટલે કે:—

૧ આલમગીરે પોતાની વર્તણુકથી અત્યાર સુધી મુગલાઇ રાજ્યના સહાયક હતા એવા રજપુત સરદારોને નારાજ કર્યા.

૨ આલમગીરે બધા હિંદુઓને નારાજ કર્યા.

પહેલા અપરાધને લેનપોલ સાહેબ આ શબ્દોમા વર્ણવે છે "મુગલાઈ અમલની શુરૂઆતમાં તેનો જમણો હાથ ગણાતી રજપુત કોમ અત્યારે એવી રીતે જુદી પડી, કે તે ફરી મળશે એવી આશા રહીજ નહિ. જ્યાંસુધી અકબરના તખ્તઉપર આ મહાન ધર્મિષ્ઠ નર રહ્યો, ત્યા સુધી એની મદદ ને રક્ષણાર્થે એકપણ રજપુતે પોતાની આગળી હલાવવાનુ ઇચ્છ્યુ નહિ."

આ અપરાધનો ખુલાસો લેનપોલ સાહેબે નીચે પ્રમાણે કર્યો છે. "ઈ. સ. ૧૬૮૮ મા અવરગઝેબના સૌથી સાચા મિત્ર અને સૌથી વધારે બળવાન રજપૂત રાજા જશવતસિંહ કાબુલમાં ગવર્નર હતો, અને તેનો અતકાળ નજીક આવી પહોચ્યો હતો. છેવટે અવરગઝેબ નિર્ભય થઈ ગયો, ને હિંદુઓની પાયમાલીની હિકમત કે જે દરેક સાચા મુસલમાનનો ઉદ્દેશ હોવો જોઇએ, તે કરવાનો વિચાર કર્યો. અત્યાર સુધી અવરગઝેબે હિંદુઓને કોઈ રીતે સતાવ્યા નહોતા, અને ધર્મ સબધી કાંઈ હરકત આવી નહોતી. પરતુ એમા શક નથી, કે અવરગઝેબ પોતાના ઇસ્લામી જોશનું મનમાંને મનમા પાલણપોષણ કરી રહ્યો હતો, કે જેથી નુકસાનની ધાસ્તી વિના કાફરોના મુકાબલામાં વખત આવતાં તેને જાહેર કરવામા અડચણ પડે નહિ. એમ જણાય છે કે, એ વટાળીઓ ઈ. સ. ૧૬૮૯ માં જાહેર થયો."

"અવરગઝેબે બીજું એક સાકડા મનનું કામ જશવતસિંહના સબધમાં કર્યું. તેણે ઇચ્છા દેખાડી, કે જશવતસિંહના બન્ને કુવરોને કેળવણી લેવા માટે દિલ્હી મોકલી

રેવા, અને બેશક તે તેમને પોતાની દેખરેખ નીચે રાખીને મુસલમાન કરી લેત. ”

“ રજપુતોએ હુકમનો અમલ ન કર્યો, અને જ્યારે તેમણે સાભળ્યુ, કે અવરંગઝેબે તેજ જુનો ઇસ્લામી ટેક્સ (જજિયાવેરો) એક હિંદુપર કાયમ કર્યો છે, ત્યારે તેમના ક્રોધની કાંઈ સીમા રહી નહિ. ”

પાશ્ચાત્ય ઈતિહાસકારો જે આરોપ મૂકે છે, તે ઘણાજ ઝુલા હોય છે, અને તેથી એનો જવાબ દેવો એ ઘણીજ સહેલી વાત થઈ પડે છે. પરતુ આટલુ બધુ છતાં જવાબ દેનાર સખ્ત મુસ્કેલીમાં આવી પડે છે, કારણ કે એક જુઠા આરોપનુ વર્ણન કરતાં લાગલાજ બીજા ઘણા જુઠા આરોપો તેઓ ગોઠવી દે છે. જવાબ દેનાર એક જુઠાણાનો જવાબ દેવાની ઇચ્છા રાખે છે, તો સામે બીજુ જુઠાણું નજરે પડે છે; ને તે તરફ મો કરે છે, તો ત્રીજુ જુઠાણું ડોકીઉ કરતું દેખાય છે. લાગલાગટ અસત્ય વર્ણન અને ખોટા તોહમતોના સમૂહપર એને એકદમ ગુસ્સો આવી જાય છે, અને તેથી તે અસલ બનાવને પ્રકાશમા લાવવા માટે શાન્તિ ને નિરાંત દિલથી ધ્યાન આપવાને ઠેકાણે ગભરાઈ જઇને કાબૂની બહાર જતો રહે છે.

ખુદ મારાપર એવીજ અસર થઈ છે. પરતુ હુ એ હરીફો માટે એવો લાગ નાહે આવવા દઉ, કે તેઓ મારા ગુસ્સાથી લાભ મેળવી શકે. પાશ્ચાત્ય ઇતિહાસકારો એ હિંદુઓની નારાજીનાં જે કારણો બતાવ્યા છે, તેમાં ભૂલ ખાધી છે. અર્થાત ધર્મ સંબંધી અને પોલિટિકલ વાતોને

ભેળસેળ કરી દીધી છે. તેથી એનો જવાબ આપ્યા પહેલાં અગત્યની વાત એ છે, કે બંનેને માટે જુદો જુદો વાદવિવાદ કરવો. અમે પ્રથમ પોલિટિકલ કારણોથી આરંભ કરીએ છીએ.

હિંદુઓના બળના ત્રણ મધ્ય બિંદુઓ હતાં. જયપુર, જોધપુર અને ઉદેપુર એમાથી જયપુર ને જોધપુર તદ્દન તાબે થઈ ગયા હતા, પરંતુ ઉદેપુરની એવી હાલત હતી, કે બાબરથી શાહજહાનના સમય સુધી હુમલાની વખતે એનું માથુ નમી જતું, અને હુમલો કરનાર જતા રહેતા, તો પાછુ ઉચુ થતુ શાહજહાએ જ્યારે પોતાના મંદવાડના સમયમા દારાશિકોહને બધો અધિકાર આપી દીધો, ત્યારે જયપુર ને જોધપુરમા જયસિંહ ને જશવતસિંહ રાજા હતા. આલમગીર જ્યારે દક્ષિણથી આગ્રે આવવા નીકળ્યો, ત્યારે દારાશિકોહની તરફથી જશવતસિંહ એક ભારે લશ્કર લઇને ઉજ્જેનમાં પડ્યો હતો. આલમગીરે અતિશય આજિઝીથી કહેવડાવ્યુ, કે હુ ફકત શહેનશાહને જોવા જાઉછુ, માટે તમે રસ્તો રોકો નહિ પરંતુ જશવતસિંહે માન્યુ નહિ, અને ત્યાં જબરી લડાઇ થઈ. તેમાં જશવતસિંહે ગુનોહ માફ કરાવવા માટે હિલચાલ કરવા માંડી, અને આલમગીરે મોટા મનથી તેનો ગુનોહ માફ કર્યો. જ્યારે શુજાની સાથે લડાઇ કરવાનો વખત આવ્યો, ત્યારે આલમગીરે જશવતસિંહને બાદશાહની જમણી તરફ રહેનાર ફોજનો ઉપરી બનાવીને મોકલ્યો, પરંતુ પ્રથમથી શુજા સાથે ગોઠવણ કરી રાખ્યા પ્રમાણે જે વખતે બને ફોજો સામસામે પડી હતી, તે વખતે જશવતસિંહ પાછલી રાત્રે આલમગીરની ફોજ-

માથી નીકળીને એકાએક બધી ફોજ સાથે શુજા તરફ ચાલ્યો ગયો, અને એની ફોજે બાદશાહી સામાન ને ખજાનો લૂટવા માંડ્યો. આથી એટલી બધી અવ્યવસ્થા થઈ, કે આલમગીરની અર્ધી ફોજ જશવતસિંહની સાથે શુજાના લશ્કરમા મળી ગઈ. આ એવો નાજુક સમય હતો, કે એની બરદાસ્ત આલમગીરજ કરી શકે. આલમગીરની દૃઢતા ચળી નહિ, અને એવા વખતમાં પણ એનીજ ફતેહ થઇ. કેટલાક સમય પછી જ્યારે જશવતસિંહનુ કોઈ સ્થળે ઠેકાણું ન પડ્યું, ત્યારે ફરી માફીની દરખાસ્ત કરી. આલમગીરે પાછુ પોતાનુ મોટુ મન દેખાડી માફી બક્ષી. પણ જશવતસિંહ શરમને લીધે **મોં દેખાડવાનું** ઇચ્છતો નહોતો, તેથી આલમગીરે તેની પદવી, ખિતાબ ને જાગીર પાછાં આપી અહમદઆબાદનો સૂબો ઠરાવ્યો, અને વારવાર તેને મોટી લડાઈ ઉપર પણ મોકલતો હતો, ( આ બધી હકીકત ખાફીખાન વગેરે તમામ ઇતિહાસોમાં છે પરતુ ખુલાસેથી વર્ણન મઆસરૂલ ઉમરા પુસ્તક ત્રીજામાં છે. ) અને દક્ષિણમાં શિવાજીના મુકાબલા માટે પણ મોકલ્યો હતો. પરતુ આ હુલ્લડખોરે અહી પણ પોતાનો જાતીયસ્વભાવ દેખાડ્યો. એલ્ફિન્સ્ટનસાહેબ લખે છે કે, " રાજા જશવતસિંહ શાહજાદા મોઆઝીમના સ્વભાવ ઉપર કાબૂ રાખતો હતો, અને બાદશાહ કરતાં હિંદુઓનો વધારે હિતેચ્છુ હતો. તેમજ લોકોને પણ ભરોસો હતો, કે તે લોભી છે, અને દ્રવ્યની વાત થોડી ઘણી માને છે. તેથી એ ઉપાયોવડે શિવાજીએ તેને પોતાનો મિત્ર કરી લીધો ( અલીગઢમાં છપાયેલો એલ્ફિન્સ્ટનસાહેબકૃત ઈતિહાસ પૃષ્ઠ ૧૦૫૭. મઆસરૂલઉમરા પણ એ વાતની સાક્ષી આપે છે ).

જશવતસિંહ એટલાથીજ સતોષ પામ્યો નહિ. બલ્કે રાવ ભાવસિંધ હાડાને, કે જે બુંદીનો રાજા ને સેહ હજારી (૩૦૦૦) ની પદવીપર હતો, તેને પોતાના પક્ષમા લેવાનુ ધાર્યું. પણ જ્યારે હાડાએ નિમકહરામી કરવાની ના પાડી, ત્યારે એની બહેન કે જે જશવતસિંહની રાણી હતી, તેને વતનથી બોલાવીને પોતાની મદદગાર બનાવી. તોપણ આ વફાદારે સગાઈ કરતા નિમકહલાલીને વધારે પસદ કરી ( મઆસરૂલઉમરા ભાવસંગનુ વર્ણન ) છેવટે જશવતસિહ કાબુલની ચઢાઈ ઉપર મુકરર થયો, અને આલમગીરી ૨૨ મા વર્ષમા મરણ પામ્યો

જશવતસિંહ જ્યારે મરણ પામ્યો, ત્યારે તેને કાઈ સતાન નહોતુ. પરતુ તેના કારભારીઓએ ખબર આપી, કે તેની બે રાણીઓને ગર્ભ છે. પછી લાહોરથી ખબર આપી, કે બને રાણીઓએ બે કુવરોને જન્મ આપ્યો છે. તેથી એમને જાગીર, ઓહદો અને ખિતાબ આપવા જોઈએ આલગીરે હુકમ મોકલ્યો, કે બનેને દરબારમાં મોકલી આપો, અને જ્યારે તે ઉમરલાયક થશે, ત્યારે તેમને તે આપવામા આવશે. ( મઆસરે આલમગીરી પૃ૪ ૧૭૭. )

મુગલાઈ દરબારનો એક સામાન્ય નિયમ હતો, કે જ્યારે કોઇ મોટો ઓહદેદાર નાના બાળક મૂકી મરણ પામતો, ત્યારે બાદશાહ તેમને બોલાવીને પોતાના રક્ષણ નીચે ઉછેરતો હતો, અને શાહજાદાઓને છાજતી વર્તણુક તેમની સાથે ચલાવવામા આવતી હતી. આ નિયમ પ્રમાણેજ આલમગીરે જશવતસિંહના કુવરોને બોલાવ્યા હતા. પરતુ

જશવંતસિંહે જેવી વર્તણુક હમેશા ચલાવી હતી, તેવાજ ગુણ તેના કારભારીઓમાં પણ હતા, તેથી તેઓ બાદશાહના ઉપલા હુકમની રાહ પણ ન જોતાં દિલ્લી તરફ આવવા નીકળી પડયા. પણ અટક નદી ઉપર દરિઆઇખાતાના વડાએ નદી ઉતરવાનો પરવાનો માગ્યો, તે તેમની પાસે ન હોવાથી તેમને રોક્યા, તેથી લડાઈ થઈ. તેમાં ઘણાક માણસોને કતલ કરીને બળાત્કારે નદી ઉતરી ગયા. તેઓ જ્યારે રાજધાનીની પાસે આવ્યા, ત્યારે તેમણે અસભ્ય અને હુલ્લડખોરો જેવી વર્તણુક ચલાવી હતી, માટે આલમગીરે હુકમ કર્યો, કે તેમણે શહેરની બહાર મુકામ કરવો, ને કોટવાલને આજ્ઞા કરી, કે એમને નજરકેદ રાખવા. કેટલાક દિવસ પછી તેમાના કેટલાક રજપુતોએ સ્વદેશ જવાની રજા માગી, અને આલમગીરે તેમને રજા આપી. તે વખતે એ દગાબાજ લોકો કપટ કરીને જશવતસિંહના કુવરોને છાનામાના લઇને નાશી ગયા, ને તેમને ઠેકાણે એ બનાવટી કુવરોને મૂકતા ગયા. (ખાફીખાન.)

જશવતસિંહના સરદારો તે બાળકોને લઇને જોધપુર પહોચ્યા. ઉદેપુરના મહારાણાએ તેમને આશરો આપ્યો. આલમગીરે મહારાણાને હુકમ કર્યો, કે બળવાખોરોનો મદદકર્ત્તા મટી જઇને જશવંતસિંહના બાળકોને હવાલે કરી દે. પણ મહારાણાએ માન્યુ નહિ. છેવટે આલમગીરે જોધપુર ઉપર લશ્કર મોકલ્યુ, તેથી મહારાણાએ તાબેદારી કબૂલ કરી, જશવંતસિંહનાં બાળકોને આશરો ન આપવાનું કબૂલ કર્યું. પણ તે એ શરતથી તરતજ ફરી ગયો. જેથી આલમગીરે એનો બદલો લેવા માટે બધી તરફથી ફોજો મગાવી, અને

પોતાના નાના દીકરા અકબરને તેનો સેનાપતિ બનાવીને ઉદેપુર મોકલ્યો. પરતુ મહારાણાએ લાલચ આપી, કે આપ ગાદીનો દાવો કરો તો અમે આપને બાદશાહ તરીકે કબૂલ રાખીશુ. આ કપટમા અકબર આવી ગયો, ને એ કપુત ૭૦ હજાર ફોજ લઇને આલમગીરના મુકાબલા માટે ચાલ્યો. આલમગીરની સાથે આ વખતે ફકત એક હજાર સવાર હતા પરતુ એની દઢતામા ફેર ન પડ્યો, ને છેવટે શાહજાદો અકબર હારીને નાઠો

વસ્તુસકળના જાળવવા માટે તથા બધો બનાવ એકદમ નજરની સામે આવી જાય, તે માટે અમે એ બનાવોને ટુંકાણમા પતાવ્યા છે. પણ હવે નીચેની વાતો વિચારવા જેવી છે

૧ શુ આલમગીરે રજપુત રાજ્યો સાથે અયોગ્ય વર્તણુક ચલાવી હતી? અને તેથીજ તેઓ બળવો કરવા તૈયાર થયા હતા?

૨ શુ આલમગીર રજપુતોને તાબે ન કરી શક્યો ?

૩ શુ રજપુતો આ બનાવ પછી સદાને માટે આલમગીરથી જુદા પડી ગયા હતા ?

પાશ્ચાત્ય ઈતિહાસકારોના અભિપ્રાય પ્રમાણે આ સવાલોનો સામટો જવાબ એ છે, કે " આલમગીરે રજપુતોને છંછેડીને તેમને બળવા માટે તૈયાર કર્યા, ને પછી તેમને સારી રીતે પુરો ન પડી શક્યો, તેથી રજપુતો સદાને માટે મુગલાઈ રાજ્યથી જુદા પડ્યા." ઉપર લખી ગયા છીએ, કે રજપુતોનાં ત્રણ મધ્યસ્થળ હતાં. એમાથી જયપુર સદા તાબેદાર રહ્યું. એલ્ફિન્સ્ટન સાહેબ પણ એ વાતને કબૂલ કરીને લખે છે, કેઃ—

" જ્યારે રજપુત રાજાઓએ પોતાના સમૂહમાના એક રાજાના કુટુંબ ઉપર જજિઆવેરો લાગુ કરેલો, અને બીજો જુલમ થતો જોયો, ત્યારે બધા રજપુતો એકત્ર થઈ ગયા. પરતુ જયપુરનો રાજા રામસિંહ, કે જેના કુટુબનો સબંધ સગપણ વગેરેના કારણથી કેટલીક પેઢીઓથી ચાલતો આવતો હતો, અને પ્રતિષ્ઠિત ઓહદાઓથી તે સંબંધ મજબૂત થયો હતો, તે એ ઐક્યમા મળ્યો નહિ. "

હવે ફક્ત જોધપુર ને ઉદેપુર રહી ગયા. જોધપુરનો રાજા જશવતસિંહ હતો. એણે આલમગીર સાથે આ પ્રમાણે વર્તણુક ચલાવી. પહેલા આલમગીર સાથે મુકાબલા માટે તૈયાર થયો, આલમગીરે તેનો પરાજય કર્યો, ને માફી આપીને સેનાપતિ બનાવ્યો. પરતુ શુજાની સાથેની લડાઈમાં રાત્રે છુપી રીતે દુશ્મનોને મળી ગયો. તેથી આલમગીરની બધી ફોજ વીખરાઇ ગઈ. આલમગીરે ફરી માફી આપી, ને જાગીર, ખિતાબ ને ઓહદો આપીને દક્ષિણમાં મોકલ્યો. ત્યા શિવાજી સાથે મળી ગયો. હવે એના મરણ પછી રજપુતો આલમગીરને દરખાસ્ત કરે છે, કે " એના એક મહીનાના છોકરાઓને રાજા બનાવી દો. " આલમગીર જવાબ આપેછે, કે " એમને દરબારમા મોકલો. લાયક ઉમરના થશે, ત્યારે સૌ મળી રહેશે. " રજપુતો જવાબની પણ રાહ જોતા નથી, ને અટક નદી ઉપર બાદશાહી નોકરોને મારફાડ કરતા દિલ્લી પહોંચે છે. આલમગીર એમને નજરકેદ કરે છે. આ બધા બનાવોમાં કઈ વાત ઈન્સાફથી વિરૂદ્ધ છે ! ! !

એલ્ફિન્સ્ટન સાહેબ ફરમાવે છે, કે " જ્યારે રજપુત

રાજાઓએ પોતાના સમૂહમાંના એક રાજાના કુટુંબ ઉપર એવો જુલમ જોયો. " આ જુલમ તે કયો ? શું જશવતસિંહના રજપુત સરદારોની વર્તણુક એવી હતી, કે આલમગીર તેમના ઉપર ભરોસો રાખી શકે ? શુ સગીર ઉમરનાં બાળકોને દરબારમા બોલાવવાં એ જુલમની વાત છે ? શુ રજા વિના પાયતખ્ત તરફ આવવાનો રજપુતોનો વિચાર હુકમનુ અપમાન ન કહેવાય ? દરિઆઇખાતાના વડાએ તેમને રોકયા, એ રોકવાનો તેને હક નહોતો ? દરિઆઇખાતાના અધિકારીની સામે થવું, ને તેના નોકરોને મારી નાખવા, એ હુલ્લડખોરોનુ કામ ન કહેવાય ? શું આટલુ બધુ છતાં તેમને નજરકેદ કરવા એ ન્યાયથી વિરૂદ્ધ છે?

લેનપોલ સાહેબ, " રજપુતોએ આજ્ઞા ન માની ને ક્રોધ દેખાડયો, " એનું કારણ આ પ્રમાણે આપેછે. "જો બાળકોને દરબારમા મોકલવામા આવત, તો તેમને આલમગીર મુસલમાન કરી લેત. " પરતુ વિચાર તો કરો, કે જ્યારે આલમગીરે શિવાજીના પૌત્ર શાહુને કેદ કર્યો, ત્યારે તેની ઉમર ૭ સાત વર્ષની હતી. આલમગીરે તેને પોતાના રક્ષણમા રાખ્યો હતો, બાદશાહી તબુની પાસે તબુ રાખવામા આવતો હતો, તથા હફ્ત હજારીની પદવી ખિતાબ, નોબત ને નિશાન આપ્યાં હતા, અને એવી રીતે મરતા સુધા જારી રાખ્યું હતું તો એને કેમ મુસલમાન ન કરી લીધો ? શિવાજીના પૌત્ર ઉપર તો જશવંતસિંહના દીકરાઓ કરતા વધારે જુલમ કરવા જેવું હતું.

એક બીજું કારણ લેનપોલ સાહેબ એવું બતાવેછે,

કે " જજિઆવેરો લાગુ કરવાની ખબર રજપુતોને પડી હતી, તેથી તેમના ક્રોધની કાંઇ સીમા રહી નહોતી. " જજિઆવેરાની હકીકત આગળ ધર્મના વિષયમાં આવશે. તેથી અમે એને હાલમાં અહીં લખતા નથી.

બીજી વાત વિચારવા જેવી એ છે, કે આલમગીર રજપુતોને જેર કરી શક્યો કે નહિ ? લેનપોલ સાહેબ લખેછે, કે " રજપુત સાપને જરા જેટલો ધસરકો લાગ્યો હતો, પરંતુ તે મર્યો નહોતો. લડાઈ તો ચાલુજ હતી. છેવટે ઉદેપુરના રાણાએ કે જેને રજપુતો તરફથી વધારે નુકસાન પહોચ્યું હતું, (તેણે) અવરગઝેબની સાથે એક લાભકારી સલાહ કરી લીધી, કેમકે આ લડાઇથી હવે અવરગઝેબ ગભરાઇ ગયો હતો. આ કરારનામામા દુષ્ટ જજિઆવેરાનુ નામ પણ નહોતું, પરંતુ રાણો શાહજાદા અકબર સાથે મળી ગયો હતો, એ ગુનાહના બદલામા તેને પોતાના મુલકનો એક નાનો કડકો આલમગીરને આપવો પડયો પાછળથી ઉદેપુરના રાણાએ એ કરારનામા ઉપર થોડાજ વખતમા પાણી ફેરવ્યુ. "

ઓહોહો ! ! ! ! ! આ થોડીક લીટીઓમાં કેટલો બધો જુઠનો ભેડોળ છે ! ! ! એલ્ફિન્સટન સાહેબ કહેછે, કે —

" ખુદ અવરંગઝેબને એ લડાઇના અંતની ઇચ્છા થઇ, અને તેથી પોતાની યુક્તિઓ વડે ઉદેપુરના રાજાને સલાહનું કહેણુ મોકલવા તૈયાર કર્યો, અને જ્યારે અહીંથી દરખાસ્ત કરવામાં આવી, ત્યારે તરત શાહે મજૂર કરી લીધી, અને જજિઆવેરો પડતો મૂક્યો. તેમજ જજિયાવેરાના

બદલામાં, મુલકનો જે ભાગ લીધો હતો, તે અકબરને મદદ કરવાની ગુનેહગારી પેટે રાખી લીધો. ”

પરતુ અસલ બનાવ એ છે, કે જોધપુર ને ઉદેપુર બને રાજ્યોને આલમગીરની ફોજોએ પાયમાલ કર્યા હતાં, અને મહારાણા ઉદેપુર પોતાના મુકામથી નાશીને ઠેઠ સીમાડા સુધી જતો રહ્યો હતો. છેવટે જ્યારે બધી રીતે લાચાર થયો, ત્યારે શાહજાદા આઝમની મારફતે સિફારશ કરાવી અને માદલપુર તથા બધનુર જજિઆવેરાના બદલામા આપવાનુ કબૂલ કર્યું. આલમગીરે ફરી પોતાનું મોટુ મન દેખાડ્યુ, અને આલમગીરી ચોવીસમા વર્ષમા જ્યારે રાણો દરબારમાં હાજર થયો, ત્યારે ખિલઅત, ખિતાબ ને પજ હજારીની (મઆસરે આલમગીરી તથા મઆસરૂલ ઉમરા પુસ્તક બીજુ પૃષ્ઠ ૨૦૮ રાણા કરણની હકીકત ) પદવી ઇનાયત કર્યા

વિચાર કરો ઉપલા વિશ્વાસલાયક ઇતિહાસોથી સાબિત થાય છે, કે રાણાએ લાચાર થઇને માફીની ઇચ્છા દેખાડી હતી. એલ્ફિન્સ્ટન સાહેબ વગેરે ફરમાવેછે, કે “આલમગીરે પોતે લાચાર થઇને કોશિશ કરી હતી.” ઉપલા ઇતિહાસોમા છે, કે રાણાએ જજિઆવેરા પેટે પ્રગણાં આપ્યા પાશ્ચાત્ય ઇતિહાસકારો કહેછે, કે જજિયાવેરાનુ નામ પણ નહોતું. પણ એ પ્રગણાં અકબરને મદદ આપી તેના દડ બદલ હતાં, એલ્ફિન્સ્ટન સાહેબ અને લેનપોલ સાહેબની સાધારણ ટેવ છે, કે દરેક સ્થળે ઇતિહાસોનો હવાલો આપે છે. પરંતુ આ સ્થળે કોઈ પણ પુસ્તકનો હવાલો આપ્યો નથી. વળી લેનપોલ સાહેબ કહેછે, કે “ રાણાએ કેટલાક સમય પછી એ કરારનામાની શરતો ઉપર પાણી ફેરવી

દીધુ." એ જુઠાણું આથી પણ હડહડતું છે. આ જુઠમાં તો બીજો કોઈ પણ એમનો સાથી નથી. માટે અમે પણ એ ઉપર તકરાર કરતા નથી. છેલ્લી વાત એ છે, કે શું આ બનાવ પછી રજપુતો સદાને માટે મુગલોથી જુદા પડી ગયા, અને લેનપોલ સાહેબના કહેવા પ્રમાણે શુ "તેમણે પછીથી કદી પણ આલમગીરની મદદ માટે આગળી હલાવવાની પણ ઇચ્છા કરી નથી?"

પાછલા બધા બનાવો આલમગીરી ૨૪ મા વર્ષ સુધીમાં પુરા થાય છે. ઉદેપુરનો મહારાણો જગતસિંહ એજ વર્ષમાં મરણ પામ્યો, અને આલમગીરે એના દીકરા જયસિંહને ખિલઅત, દિલાસાપત્ર અને ખિતાબ આપ્યા. આલમગીરી ૨૫ મા વર્ષમાં અવરગઝેબ દક્ષિણમા ગયો, અને મરણ-પર્યંત એજ ભાગોમાં મરેઠાઓ સાથે લડતો રહ્યો. એ લડાઇઓમાં મુગલાઇ ફોજમા રજપુતો તથા મુસલમાનો બંને જોવામા આવે છે. કેમકે ઇતિહાસોમાં જ્યાં જ્યાં ફોજનું વર્ણન આવે છે, ત્યા ત્યા રજપુતોનુ નામ અવશ્ય આવે છે. દાખલા તરીકે ખાફીખાન ૧૧૧૩ હિજરીના એક મરેઠી ઘેરાની હકીકતમા તથા આલમગીરી ૩૬ મા વર્ષની હકીકતમાં જે વર્ણન આપે છે, તેમા રજપુતોનુ નામ જરૂર છે. (જુઓ પૃષ્ઠ ૫૩૫ આલમગીરનું વર્ણન તથા પૃષ્ઠ ૪૯૯.)

યુરોપીઅન ઇતિહાસકારો કહે છે, કે "એક પણ રજપુતે આલમગીરની મદદમાં આંગળીએ હલાવી નથી." પરતુ સત્ય એ છે, કે ફક્ત ફોજમાંજ રજપુત સિપાઇઓ હતા, એટલુજ નહિ, પણ રજપુતોના મોટા મોટા રાજા અને મહારાજા છેલ્લી ઘડી સુધી આલમગીરની સાથે લશ્કરી કા-

મોમાં શામિલ હતા અને મુસલમાનોના જમણા હાથ તરીકે તેમણે મરેઠાઓની પાયમાલી કરવામાં ભાગ લીધો હતો. રજપુતોનુ અસલ બળ જોધપુર, જયપુર ને ઉદેપુરનાં રાજ્ય હતાં. ઉદેપુરના બે કુવરો આલમગીરની ફોજમાં પ્રતિષ્ઠિત ઓહદા ઉપર હતા, અને છેલ્લી ઘડી સુધી સાથે રહ્યા હતા. મહારાણાના મરણ પછી ( આલમગીરી ૨૫ મુ વર્ષ ) તેના કુંવર રાજા જયસિંહને શોકની ખિલઅત આપી હતી. ઇંદ્રસિંહ કે જે જોધપુરના રાજાનો સંબંધી હતો, તેને જશવંતસિંહના મરણ પછી આલમગીરે રાજાનો ખિતાબ આપ્યો, અને દક્ષિણની સવારીપર મોકલ્યો. એણે ઘણીજ ઇમાનદારીથી પોતાનું કર્ત્તવ્ય રૂડી રીતે બજાવ્યુ, અને તેથી એને આલમગીરી ૪૮ મા વર્ષમાં ત્રણ હજારીનો ઓહદો મળ્યો. ( મઆસરૂલ ઉમરા અમરસિંહનું વર્ણન. )

માનસિંહ રાઠોડ કે જેની પદવી ત્રણ હજારીની હતી, તેને આલમગીરી ૩૫ મા વર્ષમાં જુલ્ફકારખાંની સાથે દક્ષિણની સૌથી પ્રખ્યાત ચડાઈ ચંજી ઉપર નીમ્યો. ( મઆસરૂલ ઉમરા અમરસંગનું વર્ણન. ) જયપુરના સરદારોની વફાદારી તો યુરોપીઅન ઇતિહાસકારો પણ કબૂલ રાખે છે.

મઆસરૂલ ઉમરામાં બીજા ઘણાક રજપુત રાજાઓ અને સરદારોની ખુલાસાવાર હકીકત આપી છે, કે જેઓ આલમગીર સાથે દક્ષિણની ચડાઇમાં શામિલ હતા, અને ઘણીજ બહાદુરી તથા વફાદારી સાથે પોતાના સ્વધર્મી મરેઠાઓ સાથે લડતા હતા. શકેબી શાઇરે અકબરના સમયમાં કહ્યુ હતું, કે " જેવી રીતે તેના સમયમાં × × × × કે હિંદુઓ ઇસ્લામી તલવાર મારે છે " આ ટૂંક ફકત અકબરના સમયમાંજ નહિ, પણ આલમગીરના સમયમાં પણ સત્ય હતી,

અને જો આજે મુસલમાની રાજ્ય હોત તો આજે પણ ખરી પડત, અર્થાત હિંદુઓ ઇસ્લામી તલવાર વાપરત.

વિચાર કરો, કે જયપુર, જોધપુર ને ઉદેપુરના રાજાઓ આલમગીરની સાથે દક્ષિણમાં મરેઠાઓની સામા લડે છે. રજપુત લોકો મુસલમાનોની સાથે ફોજમાં બરાબર શામિલ છે. રજપુત સરદારોને ત્રણ હજારી ને ચાર હજારીની પદવીઓ આપવામાં આવે છે. ઉદેપુરનો રાજા નાની ઉમરનો છતાં ઘણીજ બહાદુરીથી મરેઠાઓનો મુકાબલો કરે છે. એવા એવા બનાવો સાબિત થઈ ચૂક્યા પછી પણ શુ યુરોપીઅન ઇતિહાસકર્ત્તાઓના આ કહેવામાં કાંઈ સત્યતાનો અંશ છે, કે " આલમગીરે રજપુતોને એટલા બધા નારાજ કર્યા હતા, કે ફરીને તે કદી પણ મુગલાઈ નિશાનની નીચે આવ્યા નહિ. " ફુલની મોસમની હકીકત બગીચામાં રહેનાર પક્ષીઓથી સાંભળો. કાગડાઓ આ હકીકત ઘણીજ અસંબદ્ધ રીતે કહે છે. ( ફારસી કવિતાનો અર્થ. )" મતલબ કે પાશ્ચાત્ય લોકોને હિંદુસ્તાનની ખરી હકીકતની શી ખબર હોય ! ! ! ! !

---

# પ્રકરણ ૪ થું.

## અવરંગઝેબ—આલમગીર
## અને
## હિંદુઓની સામાન્ય નાખુશીનાં કારણો.

આલમગીરના અપરાધોમાં આ અપરાધ સૌથી મોટો બલ્કે અપરાધોનો સમૂહ છે.

(૧) આલમગીરે હિંદુઓને સરકારી નોકરીમાંથી બાતલ કર્યા.

(૨) તેમના ધર્મ સંબંધી વાર તેહવાર ને મેળા બધ કર્યા.

(૩) તેમની પાઠશાળાઓ બધ કરી.

(૪) તેમનાપર જઝિઆવેરો નાખ્યો.

(૫) તેમના મદિરો તોડી નાખ્યા. અર્થાત એમને એટલા બધા સતાવ્યા, કે તેઓ જાણે કકળાટ કરી ઉઠયા, કે "એટલો જુલમ કર, કે કદાપિ કોઇને કહેવામા આવે તો સાભળનારને ભરોસો પડે" સારાશ કે હદથી વધારે જુલમ થવા લાગ્યો.

એ બધા અપરાધોમા કેટલાક તો જુજ ને કેટલાક કોઇ અમુક બનાવ સાથે સબંધ રાખે છે. વિરોધીઓએ એને સાર્વજનિક ઠગવી દીધા, ને કેટલાકના ખુલાસા ભૂલ ભરેલા છે, ને કેટલાક કોઈ અનિવાર્ય કારણથી થયા છે. તેથી અમે પ્રત્યેકને જુદો જુદો વર્ણવીએ છીએ. પરતુ સૌથી પહેલા એક અગત્યની વાત કહેવાની જરૂર છે.

અકબરે જે પોલિસિ કાયમ કરી હતી, તેથી તેણે હિંદુઓને રાજ્યના મદદગાર બનાવી લીધા હતા. છતાં પણ અકબરની શક્તિની છાપ તેમના મન ઉપર પડી ગઈ હતી, તેથી તેઓ પોતાની હદથી આગળ વધ્યા નહિ. જહાગીરની નરમી ને એશઆરામે તેમને હિંમતવાન બનાવ્યા, અને હવે તેમણે સ્વતત્રતા જાહેર કરવા માંડી. જહાંગીરની ઉશ્કેરણીથી નરસિંગદેવ બુદેલાએ જહાંગીરના યુવરાજપણાના સમયમા અબુલફઝલને દગાથી કતલ કર્યો હતો, અને તેની સાથે જે બાદશાહી ખજાનો હતો, તે તથા બીજો

સરસામાન લૂટી લીધો હતો. જ્યારે જહાગીર ગાદીએ બેઠો, ત્યારે આ સેવાના બદલામાં નરસિંગદેવે મથુરામાં મંદિર બાંધવાની રજા માગી, જે જહાંગીરે આપી. નરસિંગદેવે અબુલફ્ઝલની લૂટમાંથી જે પૈસો મળ્યો હતો, તે વડે મંદિર બંધાવવા માંડ્યું. શેરખાન લોદી કે જે અબુલફ્ઝલને અધર્મી કહેતો હતો, તે આ બનાવથી રાજી થઇને લખે છે, કે "અધર્મીના માલથી મંદિર બંધાયુ, તે "હરામનો માલ હરામને રસ્તે ગયા" જેવું થયુ. (તઝકિરએ મિરઅતુલખિયાલ શેરખાન લોદી કલકત્તામા છપાએલી પૃષ્ઠ ૧૨૫ ને ૧૨૬.)

અકબરના સમયમા ધર્મ સબંધી એટલી બધી છૂટ હતી, છતાં ઘણું કરીને કોઈ નવું મંદિર બંધાયુ નથી. જહાગીર જો કે અકબર કરતા ધર્મિષ્ઠ હતો (કેમકે કોટ કાગડાની ફ્તેહ વખતે ગૌવધ શરૂ થવાથી રાજી થયો હતો.), તો પણ રાજ્યમાં પ્રથમ જેટલી શક્તિ નહોતી. તેથી ફ્કત કાશીમાજ ૭૬ નવાં મંદિરો બધાયા હતા. (જેની વિગત આગળ આવશે.) આ બનાવથી અમે ધર્મ સબંધી છૂટની વિરૂદ્ધ છીએ એવું ધારવુ નહિ, પરંતુ આગળ જે હકીકત લખવાના છીએ તેને આ બનાવ સાથે ખાસ સંબધ છે.

અર્થાત હવે હિંદુઓએ ખુલ્લી રીતે મુસલમાનો ઉપર જુલમ ને બળાત્કાર શરૂ કર્યા. તે અહીં સુધી કે હિંદુઓ મુસલમાન સ્ત્રીઓ ઉપર બળાત્કાર કરવા લાગ્યા, તથા મસ્જિદોનો નાશ કરી તેના મંદિરો બનાવવા લાગ્યા. એવાં જ મંદિરોનો શાહાજહાએ નાશ કર્યો હતો (આ હકીકત ખુલાસાથી અબુલહમીદ લાહોરી કૃત શાહજહાનનામામા છે. સંપૂર્ણ ખુલાસાથી એ ઇતિહાસ શાહજહાંના હુકમથી લખાયો

છે. પુસ્તક બીજું શાહજહાનનું ૭ મું વર્ષ પૃષ્ઠ ૫૭—૫૮ કલકત્તામાં છપાયલો. ).

આ હકીકત વાંચો, અને વિચારપૂર્વક નિહાળો. શાહજહાં પુરો જુસ્સાદાર મુસલમાન હતો, ને એ વાતની સાબિતી સ્થળે સ્થળે થઇ ચૂકી છે. એના રાજ્યના છઠ્ઠા વર્ષમાં કાશીમાં નવાં બંધાયલાં મંદિરો પાડી નાખ્યા છતાં પણ હિંદુઓની શક્તિ એટલી બધી વધી ગઈ હતી, કે હિંદુઓ બળાત્કાર કરતા હતા, અને મસ્જિદો તોડીને મંદિરો તથા ઇમારતો બધાવતા હતા.

શાહજહાંનને ખબર થઇ, તો તેણે કાંઈ સામાન્યશિક્ષા ન કરતા ફકત એટલુજ કર્યું, કે તેવી સ્ત્રીઓને હિંદુઓના કબજામાથી છોડાવી દીધી, ને જે મસ્જિદોને તોડી નાખીને મંદિરો બંધાવ્યા હતાં, તેની પાછી મસ્જિદો બનાવી દીધી.

શાહજહાં જ્યા સુધી શક્તિપૂર્વક રાજ્ય કરતો રહ્યો ત્યા સુધી હિંદુઓ બળાત્કાર કરી શક્યા નહિ. પરતુ છેવટ બધી સત્તા દારાના હાથમાં ગઈ. તે ખુલ્લી રીતે હિંદુપણું જાહેર કરતો હતો, તે તેણે કરાવેલા ઉપનિષદોના તરજુમાથી સિદ્ધ થાય છે. તે લખે છે કે, “ખરેખરી રીતે જોતાં કુરાનેશરીફ ઉપનિષદમાંજ છે.”

હવે વિચાર કરો, કે તે હિંદુઓ કે જેમને અકબરે પોતાના સહાયક કર્યા હતા, જે જહાંગીરના સમયમા મુસલમાનોની દોલત વડે મંદિરો બંધાવતા હતા, અને શાહજહાંના સમયમાં મસ્જિદોના મદિરો કરી નાખતા હતા, મુસલમાનો ઉપર બળાત્કાર કરતા હતા, પોતાની પાઠશાળાઓમાં મુસલમાન બાળકોને પોતાના ધર્મની કેળવણી આ-

પતા હતા, (આલમગીરી ૨૨ મા વર્ષ સુધી આ રિવાજ ચાલુ હતો. જેનું વર્ણન આગળ આવશે.) તેમના દ્વારા જોવા હિમાયતીની શીતળ છાયામાં શક્તિ, બળાત્કાર અને જુલમના થર્મોમીટરમાં પારો કેટલા અંશ સુધી પહોંચ્યો હશે ! ! ! ! ! યાદ રાખો કે આલમગીરને જે હિંદુઓ સાથે પાનું પડ્યું હતું, તે આજ હિંદુઓ હતા.

હવે અમે અસલ તકરારી વિષય તરફ વળીએ છીએ.

**હિંદુઓને સરકારી નોકરીમાંથી બાતલ કરવા—**

યુરોપીઅન ઇતિહાસકારોએ પોતાની જુની રૂઢિ પ્રમાણે આનુ પણ રૂપાંતર કરી નાખ્યું છે. એટલે કે "સરકારી નોકરીથી બધા હિંદુઓને બાતલ કરવાનુ અવરગઝેબે ધાર્યું, પણ તે તેમ કરી શક્યો નહિ." એલ્ફિન્સટન સાહેબ લખે છે, કે "પરતુ આ સરક્યુલર બધા હાકેમો તરફ મોકલવામાં આવ્યો, કે આયદે કોઈ હિંદુ નવો નોકર રાખવો નહિ, અને તમારા તાબામાં હાલ જે જગાઓ છે, તે બધી જગાઓ ઉપર મુસલમાનોનેજ નીમવા." પરતુ અસલ વાત ફક્ત એટલીજ છે, કે ૧૦૮૨ હિજરીમાં એણે એવો હુકમ કર્યો હતો, કે સૂબેદારો અને તાલુકદારોના પેશકાર અને દીવાનો તથા ખાલસાની ઉપજ વસૂલ કરનાર હિંદુઓ રાખવા નહિ. (ખાફીખાન.)

ઉપલા ઓહદાઓ ઉપર ઘણા ખરા કાયસ્થ હતા, કે જેઓ લાંચ લેવામાં પ્રખ્યાત છે. તેથી આ હુકમને ધર્મભેદ સાથે કાંઈ સબંધ નથી. છતાં પણ એ હુકમ કાયમ રહ્યો નહિ. બલ્કે એમાં સુધારો કરવામાં આવ્યો, કે "એક પેશકાર હિંદુ તો એક મુસલમાન રાખવો." (ખાફીખાન આલમગીરનું વર્ણન પૃષ્ઠ ૨૫૨.)

હિંદુઓ લાંચ ખાઈ શકે નહિ, તથા નાણાં ઉચાપત કરી શકે નહિ, તેટલા માટેજ આ ગોઠવણ કરી હતી. એ વિના બીજું શું ધારી શકાય? જો ધર્મભેદ સાથે એને સંબંધ હોત, તો મુસલમાનો સાથે એમને રાખવાની શી જરૂર હતી!

આ તકરારનો જો કે અહીંજ અંત આવી જાય છે. પરતુ યુરોપીઅન ઇતિહાસકારોએ આ ખોટી હકીકત ઘણા શોરબકોરથી પ્રખ્યાત કરી દીધી છે. તેથી આલમગીરના હિંદુ ઓહદેદારોની એક ટીપણ અમે આ સ્થળે આપીએ છીએ. એ ટીપણ સંબધે નીચેની વાતો યાદ રાખવાની છે.

૧ આ ટીપણ સાદી રીતે મઆસરે આલમગીરી ઉપરથી ઉપજાવી કાઢી છે, કે જે પુસ્તક આલમગીરની હકીકત વિષે વધારે વિશ્વાસપાત્ર છે.

૨ જેઓ મોટા મોટા ઓહદાઓ ઉપર હતા, તેમનાજ નામ લખ્યા છે. સાધારણ ઓહદેદારો અને લશ્કરી માણસોનો એમા સમાવેશ થતો નથી.

૩ જ્યારથી આલમગીરના ધર્માંધપણાનો સમય શરૂ થવાનું કહેવામાં આવે છે, તે પછી જે ઓહદેદારો નોકરીપર કાયમ હતા, તેવાજ ઓહદેદારોને આમાં દાખલ કર્યા છે.

૪ આ ઓહદેદારોમાંથી ઘણાક મરેઠાઓ સાથેની લડાઇમાં શામિલ હતા, તેથી સાબિત થાય છે, કે જે રીતે અકબરના સમયમા હિંદુઓ મુસલમાનોની સાથે હળીમળીને પોતાના સ્વધર્મીઓ સાથે લડતા હતા, તેજ રીતે આલમગીરના સમયમાં પણ વર્તતા હતા.

૫ એમાંથી કેટલાક ઓનરરી ઓહદેદારો હતા, અને એમણે ફકત આબરૂને માટેજ ઓહદો કબૂલ કર્યો હતો.

| અનુક્રમ નબર | નામ | ઓળખાણ | કાયમ થયાનું વર્ષ, પ્રોમોશન મળ્યાનુ વર્ષ, ઓહદો મળ્યાનુ વર્ષ ( આ વર્ષો આલમગીરી છે. ) |
|---|---|---|---|
| ૧ | રાજા ભીમસંગ. | ઉદેપુરના મહારાણા રાજસંગનો કુવર, ને મહારાણા જયસંગનો ભાઇ. | આલમગીરી ૨૧ મા વર્ષમાં દક્ષિણમાં આવ્યો, ને બુર્હાનપુરની ચડાઇમા શામિલ થયો. સને ૩૮ માં પજહજારીની પદવીએ પહોચી મરણ પામ્યો. |
| ૨ | ઇંદ્રસંગ. | ઉદેપુરના મહારાણા ( જેસંગ ) નો ભાઇ. | સને ૪૩ માં બેહજારી થયો, અને સને ૪૮ મા ત્રણહજારી થયો. |
| ૩ | બહાદુરસંગ. | એજન. | સને ૪૩ મા દોઢ હજારી થયો. |
| ૪ | રાજા માનસંગ. | રૂપસંગ રાજાનો દીકરો. | સને ૨૬ માં માદલપુર અને બધનુરનો ફોજદાર થયો, ( આ પ્રગણાં ઉદેપુરના રાણાએ જઝિઆવેરાના બદલામા આપ્યાં હતાં. ) સને ૪૩ માં ત્રણહજારી થયો. |

| | | | |
|---|---|---|---|
| ૫ | અચળજી. | શિવાજીનો ભાઈ. | સને ૨૯ મા પંજહજારી પદવી ને નોબત નિશાન વગેરે મળ્યાં. |
| ૬ | અર્જુનજી. | શંભાજી (શિવાજીના દીકરા) નો પીતરાઇ ભાઇ; | સને ૩૮ માં બેહજારીની પદવી મળી. |
| ૭ | માણુકોજી. | શંભાજીના નોકરોમાંથી હતો. | સને ૩૧ માં બેહજારીની પદવી મળી. |
| ૮ | રાવ અનોપસંગ. | રાવ કરણનો દીકરો. | સને ૩૧ માં નોકરીની ખિલઅત મળી. |
| ૯ | રાજા અનોપસંગ. | | સને ૩૧ માં સક્કરનો કિલ્લેદાર થયો. |
| ૧૦ | રાજા ઉદયસંગ. | | સને ૩૬ મા ઇરજનો ફોજદાર અને અઢી હજારી થયો. |
| ૧૧ | ઉદયસંગ. | કિલ્લે ખેલનાનો કિલ્લેદાર. | સને ૪૭ માં ૩ા હજારી થયો. |
| ૧૨ | વાસુદેવસંગ. | જંદનકરાનો જમીનદાર. | સને ૪૯ માં ત્રણ હજારી થયો. |
| ૧૩ | કાનોજી સરકીયા. | | પહેલાં પંજહજારી હતો, સને ૪૯ માં એક હજારીનો વધારો થયો. |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | સતરસાલ બુંદેલા. | | સને ૪૪ મા તારા કિલ્લાનો કિલ્લેદાર થયો. |
| ૧૫ | વિષ્ણુસંગ. | રાજા રામસંગના દીકરા કુવર કૃષ્ણસંગનો દીકરો. | સને ૨૫ મા ૧૪૦૦ સવારનો ઉપરી થયો. |
| ૧૬ | રામચંદ | ખનાલુના થાણદાર. | સને ૪૦ મા અઢી હજારી થયો. |
| ૧૭ | લોકચંદ. | શાહજાદા આજમશાહનો નાયબ ને નોકર. | સને ૨૯ મા બહાદુરસંગને હરાવ્યો તેના બદલામા રાયેરાયાનો ખિતાબ મળ્યો. |
| ૧૮ | ભાકુ વણજારો. | | સને ૪૨ માં પંજહજારી થયો. |
| ૧૯ | જકીઆ. | નસરતઆબાદનોદેશમુખ | સને ૫૦ મા ત્રણ હજારી થયો. |
| ૨૦ | દુર્ગાદાસ રાઠોડ. | | સને ૨૯ માં ત્રણ હજારીની પદવી મળી. |
| ૨૧ | રૂપસંગ. | રાજા ઉદયસંગનો કુવર. | સને ૪૧ માં એકહજારી મનસબનું પ્રોમોશન મળ્યું. |
| ૨૨ | સોભાણુ. | સતારાનો કિલ્લેદાર. | સને ૪૩ માં પંજહજારી ઓહદો, ખિલઅત ને નોબત વગેરે મળ્યા. |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | શિવસંગ. | રાહીરીનો કિલ્લેદાર. | સને ૪૭ માં દોઢહજારી થયો. |
| ૨૪ | માન્ધાતા. | નુસરતજંગ ફોજના સંબંધી કાનુરાવનો દીકરો | સને ૫૧ મા મહમનત કિલ્લો જિતવા ઉપર મુકરર થયો. |
| ૨૫ | કિશોરદાસ. | મનોહરદાસ ગોરનો દીકરો. | સને ૨૬ મા શોલાપુરનો કિલ્લેદાર થયો. |
| ૨૬ | રાજા કલ્યાણસંગ. | ભદાવરનો જમીનદાર. | સને ૪૦ મા દરબારમા હાજર થઇને સાતસો ઉપર બસોનો વધારો થયો. |

આ ટીપણમાં બીજી પણ કેટલીક વાતો ધ્યાનમાં રાખવાની છે. પ્રથમ એ કે એમાં મહારાણા ઉદેપુરના કુવરો અને ભાઇઓના નામ પણ છે. આશ્ચર્યકારક તો એ છે, કે એમાં શિવાજીના સંખ્યાબંધ સગાંવહાલાંના નામ નજરે પડે છે એમની કારકીર્દી વાંચો તો જણાશે, કે એ ફકત નામના ઓહદેદારો નહોતા, બલ્કે સવારીઓમા આશ્ચર્યકારક રીતે જીવને જોખમે લડતા હતા. આ ઓહદેદારોમાં લશ્કરી ને મુલકી બંને પ્રકારના ઓહદેદારો છે. હવે વિચાર કરો, કે લશ્કરનુ ઉપરીપણું, કિલ્લાઓની કિલ્લેદારી, જિલ્લાઓનો બંદોબસ્ત અને ફોજદારીથી વિશેષ જોખમના અને ભરોસા લાયક બીજા કયા ઓહદાઓ હોઈ શકે ? એ બધા ઓહદાઓ હિંદુઓને મળતા હતા.

આ બનાવ પછી "રજપુતોએ આલમગીરની મદદ માટે એક આંગળી પણ હલાવવાનું ઇચ્છયુ નહિ."—એ લેનપોલ સાહેબના વાક્યપર નજર કરો.

**જજિઆવેરો**—આ આરોપ એટલા માટે મૂકવામાં આવે છે, કે લોકો જજિઆની હકીકત ને જ્ઞાનથી વાકેફ નથી. જજિઆ ઉપર એક ખુલાસાવાર જુદુ પુસ્તક અમે લખ્યુ છે, અને એનો ઇગ્રેજીમાં પણ તરજુમો થઈ ગયો છે, અને તેનું ગુજરાતી ભાષાંતર મિ. તાજુમીઆં વાલામીઆં ભાવનગર હાઇસ્કૂલના આસિસ્ટટ માસ્તરે કર્યું છે. એ વાંચવાથી સમજાશે, કે જજિઆવેરો ના પસંદ કરવા જેવો વેરો નહોતો. બલ્કે બીજી કોમોના હકમાં તો તે આશીર્વાદ રૂપ હતો. હા, હિદુઓ એથી નારાજ થયા, એમાં

કાંઈ શક નથી. પરંતુ જે ટેકસ ઘણા સમયથી બંધ કરવામાં આવ્યો હોય, તે જો પાછો નવેસરથી કાયમ કરવામાં આવે, તો તે પસંદ નજ પડે એ દેખીતું છે.

**મેળાઓનું બંધ કરવું**—આલમગીર આનંદી ને મોજીલો નહોતો, એ વાતની અમે પણ હા પાડીએ છીએ. તેને મેળા, નાચરંગ, ગાવું, બજાવું ને શરાબબાજી વગેરે બધી જાહેર ભપકાની વાતોની ચીડ હતી. એવી વસ્તુઓને તે ઇચ્છતો નહોતો, અને તે એવું સમજતો હતો, કે એથી નીતિ ઉપર નઠારી અસર થાય છે. એણે ખાનગી લડાઇઓથી પરવારતાજ એ તરફ ધ્યાન લગાડયુ. મુગલાઇ દરબારનો કાયદો હતો, કે મોટા મોટા પ્રખ્યાત ગવૈયાઓ દરબારમા નોકર હતા, અને બાદશાહો રોજ અમુક સમયે એ ગમતમા ભાગ લેતા હતા. એવીજ રીતે દરબારમા કવિઓ અને જોશીઓ પણ નોકર હતા. આલમગીરે ૧૦૭૮ હિજરીમાં હુકમ કર્યો, કે ગવૈયાઓ દરબારમા આવે, પણ ગાય નહિ. પાછળથી તેમને તદ્દન રજા આપવામા આવી. દરબારમાં આદાબ કોરનિશનો જે કાયદો હતો, તે બંધ કર્યો. બાદશાહ ઝરૂખામાં બેસીને દર્શન કરાવતા હતા, અને એથી દર્શનીધર્મ નીકળ્યો હતો, કે જે બાદશાહના દર્શન કર્યા વગર ખાતા પીતા નહોતા. જો કે આ રીત રાજ્યને લાભકર્ત્તા હતી, છતા આલમગીરે બંધ કરી. ૧૦૭૯ હિજરીમા બુર્હાનપુરમાં તાબૂત ફેરવવાના સંબંધમાં બે ટોળાં વચ્ચે લડાઇ થઇ, ને મોટો બળવો જાગ્યો, જેથી ઘણી ખૂનરેજી થઈ. તે ઉપરથી હુકમ કર્યો કે તાબૂત કાઢવાં નહિ (ખાફીખાન

આ વર્ણનને ખુલાસાથી લખે છે પૃષ્ઠ ૨૧૩—૨૧૪. ). એની સાથેજ હિંદુઓના મેળા પણ બંધ કરી દીધા. તેથી ખોટા વહેમી ઇતિહાસકર્ત્તાઓએ એ કામ એણે ધર્માંધપણાથી કર્યું, એવું પરિણામ કાઢ્યું.

**પાઠશાળાઓ બંધ કરાવી**—ઇરાની ઇતિહાસકારો કે જે આલમગીરની દરેક વાતને દૂષણનુ રૂપ આપી વર્ણવે છે, તથા તેમને એવી પણ ટેવ છે, કે કોઈ અમુક સ્થિતિની સાથે સંબધ રાખતા એકાદ બનાવને સામાન્ય બનાવ તરીકે જાહેર કરે છે. ઉપર વાંચી ગયા છો, કે શાહજહાનના સમયમા હિંદુઓ મુસલમાનો પર બળાત્કાર કરતા હતા, અને દારાના કારભારે તો એમને ઘણાજ બળવાન બનાવી દીધા હતા તેઓ પોતાની પાઠશાળાઓમાં મુસલમાન બાળકોને પોતાના ધર્મની કેળવણી આપતા હતા, અને એવી લાલચો દેખાડતા હતા, કે દૂર દૂરથી મુસલમાનો એમની પાઠશાળાઓમાં આવી દાખલ થતા હતા.

આલમગીરે એવીજ પાઠશાળાઓ બધ કરાવી હતી. ખોટા વહેમી ઇતિહાસકારોએ એવું લખી માર્યું, કે હિંદુઓની બધી પાઠશાળા તથા ભક્તિનાં સ્થળો તોડી નાખ્યા. છતા એવા લેખકોના લખાણુમાં પણ ખરી બિના છાની રહેતી નથી ( મઆસરે આલમગીરીમા એ સબધી લખાણ છે. પૃષ્ઠ ૮૧. ), કેમકે તેથી ઉપર લખ્યા પ્રમાણેજ હકીકત માલૂમ પડે છે. પરંતુ ધર્માંધ ઇતિહાસકર્ત્તાઓએ તેને સામાન્ય બનાવ તરીકે વર્ણવી દીધો છે. ( એમની સાધારણ ટેવજ એવી છે. ) આલમગીરે અમુક નોકરીઓ પરથી હિદુઓને બર તરફ કર્યા

હતા, કે જેનું વર્ણન અમે ઉપર કર્યું છે. પરંતુ આ ઇતિહાસકારો કહે છે, કે કારકુનો, મુન્શીઓ વગેરે લખવાનું કામ કરનાર બધા હિંદુઓને બર તરફ કર્યા હતા (પૃષ્ઠ ૫૨૮).

અર્વાચીન ઇતિહાસકારોએ પણ એ બનાવને કબૂલ કર્યો નથી. આલમગીરે હિંદુઓની વિરૂદ્ધ જે હુકમો કર્યા હતા, તે બધા હુકમો ખાફીખાન રાજી થઇને લખે છે, છતાં આ બનાવ તેણે પણ લખ્યો નથી

**મંદિરોનો નાશ**—આલમગીરના અપરાધોમા આ અપરાધ સૌથી મોટે અક્ષરે લખવામાં આવે છે, અને જો આલમગીરે શાન્તિના સમયમાં પોતાની રૈયતના મંદિરો તોડી પાડયાં હોય, તો તેથી તે ઇસ્લામની ખરી હકીકત સમજતો નથી, એમ કહેવામા કાંઈ પણ ખોટુ નથી. પેગંબર સાહેબની પછી ગાદીએ બેસનાર ચાર ખલીફાઓ (ખુલફાએ રાશિદીન) થી વધારે ઇસ્લામનો મદદગાર બીજો કોણ હોઈ શકે? તેમણે સેંકડો હજારો શહેરો જિત્યાં, ને દુનિયાના મોટા મોટા દેશો તેમના તાબામા આવ્યા. તેમની કારકીર્દીના બનાવોનો એક એક અક્ષર ઇસ્લામી ઇતિહાસોમાં મોજૂદ છે. છતાં તેમા એક પણ બનાવ એવો નથી, કે જેમા એમના હાથથી એક પણ ભક્તિમંદિરને હરકત કરવામાં આવી હોય. અમે આ વિષયને ખુલાસાથી હકૂકુજ્જિમ્મીન નામના પુસ્તકમાં લખી ચૂક્યા છીએ. આલમગીરે જો એથી વિરૂદ્ધ કર્યું, તો બેશક તે આ ખાસ મામલામાં ઇસ્લામનો ખરેખરો પ્રતિનિધિ નથી. પરતુ અમારે ધ્યાનપૂર્વક જોવું જોઇએ, કે એ બનાવની અસલ શી છે?

સાધારણ રીતે એક મોટી ભૂલ તો એ છ, કે આજના લોકો સુધારાના ચશ્મા ચડાવી તે વડે પાછલા સમયને જુએ છે, પરતુ આજે તો ધર્મ અને પોલિટિકસ બંને જુદાં જુદાં છે. જેના મનમાં આવે, તે સરિયામ રસ્તા ઉપર ઉભો થઇને ઇંગ્રેજ સરકારના ખ્રિસ્તિ ધર્મ ઉપર ટીકા કરી શ્રોતાઓને પોતાના ધર્મમાં લાવી શકે છે, ને એવું કરવાની રજા કાંઈ પણ હરકત વગર ઇંગ્રેજ સરકાર આપે છે. પરતુ એજ ગવર્નમેન્ટ માણુસોની મંડળીઓમા કોઈ શખ્સ સરકારના રાજકારભાર ઉપર ટીકા કરી લોકોને પોતાના પક્ષમાં લે, એવું કરવાની કદી પણ રજા આપશે નહિ. પરંતુ પ્રાચીન કાળમા એજ બનાવો બળવો ને હગામના મધ્યબિંદુ થતા હતા, અને હિંદુઓ તથા મુસલમાનો બંનેમાથી જેને કાબૂ મળતો તે એક બીજાના ભક્તિમંદિરોનો નાશ કરતા હતા. ઇતિહાસો એવા બનાવોથી ભરપૂર છે, કે હિંદુ રાજાઓએ જ્યારે સત્તા મેળવી છે, ત્યારે મસ્જિદોની બરબાદી કરી છે.

અલીઆદીલશાહ દક્ષિણીએ ૯૭૬ હિજરીમા વિજયનગરના રાજા રામરાજને નિજામશાહ બેહરીના મુકાબલા માટે પોતાની મદદે બોલાવ્યો હતો. પરતુ રામરાજા જ્યારે મદદે આવ્યો, ત્યારે અલીઆદિલશાહનાજ મુલકની તમામ મસ્જિદો બાળી નાંખી (તારીખે ફિરિસ્તા નવલકિશોર પ્રેસમાં છપાયલી પૃષ્ઠ ૩૬).

આ બનાવનેજ બીજે સ્થળે સદહુ ઇતિહાસકર્ત્તા ખુલાસાથી લખે છે, કે "અલીઆદિલશાહે રામરાજાને એવી

શરતે બોલાવ્યો હતો, કે કાફરો મસ્જિદો વગેરેનુ અપમાન ન કરે." એટલુ છતાં પણ એ લોકોએજ એવી અયોગ્ય વર્તણુક ચલાવી (તારીખે ફિરિસ્તા પુસ્તક બીજુ પૃષ્ઠ ૩૭.) એવા બીજા ઘણા દાખલા છે પણ લંબાણ કરવાની જરૂર નથી.

તમે ઉપર વાંચી ગયા છો, કે હિંદુઓ આલમગીરના સમય પહેલાં કેટલા બળવાન થઈ ગયા હતા. આલમગીરે જ્યારે એમને જુલમ કરતા રોકવાનુ ધાર્યું, તો એમનામા એક સામાન્ય ગડબડ મચી રહી. જીલકઅદ સને ૧૦૮૯ માં એટલે આલમગીરી ૧૨ મા વર્ષમા જ્યારે એને ખબર પડી, કે હિંદુઓ મુસલમાનોને પોતાના ધર્મની કેળવણી આપે છે, તો તેણે તેમને તેમ કરવાની મના કરી. આ બનાવ પછી એક મહીના બાદ મથુરામાં હિંદુઓએ ગડબડ મચાવી. જેને દાબી દેવા માટે અબ્દુન્નબીખાન મથુરાના ફોજદારને મુકરર કર્યો, ને તે એજ કામમા માર્યો ગયો (મઆસરે આલમગીરી.) એજ સમયની લગભગ એટલે ૧૦૮૦ હિજરીમા કાશીનું કાશીવિશ્વનાથ નામનુ મંદિર તથા અબુલફઝલની લૂટથી નરસિંગદેવે મથુરામાં બંધાવેલુ મંદિર પાડી નાખવામાં આવ્યાં. એ પછી ઉદેપુર વગેરેનાં મંદિરોનો વારો આવ્યો.

ઈસ્લામના વિરોધી ઇતિહાસકારોને મંદિરો શા માટે તોડી પાડયાં તે લખવાની શી જરૂર હતી? પરંતુ નીચેની બાબતો આજે પણ જાણીતી છે. તેને ફિલ્સુફીના મૂળતત્ત્વો પ્રમાણે ગોઠવો, તો ખરી હકીકત સ્પષ્ટ જણાઈ આવશે.

૧ શાહજહાંના ૭ મા વર્ષ સુધી હિંદુઓનું એટલુ બધુ બળ હતું, કે મસ્જિદોને તોડીને પોતાના ઉપયોગમાં લાવતા હતા, અને આબરૂદાર મુસલમાનો ઉપર બળાત્કાર કરતા હતા.

૨ જ્યારે શાહજહાંના છેવટના સમયમાં રાજપાટનો માલિક દારા થઈ પડ્યો ત્યારે તે તદ્દન હિંદુઓના પક્ષમાં હતો.

૩ આલમગીરના ૧૨ મા વર્ષ સુધી હિંદુઓની એવી હાલત હતી, કે છચ્ચોક મુસલમાનોને પોતાના ધર્મની કેળવણી આપતા હતા.

૪ આલમગીરે જ્યારે એમની કેળવણી બંધ કરવાનો વિચાર કર્યો, ત્યારે હિંદુઓમા ભારે ગડબડ થઈ રહી

સને ૧૦૮૧ હિજરી (આલમગીરી વર્ષ ૨૨ મું) મા ખંદેલાના ઉપર રજપુતોએ ગડબડ કરી (મઆસરેઆલમગીરી), તેથી તેમના ઉપર સવારી કરી, ને ત્યાંના મંદિરોનો નાશ કર્યો. એજ વર્ષમાં બધા રાજ્યમાં ગડબડ ઉઠી, ને ઉદેપુરના રાજ્યો ગડબડના મધ્ય સ્થળ બન્યા

૫ આલમગીરે એ ઉપરથી જોધપુર ને ઉદેપુર ઉપર ફોજ મોકલીને ત્યાના મંદિરોનો નાશ કરાવ્યો.

જે ઠેકાણે ઘણાજ જોરશોરથી હુલ્લડો થયાં હતા તેજ ઠેકાણાંનાં મંદિરોનો નાશ કરવામાં આવ્યો હતો.

આલમગીર (૨૫) વર્ષ દક્ષિણમાં રહ્યો. આ દેશમા હજારો મંદિરો હતાં. પરંતુ એણે કોઈ પણ મંદિરને આગળી સરખીએ અડકાડી હોય, એવો કોઈ ઇતિહાસમાં એકે દાખલો નજરે પડતો નથી.

ઇલોરાના પ્રખ્યાત મંદિરોમાં સૈંકડો ચિત્રો અને મૂર્તિઓ છે.

આલમગીરની કબર ઇલોરાથી એક કે બે મૈલ ઉપરજ છે, અને તેની પહેલાં થઇ ગએલા મોટા મોટા મહાત્માઓની એની આસપાસ કબરો છે. પરતુ આ ચિત્રો અને મૂર્તિઓ હજુ સહીસલામત છે. મઆસરેઆલમગીરીનો કર્ત્તા કે જે પોતે આલમગીરનો એક ઓહદેદાર છે, અને જેને મંદિરો તોડવાનુ વર્ણન લખતાં રસ ઉત્પન્ન થાય છે, તથા તે ઘણીજ ખુશી સાથે એનુ વર્ણન કરે છે, તે ઇલોરાનું વર્ણન ઘણુજ વખાણ સાથે કરે છે, અને છેવટે કહે છે, કે આ એક નવાઈ જેવુ જોવા લાયક સ્થળ છે, કે જેની ખરી ખૂબી નજરે જોવાથીજ જણાય છે. કલમ તેનું સંપૂર્ણ વર્ણન કરવાને અશક્ત છે ( પૃષ્ઠ ૨૩૮ ).

યુરોપીઅન અને હિંદુ ઇતિહાસકારો કહે છે, કે આલમગીરે મંદિરો તોડી પાડ્યાં, તેથી બળવા થયા. પરંતુ ખરી વાત એ છે, કે બળવા થયા, તેથીજ મંદિરોનો નાશ કર્યો હતો. જેવી રીતે આજે સુધરેલા સમયમાં સુદાનના મેહદીના કબરસ્તાનને ઉજડ કરવામાં આવ્યુ, તેવીજ રીતે આલમગીરે મંદિરો તોડી પાડ્યાં હતાં.

આલમગીરી પાચમા વર્ષમાં જ્યારે હિંદુસ્તાનમાં શાન્તિ ફેલાઈ ગઈ, અને આલમગીર દક્ષિણ તરફ ગયો, ત્યારે મંદિરોના નાશનો એક પણ બનાવ ઇતિહાસમાં નજરે પડતો નથી. દક્ષિણનાં ઇસ્લામી રાજ્યો ગોવળકોંડા ને વીજાપુરની સાથે લડાઈ હતી, તેથી કોઈ પણ મંદિરને હરકત કરી નથી. પણ જો ધર્માંધપણું હોત, તો અહીં સૌથી સારો લાગ હતો.

વિરોધીઓના કહેવા પ્રમાણે આલમગીર ધર્માંધ હતો,

એ કબૂલ કરીએ તો પણ શુ ? ઘણાજ ન્યાયી અને અધ-મઁાધ શાહજહાન બાદશાહને પણ એવે સમયે આલમગીર બનવું પડ્યું હતું. શાહજહાન બાદશાહની દેખરેખ નીચે અબ્દુલહમીદ લાહોરીએ લખેલા શાહજહાનનામા ( કલકત્તામા છપાયલુ પુસ્તક ૧ લુ પૃષ્ઠ ૪૫૨ શાહજહાનના છઠ્ઠા વર્ષ ) માં લખ્યુ છે, કે શાહજહાનના વખતમાં અરજી આવી, કે જહાંગીર બાદશાહના વખતમા કાશીમાં મદિરો થવા માડ્યાં હતાં, તે અધુરાં છે, તેથી હિંદુઓ આશા રાખે છે, કે તે પુરાં કરાવી નાખવાની રજા આપવા મેહેરબાની કરવી. બાદશાહે હુકમ કર્યો, કે " કાશી અને આપણા રાજ્યમાં બીજે જે જે સ્થળે દેવળો બંધાવવા માંડ્યા છે, તે બધાં પાડી નાખવા. " તેથી ફકત કાશીમાંજ ૭૬ દેવળોનો નાશ કરવામાં આવ્યો.

શાહજહાન ધર્માંધ બાદશાહ નહોતો, પરંતુ તે જાણતો હતો, કે વગર રજાએ આટલા બધા નવાં મંદિરો બધાવાથીજ હિંદુઓ મુસલમાનોની મસ્જિદોના દેવળો બનાવી દેવાની હિંમત કરવા લાગ્યા છે. તેથી તેણે નવાં મદિરોનો નાશ કરીને હિંદુઓના મુલ્કીબળનો નાશ કર્યો. આલમગીરે પણ એટલુજ બલ્કે એથી પણ ઓછું કર્યું હતું. એણે કાશીમા ફકત એક મદિરનો નાશ કરાવ્યો, અને મુસલમાનોના માલથી મથુરામા જે મંદિર બંધાવવામાં આવ્યું હતું, તે તોડાવી નાંખ્યું હતું. જો આલમગીરનો આ અપરાધ છે, તો અમે તેને તેથી બચાવી શકતા નથી.

# પ્રકરણ ૫ મું.

——xxx——

## અવરંગઝેબ—આલમગીર
## અને
## બાપ ભાઇઓના મામલાઓ

**આલમગીરના** અપરાધનામામા આ સૌથી છેલ્લો અપરાધ છે. પરતુ એ અપરાધ ફકત અપરાધજ નથી, પણ એક જબરૂં કલંક પણ છે. પાછલા અપરાધો માટે આલમગીરનો મિત્ર બચાવ કરીને કહી શકે છે, કે જો "પર રાજ્યોને તાબે કરવામાં ગુનોહ હોય, તો એ ગુનેહગારોની પંક્તિમા સિકંદર, અને નેપોલિઅનને સૌથી આગળ ઉભા કરવા જોઇએ; જો મરેઠાઓના બળવાઓને દબાવવામાં ગુનોહ છે, તો પહેલો ગુનેહગાર શાહજહાન છે, જો રજપુતોના મુલકોપર સવારીઓ કરવામાં અપરાધ છે, તો અકબરનું નામ સૌથી પહેલુ જોઇએ, કે જેણે સૌથી પહેલાં જયપુર ઉપર ચડાઇ કરી હતી, ને જ્યા સુધી રાજકુવરીઓ બાદશાહી રણવાસમાં દાખલ ન થઈ, ત્યાં સુધી એ ઇરાદાથી ખેંચાયો નહિ, તથા જો હિંદુઓને મોટા ઓહદા ન આપવામા ગુનોહ છે, તે સૃષ્ટિ ઉપર રાજ કરતી અનેક કોમોએ આજ સુધી પોતાની કોમ વિના બીજા કોઇને વજીર કે સેનાપતિ બનાવ્યો નથી; તેમના વિષે શુ કહેવામાં આવશે?"

પરંતુ આલમગીરનો મિત્ર એનો શો જવાબ આપી શકવાનો હતો, કે "આલમગીરના અંગરખાની ચાળ ઉપર

પોતાના ભાઇઓના લોહીના છાંટા છે, અને એણે જેના ઉપર જુલમ ગુજાર્યો છે, તેમાજ એના નામવર પિતા પણ છે. કે જેણે કેદખાનાનાં કષ્ટ વેઠયા છે. ”

બેશક અમારે ઘણીજ શાન્તિથી કોઈ પણ જાતના પક્ષ-પાત વિના આ ગુનાહની તપાસ કરવી જોઇએ, અને ઘણી જ સાવચેતી રાખવી જોઇએ, કે ઇન્સાફનો કાટો પક્ષપાતની તરફ નમી ન જાય.

આલમગીરના એહવાલમાં આજે ઘણાં પુસ્તકો મોજૂદ છે. પરતુ ઇતિહાસના મૂળ તત્ત્વો પ્રમાણે આલમગીરના સમયમાં જે પુસ્તકો લખાયા છે, તે ઉપરજ અમો ભરોસો રાખીશું. એ પુસ્તકો નીચે પ્રમાણે છે.

૧ **આલમગીરનામું, કાજિમશીરાઝી કૃત**—એમા શુરૂથી ૧૦ વર્ષ સુધીની હકીકત છે. એનો મુસદ્દો પ્રથમ આલમગીરને દેખાડવામા આવતો હતો.

૨ **મઆસરેઆલમગીરી, મુસ્તઅદ્દખાન સાકી કૃત**—એ આલમગીરનો ઓહદેદાર હતો; પરંતુ પ્રથમનાં ૧૦ વર્ષની હકીકત એણે આલમગીરનામા ઉપરથી સક્ષિપ્તમાં લખી છે.

૩ **મુન્તખિબુલ્લુબાબ, ખાફીખાન કૃત**—એનો પિતા આલમગીરની ફોજમાં શામિલ હતો, અને છેવટના સમયમાં ખાફીખાન પોતે પણ આલમગીરી ઓહદેદારોમાં દાખલ થયો હતો. આ પુસ્તક આલમગીરના મરણ પછી ૧૦ વર્ષે લખવામાં આવ્યું હતું. આ ત્રણે પુસ્તકો કલકત્તામાં છપાઈ ચૂક્યાં છે.

૪ **વાકિયાતે આલમગીરી, આકિલખાન કૃત**—એ આલમગીરના અમીરોમાં હતો. આ પુસ્તક જો કે આલમગીરના સમયમાં લખાયુ છે, પરંતુ આલમગીરથી છાની રીતે લખવામાં આવતું હતું. ખાફીખાને પણ એ વાત કબૂલ રાખી છે, અને તેથી એમાં તદ્દન સાચી હકીકત લખાઈ છે. એ નિઃશંક છે.

૫ **સફરનામું ડૉ. બર્નિયર કૃત**——એણે પોતાની નજરે જોએલી હકીકત લખી છે.

૬ **ફૈયાજુલકવાનીન**—એમા હિંદુસ્તાન ને ઇરાનના સુલતાનના મુરાદ, શુજા, આલમગીર અને મુગલાઈ અમીરોના કાગળો છે. જ્યારે મુરાદ આલમગીર સાથે મળી જઇને દારાના મુકાબલા માટે જવાની તૈયારીઓ કરતો હતો, તે સમયના મુરાદના કાગળો આમાં છે. એ કાગળો તથા ફરમાનોને ૧૧૩૪ હિજરીમાં મુલ્લા ફૈયાજે એકઠાં કર્યા. એની હાથે લખેલી નકલ અમારા મિત્ર નવાબ અલી હસનખાનની લાયબ્રેરીમા મોજૂદ છે, અને તે હાલમા અમારી પાસે છે.

એમાંના પહેલા ને બીજા પુસ્તકમાં જો કે ખુલાસાવાર હકીકત છે, અને તે આલમગીરને લાભકર્ત્તા છે, પરંતુ અમે એનો પુરાવો એટલા માટે નથી લેતા, કે આલમગીરનામુ તો જાણે ખુદ આલમગીરનુંજ રચેલું છે, અને મઆસરનો તે ભાગ કે જેમાં આપણી હાલની તકરારનો વિષય છે, તે આલમગીરનામાપરથી લીધેલો છે. પરંતુ જ્યાં એની સાથે બીજા ઇતિહાસકારો પણ સંમત હશે, ત્યાં અમે એનો પણ

પુરાવો રજૂ કરીશુ. શીઆ ને સુન્નીનો તફાવત બતાવવો અમને ના પસંદ છે, અને ઇસ્લામી ધર્મભેદમાં જે વિરોધ નાખે છે, તેવા કોમના દુશ્મનોને અમે ઘણાજ નીચ સમજીએ છીએ. કેટલાક તો એ વડે પોતાનું ગુજરાન ચલાવવાનો નીચ ધંધો લઈ બેઠા છે. પરંતુ ઇતિહાસકાર તરીકેની ફરજ બજાવતાં મારે લાચારીથી કહેવું પડે છે, કે આલમગીર સુન્ની હતો, ને તેના બધા ઇતિહાસકર્ત્તાઓ નેઅમતખાન, કાજિમ શીરાઝી, આકિલખાન ને ખાફીખાન શીઆ હતા.

આથી અમારી કહેવાની એવી મતલબ નથી, કે એ લોકોએ જે હકીકત લખી છે તે ધર્મની ભિન્નતાને લીધે વિશ્વાસપાત્ર નથી પરંતુ મતલબ એ છે, કે એશિઆઈ ઇતિહાસકારોની તબીઅત ઉપર ધર્મભેદની જરૂર અસર થાય છે, અને સાચુ પૂછો તો પાશ્ચાત્ય ઇતિહાસકારો પણ એ અસરથી બચી શક્યા નથી. ફકત એમનામાં એટલીજ ખૂબી છે, કે પક્ષપાતનો એ લોકો ઘણીજ સફાઇથી ઉપયોગ કરે છે, અને તેવી રીતિ એશિઆઈ ઇતિહાસકારોને આવડતી નથી.

**શાહજહાનની કેદ**—શાહજહાનને કેદ કરવાનો અપરાધ એ એક એવો અગત્યનો વિષય છે, કે તે માટે એક જુદુંજ પ્રકરણ કરવું જોઇએ. પરંતુ એનો સંબંધ દારાની સાથે એટલો બધો ધાડો છે, કે અમે બનેને એક બીજાથી જુદા પાડી શકતા નથી.

અમે દારાની બધી હકીકત ખાફીખાનમાંથી લખીએ છીએ. જ્યાં કોઈ વાત એનાથી જુદી પડે છે, ત્યાં કોઈ

ખાસ પુસ્તકનો હવાલો આપ્યો છે. દારા શાહજહાનનો મોટો ને વહાલો દીકરો હતો. તારીખ ૭ મી જિલ્હજ ૧૦૬૭ હિજરીમા શાહજહાન પેશાબ બધ થઈ જવાની બીમારીમા પડીને રાજ્યકારભારથી લાચાર થઈ ગયો. તેથી દારાએ લાગ મળવાથી રાજ્યની લગામ પોતાના હાથમા લીધી, અને એથી પહેલુ કામ એ કર્યું, કે શુજા, મુરાદ ને આલમગીરના જે એલચીઓ દરબારમા હતા, તેમને બો લાવીને કબૂલત લઈ લીધી, કે તેઓ દરબારની કોઈ પણ વાત બહાર પહોચાડશે નહિ. તે સાથેજ ગુજરાત, દક્ષિણ ને બગાળાના રસ્તા બધ કરાવી દીધા, કે વટેમાર્ગુઓ આવ જા કરી શકે નહિ, અને મુરાદ, આલમગીર ને શુજા કે જેઓ એ પ્રાતના સૂબા હતા, તેમને વટેમાર્ગુઓની મારફતે કાંઈ ખબર પડે નહિ. પરતુ છુપાવવાથી છુપો રહે એવો આ બનાવ નહોતો, અને તેથી આખા દેશમા ખબર ફેલાઈ, ને હુલ્લડો થવા લાગ્યા સૌથી પહેલા દારાથી નાના ને આલમગીરથી મોટા શુજાએ બગાળામા પોતાની બાદશાહીનો ઢઢેરો ફેરવી દીધો એવીજ રીતે મુરાદે અહમદઆબાદમા પોતાના નામના સિક્કા ખુત્બા* જારી કર્યા. પરતુ આલમગીરે કોઈ પ્રકારની પણ લાહાઇ કરી નહિ આ વખતે આલમગીર શાહજહાનના હુકમથી ગુલબર્ગાના ઘેરામા રોકા-

* ઇદો અને શુક્રવારની નમાજ વખતે મસ્જિદમા કાજી ખુત્બો પઢે છે, ને બધા લોકો સાભળે છે. તેમા ધર્મ સબધી વિષયો ઉપરાત રાજકર્તાનુ વર્ણન ને તેને માટે આશીર્વાદના વાક્યો હોય છે

પક્ષ હતો, ને તે ફતેહ થવાની તૈયારીમા હતો. એવામાં આલમગીરની સાથે જે અધિકારીઓ હતા, તેમના ઉપર દારાએ શાહાજહાનની તરફથી હુકમ મોકલ્યા, કે તેઓએ તરત આલમગીરનો પક્ષ છોડી દઇને દરબારમાં હાજર થવુ. તેવા લાચારીએ વીજાપુરના હાકેમ પાસેથી એક કરોડ રૂપીઆ લઇને આલમગીરે સલાહ કરી, અને એ લડાઇ અધુરી રહી આટલાથીજ દારાએ ન ધરાતા આલમગીરના વકી- ઇસાબેગને કેદ કરી તેનુ ઘર જપ્ત કર્યુ, અને જોધ પુરના મહારાજા જશવતસિહને ફોજ તથા તોપખાનુ આ- પીને ગુજરાતની તરફ મોકલ્યો, કે આલમગીર જો પોતાની જગાએથી ખસે તો તેની સાથે લડાઇ કરવી.

તારીખ ૧૨ મી જમાદિઉલઊલા સને ૧૦૬૮ ને દિવસે એટલે શાહજહાનની બીમારીના પાંચમા મહીનામા આલમ- ગીર વીજાપુરથી નીકળીને ૨૫ મી તારીખે બુર્હાનપુર આવ્યો. અહીં એક મહીનો મુકામ કરી પાયતખ્તની ખબરો મેળ- વતો રહ્યો એ પહેલાં મુરાદ સાથે એની સલાહ થઇ ચુકી હતી, કે ફલાણે સ્થળે બનેની ફોજો એકઠી થશે. તે પ્રમાણે તારીખ ૨૦ મી રજબને દિવસે બને ભાઇઓ નર્મદા ઉતરીને દયાળપુરમા ભેગા થયા એથી મહારાજા જશવત- સિહ ફોજ લઇને આગળ વધ્યો, અને આલમગીરના પડા- વથી ત્રણ મૈલ ઉપર તબુ નાખીને પડયો. આલમગીરે ભાષાના પ્રખ્યાત કવિ કળશને રાજાની પાસે મોકલ્યો, ને કહેવડાવ્યુ કે અમે ફકત પિતાશ્રીને જોવા માટે જઇએ છીએ, માટે તમે અમને રોકો નહિ. પરતુ રાજાએ માન્યુ

નહિ. તેથી સખ્ત લડાઇ થઇ, ને તેમાં રાજા હાર્યો, અને વતનની તરફ નાઠો. ઇતિહાસમા આ બનાવ સોનેરી અક્ષરે લખવો જોઇએ, કે જ્યારે નાશીને તે પોતાના વતન તરફ ગયો, ત્યારે તેની રાણીએ તેને પોતાની પાસે આવવા દીધો નહિ, ને જિંદગીપર્યંત તેણે તેની સાથે સંસારવ્યવહાર માંડ્યો નહિ. તે કહેતી હતી, કે પીઠ દેખાડનાર મારી મો બતને લાયક નથી.

શાહજહાન આગ્રેથી દિલ્હી જતો હતો, તેવામા તેને જશવતસિહના પરાજયની ખબર પહોંચી. શાહજહાનને આગ્રાની આબોહવા અનુકૂળ નહોતી, અને તેથી તે આગ્રે પાછા જવાનુ ઇચ્છતો નહોતો. પરંતુ તેની સ્થિતિ આ વખતે "જીવતાના હાથમા મુએલા"ના જેવી હતી. દારા તેને પાછો આગ્રે લાવ્યો, અને પોતે ૬૦ હજારો સવારો લઇને આલમગીરની સામે ચાલ્યો. શાહજહાને વારંવાર આગ્રહપૂર્વક સમજાવ્યું, કે તમારૂં જવુ નુકસાનકારક છે. હું* પોતે જઇને આ ગરબડ મટાડીશ, અને તેટલા માટે તેણે હુકમ પણ કર્યો કે મારો તબૂ બહાર ઉભો કરવામાં આવે. પણ દારાએ તેને જવા ન દીધો, અને ૧૬ મી શાબાન સને ૧૦૬૮ હિજરીને દિવસે તે આગ્રેથી રવાના થઇને+

* શાહજહાન જાણતો હતો, કે લડાઇમા અવરગઝેબ મને જોશે તો શરમાઇને સલાહ કરશે ને મારી સાથે લડશે નહિ, પણ મૂર્ખ દારાએ માન્યુ નહિ, તે તબૂ ઉખેડીને ફેંકી દેવડાવ્યો.

\+ આગ્રાથી ૧૬ મૈલ પર છે. ૫ મી જુન ૧૫૬૮ ને દિવસે ત્યા લડાઈ થઈ હતી.

સમુહગઢમાં મુકામ નાખીને પડ્યો. અહીં આલમગીર ને મુરાદ ફોજો લઇને પડ્યા હતા. ઘણી જબરી લડાઈ થઈ, ને તેમા આલમગીર ફતેહ પામ્યો. આ લડાઇમાં મુરાદે એટલી બધી દ્રઢતા દેખાડી, કે જો કે તેના હાથીની અંબાડી તીરોથી વીંધાઈ ગઈ હતી, અને પોતે પણ લોહીલોહાણ થઈ ગયો હતો, છતાં પહાડની પેઠે અડગ ઉભો રહીને તીરોનો વરસાદ વરસાવતો રહ્યો આ અબાડી ફર્રૂખસિયરના સમય સુધી સંભારણા તરીકે જાળવી રાખી હતી, અને જ્યારે બારહના સૈયદોએ માથું ઉચું કર્યું, ત્યારે આલમગીરની દીકરીએ તે દેખાડીને કહ્યુ હતું, કે મુગલાઈ વશજોની આ નિશાની છે.

દારાએ આગ્રામાં જઇને શ્વાસ લીધો, અને લાજનો માર્યો શાહજહાનની પાસે ગયો નહિ. શાહજહાને સલાહને માટે તેને વારંવાર બોલાવ્યો, પરંતુ તેજ રાત્રે પોતાના બાલબચ્ચા લઇને લાહોરનો ઇરાદો કરીને તે દિલ્હી જતો રહ્યો. (ખાફીખાન પુસ્તક બીજું પૃષ્ઠ ૩૦.)

તારીખ ૧૭ મી રમજાન સને ૧૦૬૮ હિજરીને દિવસે આલમગીરે શાહજાદા મુહમદને મોકલ્યો, કે *બાદશાહી

* આ વખતે શાહજહાને અવરંગઝેબને કાગળ લખ્યો હશે, કે "હુ તો દુનિયા છોડી બેઠો છુ, હવે જેની મરજીમા આવે તે રાજ્ય કરે, તમે કે કોઈ બીજો ગમે તે." તેથી અવરંગઝેબે જોયુ, કે પિતા તો એકાતવાસી થયા છે, તેથી કિલ્લાપર કબજો નહિ થાય, ત્યાં સુધી દારા ચેનથી બેસવા દેશે નહિ. માટે તેણે કિલ્લાનો કબજો કરી લેવાનું નક્કી કર્યું, ને તે પ્રમાણે કબજો કરી લીધો

કિલ્લાનો કબજો કરી શાહજહાનની ખિદમતમા અરજ કરે, કે તેઓ કિલ્લામાથી બહાર નીકળે નહિ આજ છેલ્લો બનાવ આલમગીરની નીતિના આલ્બમમાં નઠારૂ ચિત્ર જણાય છે

બધી હકીકતનો આ એકદર સાર છે, કે જે ખાફીખાનના પુસ્તકપરથી લીધો છે અસલ તકરારનો ફેસલો કર્યા પહેલા થોડોક વખત અમે શાહજહાનથી છૂટા પડીને દારા તરફ લક્ષ ખેચીએ છીએ

ઉપલી હકીકતમા દારાના કામ નીચે પ્રમાણે છે--

૧ શાહજહાન માદો થતાજ મુરાદ, આલમગીર ને શુજાના જે વકીલો શાહજહાનના દરબારમા હતા, તેમની પાસેથી લખાવી લીધુ, કે શાહજહાન અને તેના દરબારની ખબરો તેઓ પહોચાડશે નહિ.

૨ બગાળા, દક્ષિણ ને ગુજરાતના રસ્તાઓ બધ કરાવી દીધા, કે જેથી મુસાફરોની મારફતે કાઈ ખબર પડી શકે નહિ.

૩ આલમગીરના વકીલનુ ઘર જપ્ત કરી તેને કેદ કર્યો.

૪ જ્યારે આલમગીર બીજાપુરના ઘેરામાં રોકાયલો હતો, ત્યારે તેની સાથેના બધા અધિકારીઓને બોલાવી લીધા.

૫ કોઈ શાહજાદાની તરફથી પહેલ ન થઈ છતા તેણેજ પ્રથમ મુરાદ, આલમગીર ને શુજાના મુકાબલા માટે ફોજો મોકલી

આ બનાવો એવા છે, કે બધા ઇતિહાસકર્ત્તા એને કબૂલ રાખે છે. છતાં વધારે ખાતરીને માટે કેટલાક અગત્યના બનાવોના સંબધમાં મજબૂત પુરાવા સંક્ષિપ્તમાં લખીએ છીએ.

**ગુલબર્ગાના ઘેરાના વખતમાં આલમગીરના ઓહુ-દેદારો ને લશ્કરને બોલાવી લેવાં**—મહાબતખાન અને રાવસતરસાલ ઉપર આ વખતે દારાના કહેવાથી બે હુકમો આવ્યા, તેમા લખ્યુ હતું, કે મહાબતજગ ને રાવસતરસાલ બધા રજપુતો સાથે ચાલ્યા આવે (વાકેઆતેઆલમગીરી આકિલખાન કૃત.)

આટલુ છતા પણ આલમગીરે કોઈ પ્રકારની આગેવાની કરી નહિ. બલ્કે જ્યારે મુરાદ અને શુજાએ પોતપોતાના પ્રાતોમા પોતે બાદશાહ થયાના ઢઢેરા ફેરવ્યા, ત્યારે પણ આલમગીરે કાંઈ કર્યું નહિ, અને મુરાદને લખ્યુ, કે હજુ શહેનશાહ જીવતા છે, ત્યા સુધી અમોને અમારી જગા-એથી ખસવું ઘટિત નથી. તમે સુરત ઉપર જે ફોજ મો-કલી, તે પણ અયોગ્ય કર્યું છે. મુરાદને આલમગીરે જે કાગળ લખ્યો હતો. તેમા એજ લખ્યુ હતું.

મુરાદને આલમગીરે લખ્યુ, કે “હજુ સુધી બાદશાહના મરણની ખબર મને મળી નથી, બલ્કે તેઓ તદુરસ્ત થતા જાય છે, તેથી પોતાની જગાએથી ખસવું યોગ્ય નથી, અને તેથી તમે સુરત ઉપર જે ફોજ મોકલી તે હાલ ન મોકલી હોત તો સારૂ થાત.” (ફૈયાજુલ્કવાનીન.)

**આલમગીર અને મુરાદના વકીલોને નજરકેદ કરવા અને ખબરો પહોંચાડવાથી રોકવા**—“આ-પણા ભાઇઓના વકીલો નજરકેદમાં છે, ને તેમને ખબર પહોંચાડતાં રોકયા છે. રોશનકલમના ભાઈ મીર સાલેહે મને આ હકીકત લખી છે (ફૈયાજુલ્કવાનીન.).”

**આલમગીરના વકીલનું ઘર જપ્ત કરવું**—" ઇસાબેગ નામના આલમગીરના વકીલને કાંઈ પણ ગુનાહ વિના કેદ કર્યો છે, અને તેનો માલ જપ્ત કર્યો છે. ( મઆસરેઆલમગીરી કલકત્તામાં છપાયલી પૃષ્ઠ ૪. )."

ઉપલી બિના સાબિત થયા પછી હવે પ્રશ્ન એ થાયછે, કે શુરૂઆતથી છેલ્લે સુધી દારા અને આલમગીર બનેમા કોણ ગુનેહગાર છે? ખબરો જતી રોકવી, આલમગીરના વકીલને નજરકેદ કરવો, આલમગીરની જાગીરો જપ્ત કરવી, ખાસ લડાઇવખતે આલમગીરના ઉમરાવો અને તેની ફોજને તેની પાસેથી બોલાવી લેવા ( વરાડ પ્રાંત આલમગીરની જાગીરમા હતો, દારાએ તે જપ્ત કર્યો. મુરાદના કાગળોમા વારંવાર એનું વર્ણન આવે છે. ) મહારાજા જશવતસિંહને આલમગીરના મુકાબલા માટે મુકરર કરવો, એ બધાં કામ કેવા છે? અને શુ એમાનુ કોઈ પણ યોગ્ય છે? તમે એમ કહેશો, કે એ તો દારાના કામ હતા, એમને શાહજહાનની હકીકતમાં આગળ કરવા એ ખોટી દલીલ છે. તો અમે કહીશુ કે દક્ષિણથી રવાના થવું, રસ્તામાં દારાની તરફથી જશવતસિંહે રોકયો તો તેની સાથે લડીને તેને હરાવવો, અને આગ્રે આવવું, એ વગેરે આલમગીરે આજ સુધી કરેલાં કામો પણ દારાના મુકાબલામાંજ હતા, શાહજહાનની સાથે તેનો શો સંબધ? પરંતુ ભોળા ઇતિહાસકારોએ આ બધી વાતોને આલમગીરની અયોગ્ય વર્તણુકો એટલા માટે ગણી છે, કે તે શાહજહાનના મુકાબલામા હતી, એમ તેઓ માને છે.

એમાં કાંઈ શક નથી, કે આ વખતે શાહજહાન તદન

નિરૂપાય થઇને દારાના કબજામા હતો, અને તેથી દારા જે ધારતો હતો તે શાહજહાનના નામથી કરતો હતો.

ખાફીખાનના લખાણુમા ઉપર વાચ્યુ, કે શાહજહાન આગ્રે આવવાનુ ઇચ્છતો નહોતો, પણુ દારાએ તેને લાચાર કર્યો. દારા જ્યારે ફોજ લઇને નીકળ્યો, ત્યારે શાહજહાને તેને ઘણો રોકયો, પણુ દારાએ ન માન્યુ. ત્યારે શાહજહાને આલમગીરને સમજાવવા જવા માટ પોતે જવાનુ ઇચ્છયુ, પણુ દારાએ જવા દીધો નહિ

ડૉકટર બર્નિયર પોતાના સફરનામામા લખે છે, કે “ આ વખતે શાહજહાનની સ્થિતિ ઘણીજ નાજુક હતી. મંદવાડના કષ્ટોની સાથે તે દારાના અહકારી પજામાં ફસાયલો હતો (ડૉકટર બર્નિયર કૃત સફરનામાનું ભાષાતર પુસ્તક પહેલુ પૃષ્ઠ ૬૫. ).”

મુરાદ એક કાગળમાં આલમગીરને લખેછે, કે “ અમને ખબર પડી છે, કે દારાએ શાહજહાનને પોતાના તાબામાં સંપૂર્ણ રીતે કરી લીધો છે. ( ફૈયાજુલ્કવાનીન. ).”

વળી દારાએ શાહજહાન જેવા અક્ષરો લખવાનો મહાવરો કર્યો હતો. તેથી ફરમાનો ઉપર શાહજહાનની સહી પોતાને હાથે કરી દેતો હતો. મુરાદ એક કાગળમા આલમગીરને લખે છે, કે “ દારાએ પિતાશ્રીના અક્ષરોની નકલ કરવામા પુરેપુરી લાયકી મેળવી છે, અને તેથી ફરમાનો ઉપર પોતે સહીઓ કરે છે.” ( ફૈયાજુલ્કવાનીન. ).

મુરાદનુ આ લખવું એટલા માટે વિશ્વાસપાત્ર છે, કે તે આ વાત આલમગીરને લખે છે, તેથી જગતને છેતરવા માટે

લખે છે એમ કહી શકાય નહિ. આ વખતે આલમગીર ને મુરાદ સંપીલા હતા.

કેપનના લખાણથી જણાશે કે જે હુકમો શાહજહાનના પોતાનાજ હુકમો હોય, તેનો અમલ કરવો, એ આલમગીરની ફરજ હતી પણ જ્યારે તેણે આલમગીરના મુકાબલા માટે મોકલ્યો એ દારાની યુક્તિઓ હતી. શાહજહાન તેથી ગરજી નહોતો

દારાના મુકાબલામા આલમગીરને લડવા માટે તૈયાર થવું, એ પોતાની સ્વતંત્રતાના રક્ષણ માટે આલમગીરની ફરજ હતી.

ડાકટર બર્નિયર આલમગીરનો મોટો શત્રુ છે છતા આ બને ભાઇઓની લડાઇના વિચાર સંબંધી લખે છે કે "ખરૂં છે કે એમણે પોતાના ઇરાદા ફરવી નાખવા એ કામ અઘરૂં હતું કેમકે જો ફતેહ થાય તો તખ્તની આશા હતી, અને પરાજય થાય તો મરણ નક્કી હતુ તેથી હવે ફકત એજ વાતો હતી ગરાકું કે માન્ય જે રીતે શાહજહાન પોતે પણ પોતાના ભાઇઓના લોહીથી હાથ ખરડી ગાદીએ બેઠો હતો, તેવીજ રીતે એમને પણ સંપૂર્ણ ખાતરી હતી, કે જો અમે અમારી ધારણાઓમા નિષ્ફળ જઇશું, તો અમારો પરાજય કરનાર અદેખાઇને લીધે અમોને કતલ કરાવશે ( ડાકટર બર્નિયરકૃત સફરનામુ પૃષ્ઠ ૪૬–૪૭. )"

લેનપોલ સાહેબ લખે છે, કે "અવરંગઝેબને જરૂર આ વાતની ખબર હશે, કે ભાઇઓમાથી કોઈ પણ ગાદીએ બેસશે તો તેને હાથે હુ કેદ થઈશ, કે માર્યો જઇશ. તેથી એણે પોતાના મનમા દૃઢ નિશ્ચય કરી બાદશાહી મેળવવાની

થતી હરાજીમાં એક માગણી કરી દીધી." (લેનપોલ સાહેબકૃત અવરંગઝેબ પૃષ્ઠ ૭૧.)"

ગમે તેમ હોય—આલમગીર, દારા અને જશવતસિંહની સામે લડ્યો અને તેમનો પરાજય કર્યો. પરતુ તેણે એક અરજી લખીને આ બધી હકીકતથી શાહજહાનને વાકેફ કર્યો. શાહજહાને પોતાને હાથે એક દિલાસાપત્ર લખીને મોકલ્યો, અને પછી ઇનામ તરીકે એક તલવાર મોકલી, કે જેના ઉપર "આલમગીર" * શબ્દ કોતરેલો હતો. ખાફીખાને આ બનાવને ખુલાસાથી લખ્યો છે.

આલમગીરના ટીકાકાર આ સ્થળે કહી શકે છે, કે આલમગીરે આ જે કર્યું, તે પોતાની સ્વતત્રતાના રક્ષણ માટે કર્યું. પરતુ જ્યારે તે જશવતસિહનો પરાજય કરીને આગ્રાની પાસે આવી પહોચ્યો, અને શાહજહાને તેને વારંવાર બોલાવ્યો, મેહેરબાની ભરેલા કાગળો લખ્યા, રાજ્યની વહેચણી એવી રીતે કરવાની ધારી, કે જેથી વધારે ફાયદાકારક આલમગીર માટે બીજી નહોતી (એટલે દારાને પજાબ ને કાબુલ, મુરાદને ગુજરાત; શુજાને બગાળા અને આલમગીરને યુવરાજની પદવી તથા પાયતખ્તનુ રાજ્ય.) છતા તેણે બાપના હુકમની અવગણના કરી, અસભ્યતાથી તેની સાથે વર્ત્યો, અને છેવટે તેને કિલ્લામા નજર કેદ કર્યો એ નીતિધર્મમાં કુફર કરતા પણ મોટો અપરાધ છે.

પરંતુ તપાસવુ એ છે, કે શાહજહાન જે કહેતો હતો તે

* એ તલવાર તેમૂરના વખતથી વશપરંપરા ચાલી આવતી હતી.

પ્રમાણે કરવાનું પણ ધારતો હતો ? ઇસ્લામના સબંધથી શાહજહાન અને આલમગીર બને અમારે મન સરખા માન આપવા લાયક છે. જો કે તેઓ ખલીફા નથી, પરંતુ શબ્દાર્થ પ્રમાણે ( શરે પ્રમાણે નહિ ) અમીરૂલમોમિનીન ( મુસલમાનોના સરદાર ) છે. મારૂ અંતઃકરણ કપે છે, કે એ એમાથી કોને ગુનેહગાર ઠરાઉં. પરતુ ઇતિહાસના લેખકની શી ફરજ છે ? શાહજહાન ને આલમગીર બને માન આપવા લાયક છે, પરંતુ એ બંનેથી બળવત્તર એક અન્ય વસ્તુ પણ છે. તે શું ? "સત્યતા;" અને મારે એજ બળવત્તર સદ્ગુણ આગળ માથું નમાવવું જોઇએ.

બધા ઇતિહાસકારોમાથી આકિલખાને આ બનાવને ઘણા જ ખુલાસાથી લખ્યો છે. આલમગીર ઉપર શાહજહાને એવા દયાજનક કાગળો લખ્યા હતા, કે જેથી પત્થરનાં કાળજાં પણ પીગળી જાય. તે કાગળો એણે અક્ષરશઃ નકલ કર્યા છે. નવાબ જહાનઆરાબેગમે* શાહજહાનના ઇશારાથી આલમગીરને જે કાગળ લખ્યો હતો, તેની પણ નકલ કરી છે, અને તેમાં શાહજહાનની સેવામા જતાં આલમગીરને જે લોકો અટકાવતા હતા; તેમને ફસાદખોરા ને લડાવી મારનાર લખ્યા છે. એ બધી હકીકત એવા ખુલાસા, જુસ્સા ને દર્દથી લખી છે, કે વાંચનારના મોંમાંથી આલમગીર પ્રત્યે ધિક્કારનાં વચનો નીકળે છે. પરંતુ જ્યારે એવો વખત આવે છે, કે આલમગીર બાપની સેવામાં જવા માટે મુકામથી નીકળે છ, અને તેના સોબતીઓ તેને અટકાવે છે, તો

* શાહજહાનની મોટી ને વહાલી દીકરી.

એજ ઇતિહાસકાર (આકિલખાન) ને એવું લખવું પડે છે, કે "જે વખતે આલમગીર રાજ્યના હિતેચ્છુઓની વાતો સાંભળી શું કરવું તેનો વિચાર કરે છે, તેજ વખત એકાએક ત્તાહિરદિલખાન સામેથી નીકળે છે, અને તેની પાસેથી શાહજહાને તેની સાથે દારાને તાકીદે પહોચાડવા માટે આપેલો ગુપ્ત કાગળ મળે છે. (કાગળમા શાહજહાએ દારાને લખ્યુ હતું કે "તમે નચિંત રહો, ને દિલ્લીથી આગળ ન વધો, પણ ત્યાંજ મુકામ કરો. અમે એનો ઘાટ અહીં ઘડી નાખીએ છીએ.") ત્યારે આલમગીરને પોતાના મિત્રોની સલાહ ને સત્યતાની ખાતરી થાય છે. (મઆસરૂલઉમરા પુસ્તક બીજું પૃષ્ટ ૬૯૭ માં પણ એજ હકીકત લખી છે").

એક અન્ય કોમનો માણુસ કે જે આલમગીરનો પુરો શત્રુ હતો, અને આ બધા ઝગડાઓમાં મોજૂદ હતો, તેના નીચેના વર્ણનથી એ સક્ષિપ્ત હકીકતનો ખુલાસો થઇ જશે.

"શાહજહાંએ એક વિશ્વાસુ ખવાસને અવરંગઝેબ પાસે એવો પેગામ લઇને મોકલ્યો, કે બેશક દારાએ જે કાંઇ કર્યું તે બધું અયોગ્ય હતું. તેની મૂર્ખાઈ તથા ના લાયકીની વાતોનું સ્મરણ કરાવીને કહેવરાવ્યું હતું, કે તમારાપર તો અમે પ્રથમથીજ અંતઃકરણપૂર્વક મેહેરબાની રાખીએ છીએ, તેથી તમારે અમારી પાસે જલદી આવવુ જોઇએ, કે જેથી આ અફરાતફરીના કારણથી જે જે વાતો ખરાબ ને અવ્યવસ્થિત થઈ ગઈ છે, તેનો બદોબસ્ત તમારી સલાહ પ્રમાણે કરવામાં આવે. પરંતુ આ દીર્ઘદષ્ટિવાળા શાહજાદા (અવરંગઝેબ) ને શક ઉત્પન્ન થવાથી બાદશાહ ઉપર વિશ્વાસ

રાખી કિલ્લામાં ગયો નહિ. કેમકે તેને માલૂમ હતું, કે બેગમ સાહેબ (જહાનઆરા બેગમ શાહજહાનની મોટી દીકરી) કદી પણ બાદશાહથી વિખૂટાં પડતાં નથી, ને તેમના સ્વભાવ ઉપર એમનો એટલો બધો કાબૂ છે, કે તે જે કાંઇ ધારે છે તેજ થાય છે. આ પેગામ પણ તેની એક છેતરપંડી છે. વળી અવરંગઝેબને એ પણ ખબર હતી, કે એમણે મેહેલમા ચોકી પહેરાના કામપર મુકરર કરેલી બળવાન, મજબૂત અને હથિઆરબધ કલમાકનીઓ (તાતારી સ્ત્રીઓ) એટલા માટે તૈયાર રાખી છે, કે જ્યારે અવરંગઝેબ કિલ્લામા દાખલ થાય ત્યારે તરત તેનાપર તુટી પડે (ડૉકટર બર્નિયરના સફરનામાનુ ઉર્દુ ભાષાંતર પુસ્તક પહેલું પૃષ્ ૧૪૪.").

લેનપોલ સાહેબે સત્ય લખ્યુ છે, કે "શાહજહાએ પોતાના દીકરાને ફસાવવા માટે જે જાળ પાથરી હતી, તેમાં તે પોતે ફસાઇ પડ્યો" (લેનપોલ સાહેબના પુસ્તકનું ભાષાંતર. પૃષ્ ૪૫." ).

આલમગીરે ઘણી વખતે શાહજહાનની સેવામાં હાજર થઇ અપરાધ માફ કરાવવાની ઇચ્છા દેખાડી. પરંતુ શાહજહાન હજુ પણ દારાનાં સ્વમાં જોતો હતો. તેનું કારણ એ હતું, કે જહાનઆરાબેગમ કે જે સૌથી વધારે શાહજહાનને વહાલી હતી, તે દારાના પક્ષમાં હતી. શાહજહાને હિંદી ભાષામાં એક છાનો કાગળ શુજાને આલમગીરની વિરૂદ્ધમા લખ્યો હતો, અને તેની એવીજ કોશિશો નિરંતર ચાલુ હતી. તેથી આલમગીર નિરાશ થઇને બેસી રહ્યો. ખાફીખાન લખે છે, કેઃ—

"પોતાના પ્રતિષ્ઠિત પિતાને ફરી મળીને દૈવજોગે જે આ બનાવ બનવા પામ્યો છે, તેની માફી માગવાનું આલમગીરે ઇચ્છયું; પરંતુ તે જાણતો હતો, કે બાદશાહની મરજી હજુ પણ દારાની તરફ છે. તેથી તેણે પોતાનો વિચાર ફેરવી નાખીને પિતાની મુલાકાત માંડી વાળી ( ખાફીખાન પુસ્તક પહેલુ પૃષ્ઠ ૩૪. ).

એજ વખતે શાહજહાને કાબુલના સેનાપતિ મહાબતખાનને એક કાગળ લખ્યો, જેની પુરી નકલ ખાફીખાને લખી છે.

જેના કેટલાક ફકરા આ પ્રમાણે છે—" મારો લાચાર ને જુલમથી પીડાયલો દીકરો દારા, હાર્યા પછી લાહોર ગયો, અને તેની મદદ તથા મિત્રાચારીના કારણથી મારા ઉપર દેખરેખ રાખવામાં આવે છે, તથા બે કપુત છોકરાઓ ( આલમગીર ને મુરાદ ) નાં કર્ત્તવ્યોના મુકાબલા ઉપર દેખરેખ રાખવા માટે મને જીવતો રાખ્યો છે. "

શાહજહાનની આ બધી ખટપટ તથા વિરૂદ્ધતા છતાં પણ આલમગીરે પોતાના દીકરા શાહજાદા આઝમને અપરાધની માફી માટે શાહજહાનની સેવામા મોકલ્યો. તેની સાથે ૫૦૦ મોહરો તથા ચાર હજાર રૂપીઆ મોકલ્યા. કેટલાક સમય પછી જ્યારે કિલ્લાના રક્ષણ તરફથી નચિંત થયો. ત્યારે શાહજહાનને જોઇતી તમામ વસ્તુઓ પુરી પાડવાની ગોઠવણ કરી. ડૉકટર બર્નિયર પણ લાચારીથી આને અનુમોદન આપે છે. તેઓ લખે છે કેઃ—

" મતલબ કે, અવરંગઝેબની વર્તણુક શાહજહાનપ્રત્યે

મહેરબાની અને સભ્યતાથી ખાલી નહોતી, અને ચાલતા સુધી તે પોતાના વૃદ્ધ પિતાની દરેક રીતે સેવા ચાકરી કરતો, ને ભેટ તથા નજરાણાં મોકલતો હતો. રાજ્યનાં મોટા મોટાં કામોમા તેની સલાહ એક પીરની શિખામણ પ્રમાણે માનતો હતો. તેણે પોતે જે કાગળો લખ્યા છે, તેથી મભ્યતા ને તાબેદારી જાહેર થાય છે. તેથી શાહજહાનની વિરૂદ્ધતા ને ગુસ્સો છેવટે એટલા ટાઢા પડી ગયા, કે તે સલ્તનતના મામલા વિષે પોતાના દીકરાને કાગળ પત્ર લખવા લાગ્યો. બલ્કે પોતાથી ફરી ગએલા એ દીકરાની બધી અસભ્ય વર્તણુકો માફ કરીને તેના હકમા શુભાશીર્વાદ માટે દુઆ કરી. ( ડૉકટર બર્નિયર કૃત સફરનામાનું ભાષાતર પુસ્તક પહેલુ પૃષ્ઠ ૨૮૯ ") એ પછી ડૉકટર બર્નિયર લખે છે, કે " કવચિત આલમગીર, શાહજહાનની સલાહથી વિરૂદ્ધ પણ કરતો હતો, પરતુ એ વિરૂદ્ધતા રાજ્યને લગતા સામાન્ય બનાવો વિષે હતી. જેને આ સાથે કાઇ સબધ નથી "

ઈન્સાફ કરો, કે બીજી બધી મહેરબાની તો જહાગીરની ચાલુજ હતી, ફકત શાહજહાનની જાગીર છીનવી લઇને નૂરજહાનને આપી હતી, તેટલા માટે શાહજહાન જહાગીર સાથે વર્ષો સુધી લડતો રહ્યો હતો, છતા શાહજહાન નેક· નામ છે. આલમગીરની જાગીર છીનવી લીધી, પગાર બધ કરી દીધો, ખાસ દુશ્મનોના મુકાબલા વખતે તેની ફોજ બોલાવી લેવામા આવી, પચોતેર હજાર માણુસનુ લશ્કર તેના મુકાબલા તથા વધને માટે રવાના કર્યું, ને કિલ્લામાં તેની કતલ માટે કાવતરૂ રચવામાં આવ્યુ, છતા તે શાહ-

જહાનની પ્રતિષ્ઠા ને આબરૂ જાળવતો રહ્યો હતો, તો પણ આલમગીર બદનામ છે. "બધા રિદ (એક જાતના ફકિરો) ફકીરો) ને સૂફીઓ (ફકીરો) બેહેકેલા છતાં, ફકત અમારીજ વાર્ત્તા ફળીએ ફળીએ કહેવામાં આવે છે." (ફારસી કવિતા) એ કવિતામા કહેલુ આલમગીરના સબંધમા સત્ય ઠરે છે.*

ન્યાયની કોર્ટમા ઇન્સાફના પુરાવા દાખલ ગુનેહગારે પોતાને હાથે લખેલું વર્ણન મેળવવાનો જોગ ઇતિહાસકારોને ક્વચિતજ મળે છે. છતા આલમગીરના સંબંધમા તેમને એવો પસ્તાવો કરવાનું કારણ નથી. આલમગીરે શાહજહાનને જે કાગળો લખ્યા છે, તેમા પોતાની ઉપર મૂકવામાં આવેલા આરોપોનો જવાબ આપ્યો છે. આલમગીરના વિરોધીઓ તેને ખોટી વાતો બનાવનાર તથા ચાલાક ગણે છે, પરતુ હવે એક પછી એક બધા બનાવો નજરની આગળ છે, ને ગુપ્ત વાતોના ચહેરાપરથી પરદો ઉઠી ગયો છે, તેથી આલમગીરને પોતાનું નિરપરાધીપણું સાબિત કરવાનો લાભ આપવામાં આવે એ ઇચ્છિવા સરખુ છે. અમે ખાફીખાન (કલકત્તામા છપાયલુ, પૃષ્ઠ ૧૦૨) ના લખ્યા પ્રમાણે તેનો મૂળ કાગળ નકલ કરીએ છીએ. જુઓ આ ખોટી વાતો બનાવનાર ને ચાલાક માણુસનો એક અક્ષર પણ સત્યતાના મધ્યબિંદુથી દૂર ગએલો છે!!!!

---

* મતલબ કે શાહજહાને પણ એવા જ અપરાધો પોતાના પિતાના સબધમા કર્યાં છે, છતા તે સારો કહેવાય છે, ને આલમગીર બદનામ થાય છે.

બંદગી બાદ અરજ કે—ઘણા સમય પછી હજૂરના હાથનો લખેલો મહાનપત્ર મને મળ્યો, તે વાંચી હું ભાગ્યશાળી થયો, ને તેની મતલબ પુરી રીતે સમજ્યો. હજૂરે તેમા લખ્યું છે, કે " મારા કાગળો શા માટે પકડવામાં આવે છે ? " ( તેના જવાબમાં અરજ કે ) સેવકે પ્રથમથીજ જે વર્તણુક ચલાવી છે, તે એટલા માટે કે આપ સંપૂર્ણ બુદ્ધિશાળી અને અનુભવી છો, તેથી મને આશા હતી, કે આપ મને શર્મિંદો કરવા અને બીજાઓને ઉશ્કેરવા કોશિશ કરશો નહિ, અને એટલા માટેજ મેં મારી રીતભાત સેવકને છાજતી રાખી હતી, એ હજૂરથી છાનું નથી. મારી ઈચ્છા હતી, કે જ્યારે ગડબડ મટી જશે, ત્યારે અંતઃકરણ પૂર્વક હજૂરને રાજી કરવાની કોશિશ કરીશ. જે ફસાદો થાય છે તે હજૂરનીજ ઉશ્કેરણીથી થાય છે, એવું હુ સાભળતો હતો, પરતુ હુ લોકોના કહેવા ઉપર વિશ્વાસ કરતો નહોતો.

પરતુ જ્યારે આપની અવકૃપાની ખબરો મને નિરંતર મળવા લાગી, અને ખુદ હજૂરને હાથે હિંદી ભાષામાં શુજાને લખાયલો કાગળ મારા જોવામાં આવ્યો, તો મને માલૂમ પડયુ, કે હજૂર પોતે મારાથી નારાજ છો, અને ગએલી બાજી પાછી મેળવવા ઇચ્છો છો, અને હુ દીનના કામમા તથા મુલ્કી બંદોબસ્ત માટે જે કોશિશો કરૂં છુ, તે સૌ નષ્ટ થાય એમ ચાહો છો, તથા એ વિચારથી ન ખંચાતાં આગ્રહપૂર્વક મંડયા રહો છો, તેથી હુ હુશિઆરી ને કાળજીથી ફસાદ રોકવાની કોશિશ કરૂં છું. તેથીજ મેં જે ધાર્યું હતું, તે કરી શકયો નહિ.

આ વાતની સત્યતા માટે ખુદા સાક્ષી છે. ખુદાની મરજી હશે, ને જો હું બધા વિરોધીઓ તરફથી નચિંત થઇશ, તો પછી આટલો બંદોબસ્ત શા માટે કરીશ !

હજૂરે આબદારખાના ( પાણીનો બંદોબસ્ત ) માટે લખ્યું છે, પણ હજૂર તો આજકાલ મહેલમા નિવાસી છો. તેથી હમામ ( નહાવાના સ્થળ ) માં પાણીની શી જરૂર છે ? પોશાકના કારખાના ઉપર મોહર છે, એ ખરી વાત છે. પણ હાલમાં ખવાસને બંધ કર્યો છે, અને તેની જગ્યાએ બીજો માણસ રાખવામા આવ્યો છે, તેથી હજૂરનો પોશાક નિયમ પ્રમાણે મોકલતો રહીશ."

**દારાની કતલ**—મિત્ર ને શત્રુ બંને કબૂલ કરે છે, કે દારા પોતાની ખોટી યુકિતઓ, મમત ને નઠારા સ્વભાવથી મુગલાઇ*

* ડૉ બર્નિયરથી વિશેષ કોઈ દારાનો મિત્ર નહોતો એ સખ્ત મુસીબતોની વખતે પણ દારાનો સાથી હતો છતા તે દારાની ખૂબીઓ ગણાવીને લખેછે, કે " આટલુ છતા પણ તે ઘણોજ અહંકારી ને મમતી હતો, તેને એટલો ગર્વ હતો, કે હુ મારી બુદ્ધિ ને સારી યુક્તિઓથી દરેક કામનો બંદોબસ્ત કરી શકુંછુ, અને મને સલાહ આપે એવો કોઈ પણ માણસ જગતમા નથી જે લોકો ડરી ડરીને તેને સલાહ આપતા હતા. તેમની સાથે તે અસભ્યતાથી વર્તતો હતો, અને એજ ધિક્કારવાલાયક વર્તણુકથી તેના ખાસ મિત્રો પણ તેના ભાઈઓની છુપી કોશિશોથી તેને જાણીતો કરી શકયા નહિ તે ડરાવવા ધમકાવવામાં ઘણો કુશળ હતો તે એટલે દરજે કે મોટા મોટા ઉમરાવોને પણ સારૂ નઠારૂ કહી દઇને તેમનુ અપમાન કરતો હતો પરતુ એનો ગુસ્સો ને બદમિજાજી એક સેકન્ડમાં જતા રહેતાં હતા ( ડાકટર બર્નિયર કૃત સફરનામાનું ભાષાતર પુસ્તક પહેલું, પૃષ્ઠ ૧૧ )

તખ્તને માટે નાલાયક હતો. ભાઇઓ ભાઇઓમાં લડાઈ થઈ તેની શુરૂઆત એની તરફથી થઈ હતી, એની પણ કોઇ ના કહેતું નથી. તેથી આલમગીર, શુજા ને મુરાદને લાચારીથી એના હુમલા રોકવા પડ્યા. દારાને કેદ કરીને દરબારમાં લાવ્યા તેમા કાંઈ ગુનોહ નથી. પરંતુ આરોપ એ છે, કે "એને કોઇ સુરક્ષિત સ્થળે નજરકેદ રાખવો જોઇતો હતો. તે ગમે તેટલો નઠારો હોય, છતાં ભાઇ હતો, ને ભાઇ પણ મોટો. જો આલમગીર તેના લોહીથી પોતાના હાથ ન ખરડત, તો વિવેકના આલ્બમમાં તેનું ચિત્ર એટલું બધુ ધિક્કારપાત્ર થાત નહિ."

બેશક આ ટીકા દેખીતી રીતે યોગ્ય છે પરતુ મુગલાઇ રાજ્ય બલ્કે તમામ એશિઆઇ સલ્તનતોમા રાજ્યના દાવેદારો કેદ અને નજરકેદ થયા પછી પણ રાજ્યના મનસુબાથી હાથ ધોતા નથી, અને એમના પક્ષના લોકોનુ ટોળુ હમેશ એમની સાથે રહેછે, તથા જ્યા સુધી વાચ્છિત વૃક્ષના ડાળા મૂળીઆ કપાઇ જતા નથી, ત્યા સુધી તેઓ નિરાંતે બેસતા નથી.

---

શુ આવો છોકરવાદી સ્વભાવનો માણસ રાજ્યનો બોજો ઉપાડી શકવાને લાયક હતો ?

શાહજહા પોતાનો અભિપ્રાય આ પ્રમાણે આપે છે "દારા રાજ્યનો બધો ઠાઠમાઠ રાખેછે, પણ સારાનો શત્રુ ને નઠારાઓનો મિત્ર છે શુજામા સતોષ વિના બીજો કોઈ સદ્ગુણ નથી મુરાદના ગુણોની તો કાઇ ખબર પડતી નથી ફક્ત દારૂડીઓ છે એ જાણીતી વાત છે પણ અવરંગઝેબ દીર્ઘદૃષ્ટિવાળો દેખાયછે. તેથી આશા છે કે રાજકાજનો બોજો એ ઉપાડી શકશે"

તમે બધા ઇતિહાસોમા વાંચ્યુ હશે, કે દારા જ્યારે કેદ થઇને દિલ્લીમા આવ્યો, ને શહેરમા નઠારી અવસ્થાથી નીકળ્યો તો આખા શહેરમાં ગરબડ થઇ રહી. સ્ત્રી પુરૂષો બૂમો પાડીને રડવા લાગ્યાં. મેડાઓ ઉપરથી સરકારી માણુસો ઉપર પ-ત્થર ને ઇંટોનો વરસાદ વરસાવ્યો, મલિક જીવણુ કે જેણે દારાને કેદ કર્યો હતો તેને ગાળો દેવા લાગ્યા. સ્થૂલ દષ્ટિથી જોતાં તો એવો વિચાર આવેછે, કે દારાની એ જનપ્રિયતા ની અસર હતી, ને ગાદીના વારસ થવુ એ તેને યોગ્ય હતું. પરતુ ખરી હકીકત એ છે, કે એ બધી એક ફસાદી મા-માણુસની છેતરપડી હતી. ખાફીખાન લખેછે કે “ બીજે દિવસે હુકમ પ્રમાણે આ ફસાદનો પાયો નાખનારને ખોળી કાઢવા માટે કોટવાલને હુકમ કર્યો હતો, તો માલૂમ પડયું કે અમુક માણુસના નામની બીકથી આ પ્રમાણે હિંમત કરી હતી, ને આ હુલ્લડ આખા શહેરમા ફેલાઇ ગયુ હતું. (ખા-ફીખાન પુસ્તક પેહેલુ પૃષ્ઠ ૮૬. ). ”

બેશક લોકોને દયા ઉત્પન્ન થઇ હશે. પરતુ આખા દેશની પ્રીતિ તેણે સંપાદન કરી હતી, એની આ સાબિતી કહેવાય નહિ. દારા જે દરજાનો શાહજાદો હતો, જેવી રીતે તેની સવારી શહેરમા ફરવા નીકળતી હતી, જેવી રીતે તે રૂપીઆ ઉછાળતો શહેરમા જતો હતો, તેવી અત્યારે તેની સ્થિતિ નહોતી, અને તેથી જ્યારે લોકોએ તેને નઠારી હાલતમાં પગે બેડીઓ નાખેલી, મિત્રો વિનાનો, બજાર વચ્ચેથી જતો જોયો હશે, ત્યારે એવો કોણુ વજ્રછાતીનો હશે, કે જેના દિલથી હાયકારો નહિ નીકળ્યો હોય ! તે બાદશાહી તખ્તને

લાયક છે, કે નહિ તેનું નિરાકરણ કરવાનો આ સમય નહોતો. એવી સ્થિતિમા તો શત્રુને માટે પણ આસુ નીકળી પડે તો દારા તો શાહજહાનનો શાહજાદો હતો.

હવે નક્કી છે, કે જ્યાસુધી દારા જીવતો રહેત, ત્યાંસુધી કાવતરા ચાલુ રહેત, ને દેશમાં શાન્તિ થાત નહિ. માટે આલમગીરને પણુ તેજ કરવું પડ્યુ, કે જે તેના બાપ શાહજહાંની તરફથી વારસામાં મળ્યુ હતું. શાહજહાને પોતાના ભાઇઓ દાવરબખ્શ ને શહરયાર) અને સગા ભત્રીજાઓ ( હોશંગ વગેરે ) ને કતલ કરાવ્યા હતા. તેથી આલમગીરને પણુ એવીજ ભેટ ચડાવવાનો અખ્ત્યાર હતો. " આ ગુનોહ એવો છે, કે તમારા શહેરમા પણુ થાય છે." * તમે નજરે પણુ જોયા હશે, તેમ શાહજહાન અને આલમગીરે પણુ કર્યા છે. ( કવિતા ).

**મુરાદની હકીકત—**આ સવાલ શાહજહાનની કેદ ને દારાની કતલથી પણુ વધારે ગુચવણીઓ છે. શાહજહાન અને દારા બંને આલમગીરના ખરેખરા વિરોધીઓ હતા. પરંતુ મુરાદ તો આલમગીરનું એક અંગ હતું. જશવતસિંહ સાથેની લડાઇમા તેનીજ બહાદુરી અને જીવ જોખમની લડાઇથી દારાની ફતેહની બાજી પલટાઇ ગઇ હતી. તે પ્રથમથીજ આલમગીરનો મિત્ર ને આજ્ઞાધીન હતો. તે જે કાંઇ કરતો હતો તે આલમગીરને અનુસરીનેજ કરતો હતો. એવા ખરેખરા તાબેદાર મિત્રને આલમગીરના હાથથી એવો બદલો મળ્યો કે તે પ્રથમ કેદ થયો, ને પછી મારી નાખવામાં આવ્યો!!

* કવિનુ કહેવુ એમ છે, કે એ અપરાધો સાધારણુ છે બધે ઠેકાણે થાય છે ( એશિયામા તો એવા બનાવો વારંવાર બને જ છે, ને દિલ્હીમા તો એવા બનાવ સાધારણુ છે )

પરતુ આ સવાલનુ આવુ રૂપ એટલા માટે થયું છે, કે ઇતિ-હાસકારોએ પુરી હકીકત લખી નથી. આલમગીરનામા ને મઆસરે આલમગીરીના કર્ત્તા તો એ બનાવના કારણોનો જરાપણ ખુલાસો લખતા નથી, તેથી એમનો તો કાઇ વાંક કાઢી શકતાજ નથી, પરંતુ ખાફીખાન કે જે એ ગ્રંથકર્ત્તાઓ ઉપર શ્રેષ્ઠતા મેળવવામાટે આધારો આપેછે, અને તેમા ખાસ કરીને આકિલખાનના ગ્રંથ ઉપરથી ખુલાસો કરેછે, તે પણ જ્યારે આ બનાવની હકીકત લખે છે, તો ફકત આટલુ લખીને રહી જાયછે, કે " પહેલે દિવસે મુરાદને યુક્તિસર પોતાનો મદદગાર બનાવેછે, ને પગમા બેડીઓ ઘાલેછે. " ( પુ-સ્તક બીજુ પૃષ્ઠ ૨૩૮ )." ત્યારે ખાફીખાન આ બનાવની તફસીલ શામાટે લખતો નહિ હોય ? શુ આલમગીર વધારે બદનામ ન થાય તે માટે તેના ઉપર ઉપકાર કરેછે ? પરતુ શાહજહાનને કેદ કરવાનો બનાવ તો એ કરતા પણ વધારે બદનામ કરે એવો છે. તેને તો ખાફીખાને ઘણી તપાસ કરીને લખ્યો છે. તે પોતે લખેછે, કે " આલમગીરનામાના ત્રણ ગ્રંથકર્ત્તાઓ શાહજહાનને પદભ્રષ્ટ કરવાના બનાવને શાહજ-હાનની મરજીથી હતું એમ લખેછે." પરતુ આકિલખાનખા-નીએ પોતાના પુસ્તક વાકેઆતેઆલમગીરીમાં ખુલાસાથી વર્ણન કર્યું છે, તેને ખાફીખાન શામાટે લખતો નથી ?

પરંતુ અસલ હકીકત એ છે, કે મુરાદ ઘણોજ બહાદુર હતો, તોપણ ઘણોજ ભોળો અને લોકોના દાવમાં આવી જાય એવો હતો. દારાનો જ્યારે તેણે પરાજય કર્યો, ત્યારે લોકોના ભભેરવાથી તેને એવો વિચાર થયો કે આ લડાઇ મેંજ ફતેહ કરી છે, અને તેથી હુ એકલો જ ગાદીનો વા-રસ છું. આવો વિચાર આવતાંજ તે આલમગીરથી જુદો

પડ્યો, અને આલમગીરના મોટા મોટા અમીરોને ભારે ભારે ઇનામ અને પગારોની લાલચ આપીને પોતાના પક્ષમાં લેવા લાગ્યો. એથી વીસહજાર માણસની ફોજ તેના તાબામાં એકઠી થઇ, અને તેથી આલમગીરની ફોજ દિનપ્રતિદિન ઘટવા લાગી. આથી લાચાર થઇ આલમગીરને એનો બંદોબસ્ત કરવો પડ્યો ( આકિલખાન પણ એજ પ્રમાણે લખેછે).

એજ કારણથી મુરાદને કાબૂમા રાખવો પડ્યો પરંતુ ઇન્સાફ એ છે, કે આકિલખાનના લખવા પ્રમાણે " આલમગીરે તેને પેટના દરદના બહાનાથી તેડાવ્યો, ને બપોરે સુઇ રહેવા માટે જ્યારે તે પોતાના ઓરડામાં ગયો, ત્યારે એક દાસીને મોકલી તેના હથિઆરો મગાવી લઈ પછી શેખમીરૂ વગેરેને મોકલી મુરાદને કેદ કરી લીધો." એ કહેવુ ખરૂ છે ? જો એમ હોય તો એ એક એવુ કામ છે, કે જે પોલિટિકલ નજરે જોતા યોગ્ય હોય, કેમકે મુરાદની સાથે ખુલ્લી રીતે લડાઈ કરવામા હજારોના જીવ જવાની ધાસ્તી હતી, છતા પણ આલમગીરે બીજી ખુનરેજીઓની પેઠે એને પણ ન છુટકે કબૂલ કરી મુરાદપર તદબીરથી નહિ, પણ તલવાર વડે કાબૂ મેળવ્યો હોત, તો અમે એની મરદાનગીના વધારે વખાણ કરત. પરતુ અબ્બાસી રાજ્યનો પાયો નાખનાર અબુમુસ્લિમ ઇસ્ફહાનીને દગાથી બોલાવીને ખલીફા મનસૂરઅબ્બાસીએ કતલ કર્યો હતો, તેનાં જેટલાં વખાણ થાયછે, તેથી વધારે વખાણ પોતાનાં થાય એવું આલમગીરે કદી પણ ઇચ્છયું નથી.

**પાશ્ચાત્ય ઇતિહાસકારોએ કરેલાં ખોટાં વર્ણન—** પાશ્ચાત્ય ઇતિહાસકારોએ આ બધી હકીકત વિષે જે ખોટું

વર્ણન ને છેતરપડી કરી છે તે બધી જો લખવા બેસીએ તો જુદુ પુસ્તક થાય. મેં પ્રથમથી હમણા સુધી ઇરાદાપૂર્વક એથી આંખઆડાકાન કર્યા છે, કે એમાં ફસાઇને હું ભૂલો પડી ન જાઉં. પણ હવે જ્યારે હું મન મારીને મારો વિષય લગભગ પુરો કરવા આવ્યો છું, તો હવે એ લોકોની ભૂલો, અજ્ઞાનતા, છેતરપડી ને જાણી જોઇને લખેલી વિપરીત હકીકતની સમજ પડવા માટે મને લાયક છે, કે એ વિષે હું કાઇક લખું. શાહજહાન, દારા ને મુરાદ દરેકને માટે આ ઇતિહાસકારોએ સરખી રીત રાખી છે, પરંતુ ટુંકાણ કરવાના વિચારથી હું ફકત મુરાદની હકીકત વિષેજ લખુ છુ.

બધા પાશ્ચાત્ય ઇતિહાસકારો લખેછે, કે " શાહજહાનના મુકાબલામાં ઉભો થવા માટે અને દારાની સાથે લડવા માટે, આલમગીરેજ મુરાદને તૈયાર કર્યો હતો, ને જાતજાતની છેતરપડી કરીને તેને ઉશ્કેર્યો હતો." પરતુ ઐતિહાસિક પુસ્તકો વિના મુરાદના જે કાગળો હાલમા મોજૂદ છે, તેથી નક્કી થાયછે, કે આલમગીર પોતાની જગાએથી ખસવાનું પણ યોગ્ય ધારતો નહોતો. તે વારવાર મુરાદને રોકતો હતો. શાહજહાનના મંદવાડને બે મહીના થયા પછી એટલે તારીખ ૨૩ મી સફરને દિવસે મુરાદે આલમગીરને કાગળ લખ્યો છે, તેમાં તમામ હકીકતથી વાકિફ કરીને અને આલમગીરને પોતાની સાથે લડાઇમાં શામિલ થવાની દરખાઁસ્ત કરીને લખેછે, કે " અગર આપ સાહેબ આ તરફ આવવાની મહેરબાની કરો તો ઘણું સારૂં, નહિ તો હુ કોઇપણ કારણથી આ કામમાં હવે ઢીલ કરવાનુ યોગ્ય વિચારતો નથી."

આલમગીરે એ કાગળોના જવાબમાં લખ્યું, કે "હજૂર જીવતા છે, ત્યાંસુધી અમારે અમારી જગ્યાએથી ખસવું ન જોઇએ. તમે જો સુરત બંદર ઉપર ચડાઈ ન કરી હોત, તો સારૂં હતું." તેના જવાબમા મુરાદે આલમગીરને સંખ્યાબંધ કાગળો લખીને આગ્રાની તરફ આવવા માટે ઉશ્કેર્યો છે. તારીખ ૧૦ મી રબીઉલઅવ્વલને દિવસે લખેલા કાગળમાં લખેછે, કે "આપના લખાણુથી માલૂમ પડ્યુ, કે આપ બાદશાહ સલામતના મરણુની વાત માનતા અચકાઓછો, અને કોઈ રીતે તે માનતા નથી. ખેર! ગમે તેમ હોય, હુ મારા ઇરાદાથી ફરી શકતો નથી." એક બીજા કાગળમા લખેછે, કે "આપ લખોછો કે હજુ બાદશાહ સલામતના મરણુના સમાચાર મને મળ્યા નથી, બલ્કે તેઓ તન્દુરૂસ્ત થતા જાયછે, ને તેથી ત્યાંસુધી આપણે આપણી જગાએથી ખસવું ન જોઇએ, તેમજ નક્કી ખબર મળવા પહેલા તમે સુરતપર લશ્કર મોકલ્યુ, તે ઠીક ન કર્યું." પરંતુ આ સમય જોતા મને એનો ભરોસો પડતો નથી. મને વિશ્વાસુ વકીલોની મારફતે ખબર મળી છે, કે "જીલ્હજના મહીનાની વચમાં બાદશાહ સલામતને જે હગામાનો વાયદો કરેલો છે, તે ઉપર મોકલ્યા છે, અને તેટલાજ માટે આપણા ભાઇઓના વકીલોને નજરકેદ કર્યા છે. ગમે તેમ હોય, ખબર આવતા સુધી દાહ જોવામાં પોતાના હાથમા આવેલી બાજી ખોવી જેવું, ને દુશ્મનોની ચડતી કરવા જેવું છે, અને જે કરવાને મન નથી ચાહતું તે કામ કરવું પડેછે." એજ કાગળની સમાપ્તિમાંલખેછે, કે "હું તો આનો ફેસલો લડાઇથીજ કરવાનું યોગ્ય ધારૂછું બીજી વાત યોગ્ય સમજતો

નથી. જ્યાંસુધી આપ સાહેબ નહિ આવી પહોચો ત્યાંસુધી હું આટલામાંજ હોઇશ.'' અર્થાત મારા ભાગમાજ મળીશ (રબીઉલઅવ્વલ.)

છતાં પણ આલમગીર મુરાદને વારવાર રોકેછે. પરતુ મુરાદ આગળ વધવા માટે એકપગે થઈ રહ્યો છે. તે એક કાગળમા લખેછે, કે "આપ મહેરબાન સાહેબની આજ્ઞા વિના મને બીજો કોઈ રોકનાર નથી.'' એ પછી મુરાદે સુરતનો કિલ્લો ફતેહ કરી લઇને તારીખ ૧૮ મી રબીઉસ્સાનીને દિવસે આલમગીરને લખ્યુ કે "સુરતના ઘેરામાં જે લશ્કર રોકાયું છે, તે ઝડપથી આપ સાહેબ તરફ આવે છે, અને તે આપના ઇશારા ને આજ્ઞાની રાહ જુએ છે.'' તારીખ ૧૪ મી રબીઉસ્સાનીને દિવસે આલમગીરને એક કાગળમાં લખેછે, કે "જો કે આપ સાહેબ સોચનામાં પડેલા છો, ને જરૂરના કામમા સારી ખબરોની રાહ જુઓછો, પણ જેમ જેમ વખત જતો જાયછે, તેમ તેમ દારા પોતાની શક્તિમાં વધારો કરતો જાયછે. જ્યારે આટલી ખાતરી છે, કે પિતાશ્રી પાસે કાંઈ પણ સત્તા નથી, તેઓ દારાના બંધનમા છે, ને શુજા ઉપર ફોજ મોકલી છે, તો લાયક છે કે દારાને વચ્ચેથી ટાળવો જોઇએ. તેથી આપણી મકસદ માટે આપણે રવાના થવુ જરૂરનું છે. જો આ વિચાર આપને પસંદ હોય તો આપે શુજાને આપણો મદદગાર કરવો, ને અમુક વખતે તથા અમુક સ્થળે આપણે એકઠા થઇએ એવો બંદોબસ્ત કરવો ''

આવા બીજા ઘણા કાગળો છે. જેથી સાબિત થાયછે,

કે આલમગીર વારંવાર રોકેછે, અને કહેછે, કે બાદશાહ સલામતના જીવતા સુધી આપણે આપણી જગોએથી ખસવું ન જોઇએ. પરતુ મુરાદ કોઈ વખતે કહેછે, કે સાચું પૂછો તો બાદશાહ સલામત ગુજરી ગયા છે. કોઈ વખતે લખેછે, કે જો તે કદાપિ જીવતા હોય તો પણ દારાના કબજામાં છે. કોઈ વખતે લખેછે કે હવે તો જે ઇરાદો કર્યો તે કર્યો. હવે આપની ઇચ્છા હોય તો મગાથે આવો, અને નહિતો હુ એકલો રવાના થઇશ.

૧ ઈન્સાફ કરો, કે આટલો ખુલાસો થયા છતાં પણ "આલમગીરે મુરાદને લાલચો આપી પોતાની મદદમાં લીધો." એવું પાશ્ચાત્ય ઇતિહાસકારો અને ખાફીખાનનું કહેવું કેટલે અશે સત્ય છે ! ! !

૨ પાશ્ચાત્ય ઇતિહાસકારો **સામાન્ય રીતે** કહે છે, કે આલમગીરે મુરાદની સાથે કોલકરાર કર્યા હતા. કે ' રાજ્ય આપને મળશે. હુ દારાને નાબૂદ કર્યા પછી હજ કરવા જઈશ. ડૉકટર બર્નિયર સાહેબ લખે છે, કે " એજ કારણથી આલમગીર મુરાદને હમેશા **હજરત** કહીને બોલાવતો હતો. ખાફીખાનના લખાણથી પણ સાબિત થાય છે, કે મુરાદને રાજ્યની આશા આપવામા આવી હતી. પરંતુ આ એક ઐતિહાસિક ભૂલ છે. બેશક ત્રણે ભાઇઓ વચ્ચે કોલકરાર થયા હતા. પરતુ ખાફીખાન તથા પાશ્ચાત્ય ઇતિહાસકારોએ તેની તપાસ કરવાની તસ્દી લીધી નહિ, અને એ કોલકરારો કેવા હતા તે તપાસ્યુ નહિ. મુ-

રાદે આલમગીર ને શુજાને લખેલા પોતાના કાગળોમા ઠે-
કાણે ઠેકાણે એની સૂચના કરી છે જેની મતલબ એ છે,
કે "દારા જ્યારે અમારા ત્રણમાથી કોઇપિણ એક ઉપર
ચડાઇ કરે, ત્યારે બીજા ભાઇઓએ મદદ કરવી, ફતેહ
થયા પછી લૂટનો ⅓ તથા કાબુલ, પજાબ ને કાશ્મીરના
ઈલાકા મુરાદને આપવા. (વાકિઆતે આલમગીરી આકિ-
લખાન કૃત.)"

દારાના પરાજય પછી જ્યારે મુરાદ આલમગીરથી ના-
રાજ થઇને જુદો પડયો, ત્યારે આલમગીરે એજ કોલકરાર
પ્રમાણે વીસ લાખ રૂપિઆ નકદ મોકલ્યા, ને કહેવરાવ્યું,
કે દારાના કામનો નિકાલ થયા પછી કાબુલ, પંજાબ ને
કાશ્મીર પણ આપને સોંપવામા આવશે. (આકિલખાન.)

આ સત્યતાના મુકાબલામા "આલમગીરે મુરાદને લા-
લચ આપી હતી, કે હિંદુસ્તાનની ગાદીના પોતેજ હકદાર
છો, ને હુ આપને રાજ્ય અપાવીને એકાતવાસી થઇશ."
એવુ ડૉકટર બર્નિયર તથા બીજા પાશ્ચાત્ય ઇતિહાસકારોનું
કહેવું કેટલું જુઠ ને હડહડતું તોહમત છે ! ! ! ડૉકટર બર્નિ-
યરે આ હકીકત વારંવાર લખી છે. તેઓ લખેછે, કે "અ-
વરગઝેબ જાહેરમાં મુરાદને હિંદુસ્તાનનો બાદશાહ કહીને
બોલાવતો હતો, અને ખલીલુલ્લાહખાનને કહ્યુ હતું કે ફકત
હજરતજ ગાદીને લાયક છે (પૃષ્ઠ ૧૦૪)

ડૉકટર સાહેબ મોસૂફ ફરમાવે છે, કે આલમગીરે મુરા-
દને એક પત્ર લખ્યો. જેના પૃથક પૃથક વાકયો આ પ્રમાણે

છે. "રાજ્યકારભારની મહેનત ઉઠાવવી એ મારા સ્વભાવથી કેટલુ વિપરીત છે, તે યાદ દેવડાવવાની આપને જરૂર નથી. * * * જો કે હું રાજ્યના બધા હક છોડી દઉછું * * * દારા રાજ્યકર્તા તરીકેના બધા ગુણોથી ખાલી છે, એટલુંજ નહિ. પણ નાસ્તિક ને કાફર હોવાના કારણુથી રાજપાટને લાયક નથી. * * * તેથી આ મોટા રાજ્યની સરદારીને લાયક છો. * * * મારે વિષે તો એટલુજ માની લેજો, કે જો આપની તરફથી પાકો વાયદો કરવામા આવે, કે જ્યારે ખુદાના હુકમથી તમે બાદશાહ થાઓ, ત્યારે મને તમારા મુલકના ખુણામાં કોઈ જગા નિરાંતે ઇબાદત કરવા માટે આપશો. * * * એક સેકન્ડ પણુ નકામી ન જવા દેતા આ સમયને ઉત્તમ સમજી જલદીથી સુરતના કિલ્લાનો કબજો કરી લો.

ઇન્સાફ કરો, કે ડૉકટર સાહેબનું આ વર્ણન કેટલે દરજ્જે ખરૂ છે "સુરતનો તરત કબજો કરી લો, વાર કરશો નહિ" એ લખાણુ કેટલુ સત્ય છે!!! મુરાદના કાગળોમા ખુલાસો થયો છે, કે આલમગીર મુરાદને મહીનાઓ સુધી જગાએથી ન ખસવા માટે સમજાવે છે, ને સુરત ઉપર તેણે હુમલો કર્યો, એ તેના કામને ધિક્કારે છે, છતા ડૉકટર બર્નિયર સાહેબ ઉલટો આલમગીરે મુરાદને ઉશ્કેર્યાનુ લખે છે હવે અમારે મુરાદ ને ડૉકટર બર્નિયર એમાથી કોના ઉપર વિશ્વાસ કરવો જોઇએ?

૩ બધા પાશ્ચાત્ય ઇતિહાસકારો લખે છે, કે "આલમગીરે મુરાદને દારૂ પાઇને કેદ કરી લીધો." પરંતુ ખરૂ

પૂછો, તો એ હકીકતને માટે ડૉકટર બર્નિયર વિના બીજા કોઇએ એક અક્ષર પણ લખ્યો નથી. વળી નવાઇ જેવી વાત તો એ છે, કે મુંબાઇના ગવર્નર એલ્ફિન્સ્ટન સાહેબ પોતાના હિંદના ઇતિહાસની એક નોટમાં લખેછે, કે "જો કે ડૉકટર બર્નિયર સાહેબ પણ તેજ સમયની લગભગ હતા, અને એક સારા લેખક હતા; પરતુ સાંભળેલી ને લખેલી હકીનતનું જ્ઞાન મેળવવાની તેમની શક્તિ સીમાવાસી હશે, તથા હિંદુસ્તાનીઓ વિષે આધાર બાધવાના સાધનો તેમની પાસે થોડા હશે. તેમના વર્ણનમાં કેટલીક તો એવી વાતો આવે છે, કે જે તદ્દન કપોળકલ્પિત લાગેછે. ( અલીગઢમા છપાયલો, પૃષ્ઠ ૯૯૯. )

એલ્ફિન્સ્ટન સાહેબે ડૉકટર બર્નિયર વિષે આ અભિપ્રાય ઘણોજ સત્ય અને ખાતરીપૂર્વક આપ્યો છે. પરતુ અફસોસ એટલોજ છે, કે એમનું જે લખાણ આલમગીરના લાભમાં છે, તેનેજ તેઓ ભરોસો રાખવા લાયક માનતા નથી. પણ આલમગીરની વિરૂદ્ધમાં લખેલો ડૉકટર બર્નિયર સાહેબનો એક એક અક્ષર તેઓ દેવવાણી માને છે. ફક્ત એલ્ફિન્સ્ટન સાહેબજ નહિ, પણ બધા પાશ્ચાત્ય ઇતિહાસકારો તેને આકાશી પુસ્તક ગણે છે.

આલમગીરની બધી કારકિર્દી હવે તમારી રૂબરૂ છે. વિચાર પૂર્વક વારવાર વાચો, અને એક એક બનાવની પરીક્ષા કરો, અને પછી જુઓ, કે વિરોધી ઇતિહાસકારોએ આલમગીરને નઠારો સાબિત કરવા માટે કેવાં કેવાં જુઠાં વર્ણનો

લખ્યાં છે, કેવી કેવી રીતે અસલ હકીકતને બદલી નાખી છે, કેવાં કેવા ખોટાં પરિણામો કાઢયાં છે, અને કેવી કેવી છેતરપડીથી કામ લીધું છે. આલમગીર તો શું, પણ જો આવી કોશિશો નવશેરવાનના સંબંધમાં પણ કરવામાં આવે તો તે પણ શેતાન જેવો દેખાય.

**શિખામણ**—આલમગીના મિત્રોમા એક મિત્ર લેનપોલ સાહેબ છે. તેમણે આલમગીરની હકીકતનું એક પુસ્તક લખ્યું છે, અને પોતાના ધારવા પ્રમાણે આલમગીર ઉપર મૂકાતા બધા આરોપોનો જવાબ દઈ આલમગીરને પ્રશસાપાત્ર સાબિત કરવાનુ ધાર્યું છે પરતુ રીત એવી રાખી છે, કે દારા વગેરેની કતલ, હિંદુ રાજ્યો સાથે દુશ્મની કરીને પોતાના રાજ્યને નબળું કરવું, મદિરોનો નાશ કરવો, હિંદુઓને સરકારી નોકરીથી બરતરફ કરવા, દક્ષિણના મુસલમાની રાજ્યોનો નાશ કરવો, ને મરેઠાઓની પાછળ ફોજ, મુલક ને રાજ્યનુ સત્યાનાશ વાળવુ, વગેરે વગેરે આલમગીરની બુરાઇઓ સાબિત કરીને લખ્યુ છે, કે "આલમગીર એક પાકો દીનદાર ને જબરો મુસલમાન બાદશાહ હતો. તેથી તેની ધર્મ મબંધી ફરજો ઉપર વિચાર કરતા આ બધુ કરવું એ તેની ફરજ હતી. એવુ ઘણે સ્થળે લખતા લખતા એક સ્થળે લખે છે, કે " મુગલોના ઇતિહાસમાં આ સૌથી પહેલો બાદશાહ હતો, કે જે પાકો મુસલમાન કહેવાય છે. શરેમાં મના કરેલી વસ્તુઓ પોતે પણ વાપરતો નહોતો, ને જેમને એની ટેવ હતી, તેવા બીજા લોકોને એથી રોકતો હતો. એજ ફકત એવો બાદશાહ થયો છે, કે જેણે ધર્મના ભોગે રાજ્યને ધાસ્તીમાં નાંખ્યુ. સલાહ—સંપ એ

સૌથી ઉત્તમ છે, એ વાત તે સારી રીતે સમજતો હતો; અને તેથી જુદી જુદી કોમો અને એક બીજાથી વિરૂદ્ધ ધર્મથી બનેલી સલ્તનતને કાયમ રાખવા માટે એનો (સંપનો) સ્વીકાર કરવો જોઇએ. × × × જે રસ્તા ઉપર એ ચાલતો હતો, તે ધાસ્તીવાળો છે, એવું તે નિશ્ચયપૂર્વક જાણતો હતો. તે સારી રીતે જાણતો હતો કે, હિંદુઓથી જુદા પડવું અને ઇરાની લોકે કે જે એની ફોજ અને દરબારમાં મોટા મોટા સરદારોની પદવીપર હતા, તેમની સાથે વિરોધ કરી તેમને દુશ્મન બનાવવા, × × × તે જાણે એક મહાન પ્રલયને પોતેજ બોલાવવા જેવું હતું. તોપણ તેણે એજ માર્ગ સ્વીકાર્યો, અને ઘણીજ દૃઢતાથી પોતાની પચાસ વર્ષની અનુપમ અમલદારીમા એ ઉપરજ ચાલ્યો ગયો. × × × આવી વર્તણુક તેણે કોઈ ખરા અગત્યના કામસર ચલાવી નહોતી, પરતુ તેમ કરવાનો તે પોતાનો હક સમજતો હતો. (ભાષાંતર લેનપોલ પૃષ્ઠ ૬૩–૬૪.)"

એક બીજે સ્થળે ફરમાવે છે, કે " અવરગઝેબના રાજ્યના સમયમાંજ તેનો પરાજય તો થયો. પરતુ આ પરાજય કાંઈ મોટો પરાજય નહોતો. દુનિયાનો માર્ગ તેણે પોતાના ઈમાનની શક્તિ ઉપર અવલંબાવ્યો હતો. તેણે પોતાની ફરજ શી રીતે અદા થાય, તેનો રસ્તો પસદ કરી રાખ્યો હતો, અને જોકે તે તદ્દન અશક્ય હતો, તોપણ ઘણીજ દૃઢતાથી તે તે ઉપર ચાલ્યો ગયો. જો અવરંગઝેબ એક દુનિયાદાર માણસ થવા લાયક હોત, તો તેનો માર્ગ ફૂલો બીછાનાથી ઢંકાયલો હોત, પરતુ તેણે પોતાના આત્માને લાચાર ન થવા દીધો, કેમકે એને એજ પસંદ હતું.

તેણે આસ્થાની ધજાનું અપમાન કરવાની હિંમત ન કરી. હિંદુસ્તાનનો આ મોટો દીનદાર બાદશાહ એવી શક્તિનો માણુસ હતો, કે તેણે શહીદો ( પરમેશ્વરના માર્ગમા જીવ આપનાર, ધર્મયુદ્ધમા મરનાર ) નો મુગટ જિતી લીધો. ”

લેનપોલ સાહેબની આ મહેરબાની કાઇ વધારે આશ્ચર્ય નથી. તેઓ પાશ્ચાત્ય ઈતિહાસકાર છે તેથી તેમને એવુંજ કરવુ જોઈતું હતું. પરતુ શિખામણુ એ લેવાની છે, કે નવી કેળવણી લીધેલા લોકો લેનપોલ સાહેબના આ પુસ્તકને આલમગીરનો હિમાયતી ગણે છે, અને તેથી એક સાહેબે તેનો ઉર્દુમા તર્જુમો કરીને કોમના એક પ્રખ્યાત ને પ્રતિષ્ઠિત ગૃહસ્થને અર્પણુ કર્યો, કે આ એક ઇસ્લામી સેવા છે. કોઇએ સત્ય કહ્યું છે, કે “ હે મિત્ર મારૂં કામ તેની નાદાનીથી નિષ્ફળ ગયુ, અને વળી નવાઇ એ છે, કે તે મારા ઉપર પોતાનો ઉપકાર દાખવે છે ” ×(ફારસી કવિતા).

---

## “ આલમગીરની ખૂબીઓ. ”

એક લાંબો કિસ્સો કે, જે ઘણા સમય પછી સમાપ્ત થયો છે. તેનો સાર ફક્ત એટલોજ નીકળ્યો, કે આલમગીરને એના શત્રુઓ જેટલો નઠારો બતાવે છે, તેટલો તે

× અર્થાત્ લેનપોલ સાહેબ ઉપકાર દાખવે છે, પણુ તેમની નાદાનીથી અવરંગઝેબ બદનામ થાય છે

નઠારો નહોતો. પરતુ શું આલમગીરના નસીબમાં એટલું જ લખ્યું છે, કે તેણે આટલાથીજ સંતોષ માનવો જોઈએ, કે "વખાણ નહિતો ખેર, ધિક્કારથી તો હું બચી ગયેલ છુ."

વિરોધી ઇતિહાસકારોએ આલમગીરના દૂષણો કાળજીપૂર્વક લખ્યાં છે, તેમજ તેના સદ્‌ગુણ જાહેર કરવામાં પણ કચાશ રાખી નથી. એ સત્યવક્તાપણા માટે અમારે તેમને શાબાશી આપવી જોઈએ અલબત દૂષણો એટલા બધા બૂમબરાડાથી વર્ણવ્યા છે, કે તેની ગડબડમાં સદ્‌ગુણનો ઝીણો સાદ સમાઇ જઈ સાભળવામાં પણ આવતો નથી. પરંતુ હવે જ્યારે આરોપોનું અંધારૂ મટી ગયુ છે, તો આલમગીરના ખરેખરા સદ્‌ગુણોજ નજરની સામે રાખવા જોઇએ.

**મુલકી સુધારો અને બદોબસ્ત**—તૈમૂર, હમેશા પોતાના વશજોની કારકિર્દીમા કેટલા નવા મુલકો ફતેહ કર્યા, તથા પોતાના રાજ્યની હદ કેટલી વધારી એ જોવા માગશે, અને આલમગીર આ પરીક્ષામાં પાસ થશે. તે આસામ અને ટિબેટ તાબે કરી દક્ષિણના બે રાજ્યો ખાલસા કરી ચૂકયો છે. એના રાજ્યમા મુગલાઈ સલ્તનતની હદ જેટલી હતી, તેટલી કદી નહોતી. પરતુ તૈમૂરની શી ઇચ્છા છે, તે આલમગીરની કારકિર્દીમાં અમારે જોવાની જરૂર નથી ચગીસખાને પણ મુલકો તો ફતેહ કર્યા હતા. સિકન્દર પણ મોટો વિજયી હતો, પરંતુ તેણે મુલકી સુધારાને બદોબસ્ત માટે શુ કર્યું છે, તે અમારે જોવાનું છે, ને તે નીચે પ્રમાણે છે

૧ બધા બાદશાહોના સમયમાં રેવીન્યુ (માલગુજરી) વિના બીજા સંખ્યાબંધ અયોગ્ય ટેક્સ અને વેરા લેવાતા હતા, ને તેનો એકંદર આંકડો માલગુજારીની બરાબર થતો હતો. ચુગી, પાંદરી ( ઘરવેરો ), સરશુમારી (માથાવેરો), બરશુમારી (શરીરવેરો), બરગદી, તુમાના (ધજાવેરો), જુર્માના ( ગુનેહગારી ), શુક્રાના ( ઉપકાર વેરો ) વગેરે વગેરે એવા ટેક્સોની સંખ્યા ૮૦ સુધી હતી, અને એની ઉપજ ખાફીખાનના લખવા પ્રમાણે કરોડો રૂપિઆ થતી હતી. આલમગીરે એ બધા વેરા એકદમ બંધ કર્યા.

૨ અકબરના વખતમા ઉપજ તથા ખંડણી ઉઘરાવવાના જે કાયદા થયા હતા. તેનું પાછું, રિવિઝન થયુ નહોતું. આલમગીરે એનું રિવિઝન કરીને એક નવો કાયદો કર્યો. એ અસલ કાયદો તથા તેનો તર્જુમો અમારા મિત્ર પટના—કોલેજના પ્રોફેસર જદુનાથ સરકાર બંગાળીએ એશિઆટિક જનરલ સોસાઈટી કલકત્તાના જરનલમા છપાવ્યો છે. પણ લંબાણુ થવાની ધાસ્તીને લીધે અમે એ લખતા નથી. આ સ્થળે જાહેર કરવું જોઇએ, કે આલમગીરના વખતમાં રાજ્યની ઉપજ એટલી બધી વધી હતી, કે અકબરના સમયથી આજ સુધી એટલી કદી થઇ નહોતી. જે નીચેના આંકડાઓથી પુરવાર થશે (લેનપોલ સાહેબે ખરા ઉતારાઓથી એ સંબંધે ખુલાસાવાર રીપોર્ટ લખ્યો છે. (લેનપોલ પૃષ્ઠ ૧૧૬—૧૧૭).

| અકબર. | શાહજહાન. | આલમગીર. |
|---|---|---|
| ૧,૯૦,૦૦૦૦૦ પૌંડ | ૨,૨૭,૫૦૦૦૦ પૌંડ | ૪,૦૦૦૦૦૦૦ પૌંડ. |

આલમગીરના રાજ્યમાં હેદરાબાદ, વીજાપુર, આસામ, ચિ-

ત્તાગોગ અને ટિએટનો વધારો થયો હતો. પરંતુ આ બધા પ્રાતોની ઉપજ દશબાર કરોડ રૂપિઆથી વધારે થઈ શકે એમ નહોતું. બાકીનો જે વધારો છે, તે બદોબસ્તની ખૂબી અને દેશની આબાદીના કારણથી છે

૩ આલમગીરના સમય સુધી એવો સામાન્ય કાયદો હતો, કે જ્યારે કોઈ ઓહદેદાર મરી જતો, ત્યારે તેની તમામ જાગીર, દોલત વગેરે બાદશાહી ખજાનામા દાખલ થતી આ કાયદો જેવો આજે જુલમી દેખાય છે, તેવો તે વખતે દેખાતો નહોતો, અને ખરૂ જોતા કેટલાક કાયદાઓ પણ હતા; પરંતુ એ રિવાજ ઘણી બુરાઇઓ ને નિર્દયતાનું મૂળ થઇ પડયુ હતું આલમગીરે એ કાયદો તદ્દન બંધ કર્યો ( મઆસરે આલમગીરી પૃષ્ઠ ૫૩૧ ). ખાફીખાન અને લેનપોલ સાહેબ પણ આ વાત કબૂલ રાખે છે. પરંતુ કહે છે, કે " આ હુકમનો અમલ બહુજ થોડો થતો હતો, કેમકે આલમગીરના ઉમરાવો આનો બહુધા અમલ કરતા નહોતા " ગમે તેમ હોય, એનો વાચનારને સોપીએ છીએ.

૪ સૌથી મોટું કામ કે જેથી કરીને ઇસ્લામી દુનિયાનો ઇતિહાસ ખાલી છે, તે એ હતું, કે બાદશાહના મુકાબલામા જો ઈન્સાફ માગવો હોય, તો કોઈની હિંમત થતી નહોતી, તેમ તેને માટે કોઇ કાયદો પણ નહોતો. આલમગીરે ૧૦૮૨ હિજરીમાં એક ફરમાન કાઢીને બધા જિલ્લાઓમાં સરકારી વકીલ મુકર્ર કરવાનો ઠરાવ કર્યો,

અને ઢંઢેરો ફેરવ્યો કે "જેને બાદશાહ ઉપર કોઈ પ્રકારનો દાવો કરવો હોય, તો તે બિલાશક કરે." સરકારી વકીલ તેનો જવાબ આપતો, ને જો તેનો હક સાબિત થાય તો સરકારી વકીલ પાસેથી બદલો મળતો

૫ મુલક અને રૈયતની સ્થિતિ જાણવા માટે બાતમીદારો (પત્ર લખી ખબર આપનાર, તથા બનાવો નોંધનાર) ના ખાતામાં વધારો કર્યો. આ ખાતું ધાસ્તી ભરેલુ હતું, એમાં શક નથી. કેમકે એ લોકો લાંચીઆ અને સ્વાર્થી હોય તો મુલકને બરબાદ કરનાર એમના જેવો કોઇ બીજો હોય નહિ, પરંતુ દેશના જરા જરા જેટલા ભાગના બનાવથી વાકિફ થવા માટે એ વિના બીજો કોઇ ઉપાય નહોતો* એટલાજ માટે હજરત ઉમરફારૂક (ર. અ. ત અ.) મામુનુર્રશીદ, નાસિરૂદ્દીનલ્લાહ વગેરે ખાલીફાઓ અને બાદશાહો જેઓ ન્યાયમૂર્ત્તિ ગણાય છે, તે બધાઓએ આ ખાતું સ્થાપ્યુ હતું, અને તેમા વધારો કર્યો હતો. અલબત તેઓ ઘણીજ સભાળપૂર્વક કામ લેતા હતા, અને આલમગીર પણ ઘણીજ સાવચેતી રાખતો હતો, ને તે એની ધાસ્તીઓથી સારી પેઠે વાકિફ હતો. એક સ્થળે પોતે કાગળમા લખે છે, કે—"બાતમીદારો પોતાના સ્વાર્થને માટે ઘણીક વસ્તુઓ પોતાના ઘરોમાં એકઠી કરે છે, તે મેં બંધ કરી છે, અને ખબર આપી છે, કે દરેક બનાવની જ્યારે સપૂર્ણ ખાતરી થાય ત્યારેજ દરબારમાં લખવું." પોતાના પૌત્ર મુઇજ્જુદીનને એક કાગળમાં બાતમીદારોના

---

* કેમકે તે વખતે વર્ત્તમાનપત્રો નહોતાં.

સંબધમા લખે છે, કે " **જો તેઓ જાણે કે અમારી જગાએ બીજાને મુકર્રર કરશે, તો હમણાં જે બાતમીદાર છે તે, પાછળથી બાતમીદાર રહે નહિ.**" આજમશાહને એક પત્રમાં લખે છે, કે " **તમારા પ્રાંતમાં બાતમીદારો અને નોકરો વિશ્વાસુ અને ખબરદાર રાખજો, અને દરરોજ આમિલોના હુકમો વાંચતા રહેજો.**"

આ ખાતાના પ્રતાપથી હિંદુસ્તાન જેવા વિસ્તીર્ણ મુલકના ખુણાખોચરાની ખબર આલમગીરને મળતી હતી. એના રાજ્યની ખાસ ખુબી એ છે, કે તે પોતાની રૈયતની ખરી હાલતની જેટલી ખબર રાખતો હતો, અને તેમના સુખને માટે જેવા બંદોબસ્ત કરતો હતો, તેવો દાખલો બીજા કોઈ પણ રાજ્યમાંથી જુજ મળશે. એના કાગળો વાચો' એ શાહજાદાઓ, સૂબાઓ અને આમિલોની એક એક ભૂલ પકડે છે, ને બાતમીદારોનો હવાલો આપે છે. હજારો કોસ ઉપર કોઇ સોદાગર અથવા વટેમાર્ગુની કોઈ વસ્તુનો નાશ થાય છે, તો તરત તેની તેને ખબર પડે છે, ને તે વિષે ત્યાના આમિલનો જવાબ લેવામા આવે છે.

૬ એના ઇતિહાસનાં સૌથા વધારે આશ્ચર્યકારક વાત એ છે, કે તે નાની મોટી બધી વાતો ઉપર સંપુર્ણ કાબૂ રાખી શકતો હતો એક તરફ તે મોટી મોટી ચડાઈના કામમાં રોકાયલો રહેતો હતો, કે જેથી તેને દમ લેવાની પણ નવરાશ નહોતી; પણ તે સાથેજ બીજી તરફ એક

જરા જેટલી વાત પણ એની જાણ બહાર જઇ શકતી નહોતી, ને તેનો બંદોબસ્ત પણ તેવીજ કાળજીથી કરતો હતો.

એલ્ફિન્સ્ટન સાહેબથી વધારે આલમગીરનો કોઇ બીજો શત્રુ થયો નથી. તેઓ પણ લાચારીથી લખે છે, કે " તે પોતે એકલી જાતે પોતાના રાજ્યની દરેક શાખાનુ અવલોકન લક્ષપૂર્વક કરતો હતો લશ્કર શી રીતે મોકલવું તેના નકશાઓનો તે વિચાર કરતો હતો, તથા લશ્કર મોકલવાની વખતે તેના નિયમો ઘડતો હતો હુમલાના મુકામ પોતે મુકર્રર કરે તે માટે સરદારો પોતાના કિલ્લાઓના નકશા તેની પાસે મોકલતા હતા. પઠાણોના સપાટ મુલકોમા સડકો કરવા માટે તથા મુલતાન ને આગ્રાના ફસાદો દબાવી દેવા માટે, તથા કંદહારને બીજી વખતે તાબે કરવા માટેની યુક્તિઓ એના કાગળો વાંચવાથી નજરે પડે છે. તેજ સમયે દક્ષિણમાં કૂચ કરતી ફોજની કોઇ ટુકડીને જોઈતા સાહિત્યો વિષે અવરગઝેબે થોડા ઘણા હુકમો નહિ કર્યા હોય એવું બન્યું નહિ હોય. જિલ્લાના ઉપજ ખાતાના હલકામાં હલકા નોકરની નીમણુક અથવા કોઈ ઓફિસમાના કોઈ કારકુનની પસદગી પણ પોતાની ઇચ્છાથી વિરૂદ્ધ હોય તો તે અયોગ્ય ગણુતો હતો, અને જાસૂસો તથા આવતા જતા લોકોની મારફતે બધા નોકરોની વર્તણુકની દેખરેખ રાખી તેમની ખરી હાલતથી જાણીતો થયા પછી તેમને સમજુતી કરતો હતો પરતુ ઝીણી ઝીણી વાતોપર શોખથી લક્ષ આપવુ, એ જેવી રીતે હુશીઆરી ને ચાલાકીની દલીલ છે, તેવીજ રીતે કામકા-

જની મૂળ ઉન્નતિ ને કામના જારી થવાની ખરી રીતો ચડતીને માટે બહુધા ફાયદાકર્તા નથી. પરંતુ અવરંગઝેબનો સ્વભાવ નાની નાની વાતો ઉપર કાબૂ રાખવામાં જેવો ચાલાક હતો, તેવોજ રાજ્યના મોટા મોટા કામોમાં પણ ચંચળ હતો, એમ જણાય છે. એ કામોમા એની સ્ફુરતા એવી માલૂમ પડે છે, કે જે સદા ઘણીજ અદભુત ને આશ્ચર્યકારક ગણાય (એલ્ફિન્સ્ટન સાહેબ કૃત ઇતિહાસનું ભાષાંતર પૃષ્ઠ ૧૧૧૯ થી ૧૧૨૦)".

૭ આલમગીરના રાજ્યમાં તેનુ સૌથી પ્રકાશિત કામ તેનો **ન્યાય** છે. જેમા પોતાના કે પારકા, ગરીબ કે અમીર, દોસ્ત કે દુશ્મનનો કાંઇ તફાવત ગણાતો નથી. એક કાગળમા પોતે લખે છે, કે "**ઇન્સાફના મામલામાં શાહજાદાઓને પણ હું સાધારણ માણસ જેવો ગણુંછું.**" આ ફકત કહેવામાજ નહોતું, પણ બીજા લોકો પણ એની હા પાડે છે. લેનપોલ સાહેબ આલમગીરના જીવનચરિત્રમા લખે છે, કે "મુંબાઇ અને સુરતના વેપારીઓ કે જેમને અવરંગઝેબનો જરાપણ પક્ષ નથી, તેઓએ કરેલી ટીકા ઉપરથી **ઓવિંગ્ટન સાહેબ** (કે જેમનો પોતાનો અભિપ્રાય તો બહુધા વિશ્વાસપાત્ર ગણી શકાય એમ નથી.) લખે છે, કે "**આ મોટો મુગલ ન્યાયનો મહાસાગર છે, કેમકે તેની હજુરમાં સિફારશ, દોલત કે અધિકારનું કાંઇ ચાલતું નથી, અને તેથી તે પુરેપુરી તપાસથી ન્યાય કરે છે. એ એક મોટામાં મોટા અમીરની વાત જે રીતે સાંભળે છે,**

**તેવીજ રીતે એક ગરીબમાં ગરીબની અરજ પણ ધ્યાનપૂર્વક સાંભળે છે.**

ડૉકટર **કારેરી** કે જેણે અવરંગઝેબને ઈ. સ. ૧૬૯૫ માં દક્ષિણમાં જોયો હતો તે પણ ઉપર પ્રમાણેજ અભિપ્રાય આપે છે (લેનપોલ સાહેબનું ભાષાંતર પૃષ્ઠ ૭૫–૭૬).

એક બીજે સ્થળે લેનપોલ સાહેબ લખે છે, કે "મુસાફરોએ અવરંગઝેબની ચાલચલગત ઉપર જે વિરોધી ટીકાઓ કરી છે, તે જ્યાસુધી તે શાહજાદો હતો, ત્યાંસુધીનાજ સમયને લગતી છે. પરંતુ તેજ મુસાફરો જ્યારે તેના બાદશાહી સમયની હકીકત લખે છે, ત્યારે તેના વખાણુજ કરે છે એણે કરેલા પચાસ વરસ જેટલા લાંબા રાજસમયમાં એક પણ જુલમી કામ એની ઉપર સાબિત થતું નથી હિંદુઓને સતાવવા એ તેના ધર્મનો એક ભાગ હતો, છતાં સો કોઈ કબૂલ રાખે છે, કે તેમા પણ કોઇનો વધ કર્યો નથી, કે કોઇને શારીરિક દુઃખ દીધુ નથી (લેનપોલનું ભાષાતર પૃષ્ઠ ૫૭).

રાજ્યના ભપકા, વૈભવ ને એશઆરામને બદલે રૈયતની સેવા કરી તેમને સુખી કરવા એજ તેનો ઉદ્દેશ હતો. તે છેક ઘડપણુ સુધી દરબારમાં ઉભો રહીને રૈયતની અરજીઓ લેતો હતો, ને પોતાને હાથે તેપર શેરા કરતો હતો ડૅાકટર જેલીકોરીએ ૭૮ વર્ષની ઉમરમાં આલમગીરને જોયો હતો. તે લખે છે, કે "તે સાફ અને સફેદ મલમલ-

નો પોશાક ધરેરીને લાકડી ઝાલી અમીરોના ટોળામાં ઉભો હતો. તેની પાઘડીમાં લીલમનો મોટો કડકો ટાંકેલો હતો. તે ન્યાય માગનારની અરજીઓ લઇને ચશ્મા વગર વાંચીને તે પર પોતાને હાથે સહીઓ કરતો હતો. તેના હસમુખા ચહેરાથી સાફ જણાતું હતું, કે તે જે કામમાં રોકાયલો છે, તેથી ઘણો રાજી છે. ( અલીગઢમાં છપાયલા એલ્ફિન્સ્ટન સાહેબના ઈતિહાસનું ભાષાંતર પૃષ્ઠ ૧૩૩ )".

તે દહાડામા બે ત્રણ વખતે દરબારેઆમ ભરતો હતો, અને તેમાં બધાને જવાની છૂટ હતી તે વખતે હલકામાં હલકો માણસ પણ જે ચાહે તે કહી શકતો હતો, ને તેનું કહેવું. બાદશાહ ઘણાજ ધ્યાનથી સાંભળતો હતો. ( મઆસરે આલમગીરી પૃષ્ઠ ૫૨૭ ).

કામબખ્શ આલમગીરને ઘણોજ વહાલો દીકરો હતો. એની ધાવના દીકરા ( દૂધભાઈ ) ઉપર ખૂનનું તોહમત મૂકવામાં આવ્યુ. આલમગીરે અદાલતમા ન્યાય કરવાનો હુકમ કર્યો. કામબખ્શે તેની હિમાયત કરી. આલમગીરે કામબખ્શને દરબારમાં બોલાવ્યો. કામબખ્શ હમેશા તેને પોતાની સાથે રાખતો હતો, તેથી આલમગીરે હુકમ કર્યો, કે કામબખ્શને પણ તેની સાથે કેદમા રાખો, તરત એ હુકમનો અમલ કરવામાં આવ્યો.

સને ૧૦૮૫ હિજરી (આલમગીરી વર્ષ ૧૨) માં હસન અબ્દાલના સફરમાં આલમગીરે એક બાગમાં મુકામ કર્યો. તેની ભીંત પાસે એક ડોશીનું ઘર હતું. એ ડોશીને ત્યાં

એક જળચક્રી હતી, તેમાં બગીચામાંથી પાણી આવતું હતું. સરકારી માણુસોએ પાણી બંધ કર્યું, તેથી જળચક્રી પણ બંધ થઇ. આલમગીરને આ વાતની ખબર પડતાજ પાણી છોડી મૂકવાનો હુકમ કર્યો, અને રાત્રે જ્યારે જમવા બેઠો ત્યારે બે થાળ ભરીને જમણ તથા પાચ સોના મોહર શેખ અબુલ્ખેરની સાથે ડોશીને મોકલાવી; અને કહેવરાવ્યું કે અમારા આવવાથી તમને તકલીફ થઈ, તે માટે તમે અમને માફ કરો. સવારે પાલખી મોકલીને ડોશીને બાગમાં બોલાવી, ને રણુવાસમા મોકલી. તપાસ કરતાં માલૂમ પડ્યું, કે તે ડોશીને બે કુવારી છોડીઓ ને બે બાળક છે. તે સાભળી બાદશાહે ડોશીને રૂ. ૨૦૦) આપ્યા. એ જોઇને સ્ત્રીઓએ તેને જર ને જવાહિરથી ન્યાલ કરી દીધી. બે ત્રણ દિવસ પછી ફરી ડોશીને બોલાવી, ને છોડીઓની શાદી કરવા માટે બે હજાર રૂપિઆ આપ્યા તે સિવાય બેગમો ને શાહજાદીઓએ રૂપિઆ ને મોહરોનો વરસાદ વરસાવી મૂક્યો. એ ધનવડે કેટલાક દિવસ પછી તે ડોશી અમીર બની ગઈ (મઆસરે આલમગીરી પૃષ્ઠ ૧૩૨ થી ૧૩૪).

દર્શનની રીત એણે સખ્તીથી બંધ કરી હતી. તેના બદલામાં એવો હુકમ કર્યો હતો, કે અરજદારની અરજીઓ દોરડીથી બાંધીને ઉપર મોકલી દેવી (મઆસરે આલમગીરી પૃષ્ઠ ૯૫ ).

આવા સેંકડો બનાવો છે. પણ આવા નાના પુસ્તકમાં તેમનો સમાવેશ થઈ શકે નહિ.

આલમગીરના કાગળો વાચો તો માલૂમ પડશે, કે ઈ-

ન્સાફ માટે કેટલી તાકીદ, કેવા કેવા બંદોબસ્ત ને કેવી કેવી મહેરબાનીથી તે પોતાના તાબાના માણુસોને હુકમો ને ફરમાનો મોકલે છે. તેની ખાસ ઇચ્છા એવી છે, કે કોઈ પણુ માણસનો એક વાળ પણુ વાંકો ન થાય.

૮ તૈમૂરના વંશના બાદશાહો સ્વતંત્ર બાદશાહોના નમૂના હતા; પરંતુ રાજ્યના બંદોબસ્તનો પાયો બાદશાહની પૂજા ઉપર રચાયો હતો. તેઓ માનતા હતા, કે બાદશાહ સાધારણુ માણુસથી ચડીઆતો છે. તે ખુદાની છાયા નહિ, પણુ ખુદાને જાહેર કરનાર છે, 'અને તેટલાજ માટે અકબરનાં દર્શન કરવા એ ઈબાદત (ભક્તિ) ગણાતી હતી. રોજ સવારમાં એક મોટું ટોળું આ ઇબાદત (ભક્તિ) કરતું હતું. દરબારમાં બાદશાહને જાહેર રીતે સજદો ( જમીન ઉપર માથું મૂકવું ) કરતા હતા. શાહજહાને સજદો તો બંધ કર્યો, પણુ જમીન ચૂમવાનો ઠરાવ કર્યો; કે જે સજદાનું જ રૂપાન્તર હતું. બાદશાહી ગજવા ખર્ચ, ખાવું પીવુ, લુગડાંલત્તા ને સેલસપાટા ઉપર લાખો કરોડો રૂપિઆ ખર્ચ થતા હતા, અને દુનિયાના શહેનશાહનો એ હક છે, એવુ સમજતા હતા. સેવક તરીકેની બધી ક્રિયા કર્યા વિના બાદશાહથી કોઇ વાતચીત કરી શકતું નહોતું. મતલબ કે આકાશપર કોઇ બીજો ખુદા હોય તો હોય, પણુ દુનિયાનો ખુદા તો બાદશાહ જાતેજ હતો. એ ઉપરથી તૈમૂર કહેતો હતો, કે “ જેવી રીતે આકાશપર એક ખુદા છે, તેવીજ રીતે જમીનપર પણુ એકજ ખુદા જોઇએ. ” પરંતુ આ રીત ઈસ્લામથી બિલ્કુલ વિરૂદ્ધ છે. ઈસ્લામે સમાનતાનો નિયમ દાખલ કર્યો હતો,

તેની રૂએ બાદશાહ, રૈયત, ઉત્તમ ને કનિષ્ઠ સૌ સરખાં છે.

તૈમૂરના સમયથી શાહજહાન સુધી જે કાયદાઓ દિન-પ્રતિદિન વધતા વધતા ચાલ્યા આવતા હતા, તેમને આલમગીર એકદમ તો બદલી શક્યો નહિ, પરંતુ ઘણો પ્રયત્ન કર્યો, કે ઇશ્વરત્વની મોટાઇ ને ભપકો રાજ્યના ચેહેરાપરથી ઉતારી પાડવો.

દર પરોઢીએ ઇબાદત (ભક્તિ) ની પેઠે બાદશાહનાં દર્શન થતા હતાં, ને જ્યાંસુધી દર્શન ન થાય, ત્યાસુધી તે લોકો ખાતા પીતા નહિ. એ દસ્તુર તદ્દન બંધ કર્યો. ૧૦૭૯ હિજરી ( ખાફીખાન આલમગીરની હકીકત પૃષ્ઠ ૨૧૩ ).

દરબારમાં શાઇરો (કવિઓ) મુકર્રર હતા. તેઓ બાદશાહની સ્તુતિની કવિતા લખીને લાવતા હતા, ને તેમાં બાદશાહને ખુદાની બરાબર બનાવી દેતા હતા. એમને ભારે પગાર મળતો હતો. તેમનો એક શાઇર (કવિ) ઉપરી હતો, તે મલિકુશ્શોઅરા (કવિરાજ) કહેવાતો હતો. આ ખાતું પણ આલમગીરે આજ વર્ષમાં બંધ કર્યું (ખાફીખાન).

૯ **નવરોઝ** જશનને દિવસે બધા અમીરો બાદશાહી હજૂરમાં મોટાં મોટાં નજરાણાં મૂકતા હતા. કેટલાંક નજરાણાંની **કીમત કરોડ રૂપીઆથી** વધારે થતી હતી. જહાંગીરે એ નજરાણાંની તફસીલ **સ્વાદ** લઇ લઈને લખી છે. ૧૦૮૮ હિજરી ( આલમગીરી વર્ષ ૨૧ )માં એ દસ્તુર બંધ કરી દીધો. મઆસરે આલમગીરી પૃષ્ઠ ૧૬૨ માં લખ્યુ છે, કે "બખ્શીઉલમુલ્ક સરીખાનને લખ્યું, કે અમોએ જશન

બંધ કરી દીધું છે, તેથી અમીરૂલ ઉમરાનું નજરાણું પાછું આપી દેવું, અને બીજા નજરાણાં પણ રાખવાં નહિ. ”

દરબારમા જેટલો ભપકો ને ટાપટીપ હતાં, તે બધ કર્યાં. ચાંદીના ખડીઆને ઠેકાણે ચીનીનો ખડીઓ વાપરવા હુકમ કર્યો. ઇનામની રકમો ચાંદીની રિકાબીઓમાં લાવતા હતા, તે ઢાલમાં રાખીને લાવવાનો હુકમ કર્યો. (મઆસરે મઆસરે આલમગીરી પૃષ્ઠ ૧૬૨.) કસબી પોશાકો આપવાનું બંધ કર્યું.

દરબારમાં અન્યોન્ય સલામ કરે, એ વિવેકથી ઉલટુ ગણાતું હતુ તેથી ફકત માથા ઉપર હાથ મૂકતા હતા. ૧૦૮૦ હિજરીમા આલમગીરે હુકમ કર્યો, કે એ રિવાજને ઠેકાણે લોકો જુની રીત પ્રમાણે “અસ્સલામો અલયકુમ” કહે (મઆસરે આલમગીરી)

આલમગીરે જુદે જુદે વખતે પોતાની વર્તણુકથી સાફ દેખાડી આપ્યુ, કે બાદશાહ પણ એક સાધારણ માણુસજ છે, અને એના હક્ક પણ સામાન્ય લોકોના જેટલાજ છે. ૧૦૮૩ હિજરી ( આલમગીરી વર્ષ ૨૬ )માં બકરાઇદની નમાઝ માટે ગયો હતો, ત્યાંથી પાછા ફરતી વખતે એક માણુસે લાકડી ફેંકી, જે આલમગીરની જાંગ ઉપર વાગી; તેથી અગરક્ષકો તેને પકડી લાવ્યા બાદશાહે હુકમ કર્યો, કે એને છોડી મુકો ( મઆસરે આલમગીરી)

આલમગીરી ૩૦ મા વર્ષમા જ્યારે તે જામેમસ્જિદથી પાછો આવતો હતો, ત્યારે એક માણુસ તલવાર ઉગામીને

તેની તરફ દોડયો. લોકોએ તેને પકડી લીધો, ને મારી નાખવાની ઇચ્છા કરી. આલમગીરે તેમને મના કરી, ને રોજ આઠ આના પ્રમાણે તે માણુસનો પગાર ઠરાવી આપ્યો (મઆસરે આલમગીરી).

આ બનાવ જો કોઈ બીજા બાદશાહના સંબંધમા થાત તો ગુનેહગારના કડકા કરી નાખત.

પહેલાના બાદશાહોના વખતમા બાદશાહી ગજવાખર્ચ માટે કરોડો રૂપિઆની આમદાનીના ઇલાકા જુદા કાઢવામા આવતા હતા, ને તેમની ઉપજ વડે બાદશાહ પોતાનો ખર્ચ નભાવતો હતો. આલમગીરે કેટલાંક ગામ ને અગર (મીઠું પકવવાની જગા, નિમકસાર) જુદાં કાઢીને બાકીના બાદશાહી ખજાનામાં દાખલ કરી દીધા (મઆસરે આલમગીરી પૃષ્ઠ ૭૨૫).

એની જિંદગી સાદી ને ભકતના જેવી હતી. બર્નિયરે તેને ૧૬૬૫ મા જોયો હતો. તે લખેછે, કે " તે શરીરે પાતળો ને દુબળો થઇ ગયો હતો, ને રોજા (ઉપવાસ)ઓના કારણુથી તેની નિર્બળતામાં વધારો થયો હતો."

લેનપોલ સાહેબ લખેછે, કે "અવરગઝેબ નવરાશની વેળાએ ટોપીઓ શીવતો હતો."

ટોપીઓ શીવવાની વાત ખરી હોય કે ન હોય, પણુ આટલું તો નક્કી છે, કે આલમગીર પોતાની હાથમહેનતથી પોતાની રોજી પેદા કરતો હતો અને એમ કરવાનો એનો ઉદ્દેશ એટલોજ હતો, કે બાદશાહની પદવી જેટલી જોઇએ તે હદસુધી કાયમ કરવામાં આવે

૧૦ આલમગીરે કેળવણીનો જેટલો પ્રચાર કર્યો, તેટલો હિંદુસ્તાનમા કોઇ કાળે થયો નહોતો. દરેક શહેર અને કસ્બામા બધા આમિલો ને કાજિલોના દૈનિક પગારો નક્કી કરવામા આવ્યા હતા, કે જેથી તેઓ નચિંત થઇને કેળવણીના કામમા મડયા રહે. વળી દરેક સ્થળે વિદ્યાર્થીઓ માટે સ્કૉલરશિપો ઠરાવવામાં આવી હતી ( મઆસરે આલગીરી પૃ૪ ૫૨૯ )

કાશીમા ભરવામા આવેલા નદવતુલઉલમાના વિદ્યાસબધી સગ્રહસ્થાનમા અમે મુગલ બાદશાહોના સમયના ફરમાનો એકઠા કર્યાં હતાં. એમાથી રૂ થી વધારે ફકત આલમગીરના હતાં. સખ્યાબંધ આ બધા ફરમાનો કોઈ આલિમ ( વિદ્વાન ) કે દુર્વેશની જાગીર કે ખોરાકી પોશાકી ની મદદના સબંધમા હતા. વિદ્વાનોના વજીફા માટે અમને જે ફરમાન મળતું હતું, તે આલમગીરનાજ વખતનુ નીકળતું હતું.

બધા મુલકમા ધર્મશાળાઓ, કારવાનસરાઓ, ( વેપારીઓને ઉતરવાનાં ઠેકાણા ) ને મુસાફરખાના બધાવ્યાં હતાં, ઠેકાણે ઠેકાણે અનાજના ભંડાર રાખ્યા હતા, કે દુકાળની વખતે ગરીબોને મફત અનાજ આપવામા આવે.

આલમગીરે ખલીફા બનવાનો દાવો કર્યો નહોતો, છતાં તે મુસલમાન બાદશાહ હતો; તેથી તેની ફરજ હતી, કે એક મુસલમાની રાજ્ય માટે જેટલો જોઇએ તેટલો ઇસ્લામી દેખાવ રાખવો અકબરે જે રગમાં બાદશાહીને રંગવા માડી હતી, અને જેની અસર શાહજહાનના સમય સુધી પણ બાકી હતી; તે જો કાયમ રહી હોત, તો મુગલાઇરાજ્ય એક હિંદુરાજ્ય થઇ ચુક્યું હતું. ઇસ્લામી દસ્તૂરો તદ્દન નાશ પામ્યા હતા. દરબારનો સાધારણ પોશાક

ઘેરદાર પાયજામો ને હિંદુસાઇ પાઘડીથી બનેલો હતો. ગ-જાઓની પેઠે બાદશાહો આભૂષણો પહેરતા હતા. દરબારમા સલામને ઠેકાણે સજદા કે પાલખીનો દસ્તૂર હતો.

આલમગીરે રાજ્યની લગામ હાથમાં લીધી, ત્યારે તેની ફરજ હતી, કે તે ઇસ્લામી દસ્તૂરો ફરી જારી કરે તેણે સૌથી પહેલાં ૧૦૬૯ હિજરીમાં એટલે ગાદીએ બેઠા પછી બીજે વર્ષે પારસીઓની નકલથી દાખલ થયેલા સૌર્ય-વર્ષને ઠેકાણે ચાદ્રવર્ષ દાખલ કર્યું. આ એક સાધારણ વાત હતી, પરતુ આવી સાધારણ વા થીજ દુનિયામાં સૈકડો કોમો બની છે, ને નાશ પામી છે

દર્શનનો દસ્તૂર મુસલમાની ધર્મથી તદ્દન વિરૂદ્ધ હતો ઇસ્લામની સૌથી ઉત્તમ ખૂબી એજ છે કે, તેણે માણસને હમેશા માણસના દરજ્જાપર રાખ્યો છે. કદીપણ કોઈ મા-ણસની પૂજા કે ભક્તિ કરવાની રજા આપી નથી. તેથી આલમગીરે ૧૦૭૯ હિજરીમા એ દસ્તૂર બંધ કર્યો

૧૦૮૨ હિજરીમા મુસલમાની દસ્તૂર પ્રમાણે સલામ ક-રવાનો દસ્તૂર કાયમ કર્યો, અને મુસલમાનો એક બીજાને મળે, તો એજ રીત ચાલુ રાખવાનો હુકમ કર્યો.

ગાવું બજાવું એ દરબારની એક અગત્યની ક્રિયા, ગ-ણાતી હતી, અને હમેશા એક અમુક સમય સુધી દરબાર નાચ ને ગાયનનું સ્થળ બનતું હતું.

"મઆસરેઆલમગીરીમાં ખુલાસાથી લખ્યા પ્રમાણે આ-લમગીર પોતે ગાયનવિદ્યા જાણતો હતો; પરતુ સારગી વ-ગેરે સાજની સાથે ગાવુ મુસલમાની શરેમાં મના છે, ને બાદશાહી દરજ્જાની બિલ્કુલ વિરૂદ્ધ છે: તેથી આલમગીરે એ

ખાતું પણ બંધ કરી દીધું. ગવૈયાઓએ એ ઉપરથી કૃત્રિમ જનાઝો ( ઠાઠડી ) કાઢયો, તે જોઇને આલમગીરે કહ્યું, કે એને એવો દાટજો કે, પાછો નીકળવા પામે નહિ.”

હિસાબીખાતું જુદું મુકર્રર કર્યું; ને બધા જિલ્લાઓમાં હિસાબી ખાતાના નોકરો રાખ્યા. તેઓ લોકોને ન વાપરવાની મના કરેલી વસ્તુઓનો ઉપયોગ કરવાથી રોકતા હતા એ ખાતાના ઉપરી મુલ્લા વજીહુદ્દીન હતા

બધા મુલકમા જેટલી મસ્જિદો હતી, તે બધીમા ઇમામ, બાગ દેનાર, ને ખુત્બો પઢનાર રાખ્યા હતા, ને તેમનો પગાર સરકારી ખજાનામાથી મળતો હતો ( મઆસરે આલમગીરી પૃષ્ઠ ૫૨૯ ).

શરેના મુકદ્દમાઓના ફેસલા માટે કોઈ એવી કિતાબ નહોતી, કે જેમાથી જોઇને દરેક શરેના મુકદ્દમાઓ ચુકવી શકે. માટે એવી કિતાબ તૈયાર ક[illegible]વવાનુ કામ પહેલુ કરવાનું હતું. તે માટે આલમગીરે બધા આલિમો તથા ફાજિલોને એકઠા કરી એક જુદુ ખાતું કાઢયું, ને તેનો ઉપરી મુલ્લા નિજામને બનાવ્યો. એ કામની મદદ માટે બાદશાહી લાયબ્રેરીમા જે અસખ્ય કિતાબો હતી, તે આપી દીધી. કેટલાંક વર્ષોની લાગલાગટ મહેનતથી એ કિતાબ તૈયાર થઈ, કે જે આજે “ આલમગીરી ” ના નામથી પ્રખ્યાત છે, અને અરબસ્તાન તથા તુર્કસ્તાનમા ફતાવએ હિંદિયાને નામે જાણીતી છે. એ વખતે આલિમોનો પગાર વધારે નહોતો અમે મઆસરેઉમરામાં કોઇનો દૈનિક પગાર ત્રણ રૂપિઆથી વધારે હોય એવું વાંચ્યુ નથી. છતાં બે લાખ રૂપિઆ એ કિતાબ ઉપર ખરચ થયા બીજી કિતાબોમાં જે ઇબારત ગુંચવણવાળી ભાષામા લખી છે, તે

બધી બાબતોને આ કિતાબમા એવી સહેલી ઇબારતમા લખી છે, કે નાનું બાળક પણ તે સમજી શકેછે. એ આ કિતાબની ખૂબી છે

ફિકા ને હદીસ (મુસલમાની શરેની વિદ્યા) ની કેળવણીનો આલમગીરે ઘણો પ્રચાર કર્યો. કસ્બામા આલિમો ઇસ્લામી ઇલમ પઢવા પઢાવવામા લાગેલા હતા, એમને સરકાર તરફથી વજીફા મળતા હતા.

પોતે પણ શરેમા લખ્યા પ્રમાણે અમલ કરતો હતો. હમેશા *વજૂ સાથે રહેતો, ને નમાઝ જમાઅતની સાથે પઢતો હતો. અઠવાડીઆમા ત્રણ દિવસ રોજા (ઉપવાસ) રાખતો હતો, ને (મઆસરે આલમગીરીની સમાપ્તિ) મોજશોખની સભાઓમા જતો નહિ.

એક નવાઇની વાત તો એ છે, કે આલમગીર આટલો બધો દીનદાર છતા જાહેર બનાવોને પૂજનાર કે કોઇના ઉપર તરત આસ્થા રાખી લે એવો નહોતો. એની દીનદારી જોઇને મક્કાના શરીફે ઘણી વખત પોતાના વકીલો મોકલ્યા હતા, તે ઉપરથી આલમગીર એક કાગળમા (કોઇને) લખે છે, કે "મક્કાના શરીફે હિંદુસ્તાનમાં ઘણીજ દોલત છે, એવું સાંભળ્યુ છે, ને તેથી તેનો નફો મેળવવા માટે દરવર્ષે પોતાનો એલચી મોકલે છે, પરંતુ જે નાણા હુ એકઠા કરૂં છું, તે ઉપર હકદારોનો હક છે તેથી મને એની ફિકર રહે છે, કે એ હકદાર લોકો આવીને તે લઇજાય તો સારૂં, કે જેથી તે મક્કાના શરીફના હાથમાં જાય નહિ"

---

* મુસલમાની શરે પ્રમાણે મોં, હાથ, પગ વગેરે ધોવા તે. ઝાડે કે પેશાબે જઇ આવ્યા પછી, વાછૂટ થયા પછી તથા બીજી કેટલીક બાબતો પછી ફરી વજૂ કરવાની જરૂર પડે છે. કેમકે તેથી વજૂ નષ્ટ થાય છે.

# પ્રકરણ ૬ ઠું.

## અવરંગઝેબ—આલમગીર.
## અને
## જાતિસ્વભાવ

**બહાદુરી**—તૈમૂરના લોહીમા સૌથી પહેલાં બહાદુરીની ગરમી ખોળવી જોઇએ આલમગીર આ વારસાનો સૌથી મોટો ભાગીદાર હતો તૈમૂરના વશજો-બાબરથી શાહજહાન સુધી બહાદુરીનુ પ્રદર્શન છે જેમા એકથી બીજો ચડીઆતો દેખાતો નથી અકબર મસ્તાન હાથીઓને તેમની લડાઇના વખતમાં સુઢ ઝાલીને પાછા હઠાવી દેતો હતો. જ્યારે શાહજહાન શાહજાદો હતો, ત્યારે તેણે તલવારથી સિંહને માર્યો હતો આલમગીર જ્યારે ૧૪ વરસનો હતો, ત્યારે એક વખત શાહજહાન હાથીઓનો તમાશો જોતો હતો એમાથી એક હાથી ફોજની તરફ નાઠો તે વખતે ત્યા આલમગીરની પાસે કોઇ નહોતુ; છતા આલમગીર ત્યાંથી પહાડની પેઠે ખસ્યો નહિ ને હાથીની સામે થયો. હાથીએ તેના ઘોડાને સુંઢમા ઝાલીને ફેંકી દીધો. પણ આલમગીર તરત ઉભો થઇ ગયો, ને આગળ વધીને હાથીને તલવાર મારી. આ લડાઇની હકીકત બધા ઇતિહાસકારોએ ખુલાસાથી લખી છે અબુતાલિબ કલીમ, શાહજહાનના વખતમા મલિકુશ્શોઅરા ( કવિરાજ ) હતો, તે પણ એ વખતે ત્યા હાજર હતો. તેણે આ બનાવને પદ્યમાં લખ્યો છે. જેનું ભાષાતર લબાણની બીકથી અમે આપતા

નથી. શાહજહાન આ લડાઈ જોઈ રહ્યો હતો, અને જ્યારે હાથી ખસ્યો, ત્યારે આલમગીરને બોલાવીને છાતીએ ચાંપ્યો, ને તેના ઉપરથી મોતી ને રૂપિઆ લુટાવ્યા.

દારાની પાસે એકલાખ સવાર ને વીસહજાર પાયદળ હતા, તેના મુકાબલામાં તે પોતાની ૨૫—૩૦ હજારની ફોજ લઇને ગયો. જ્યારે દારૂણ યુદ્ધ શરૂ થયુ, ત્યારે તેની પાસે ફક્ત એક હજાર માણસ રહી ગયા હતા. એ વખતે તેણે જે બહાદુરી દેખાડી છે, તેને લેનપોલ સાહેબ આ પ્રમાણે લખેછે, 'લડાઇની એવી નાજુક હાલત થઈ ગઇ હતી, કે અવરગઝેબનો પરાજય સમીપમાંજ હતો, કેમકે તેના વીજેલા રિસાલાઓ પાછા પડી ગયા હતા, ને તે એકલો ઉભેલો હતો. તે વખતે એક હજાર માણસ તેની સાથે હશે, ને તેમને પણ દારાના હુમલાની બીક હતી. એનાથી દઢરૂસ્તમી લડાઇનો બીજો બનાવ નહિ હોય! પરંતુ અવરંગઝેબના શરીરમાં સ્નાયુઓને ઠેકાણે જાણે લોઢાના તાર હતા. ફક્ત અવરંગઝેબનીજ બહાદુરી હતી; કે જેણે એક લાખ ઉપર એક હજારને ફતેહ અપાવી"

"આલમગીરની આ હિંમતવાળી બહાદુરી ને નવાઈ જેવી દઢતાને ઘડપણ, અશક્તિ, મુસીબતો, સફર ને લાગલાગટનાં દુ:ખ કોઈ પણ ઘટાડી શકયું નહિ, સને ૧૧૧૦ હિજરી (ઇ. સ. ૧૬૯૯) માં સતારામા જ્યારે મરેઠાઓએ સુરગ ફોડીને ફોજને અવ્યવસ્થિત કરી નાખી, ત્યારે આ બ્યાશી વર્ષનો ઘરડો શહેનશાહ ઝટ ઘોડા પર ચડીને અકસ્માતને ઠેકાણે પહોંચ્યો, ને માણસોની લાશોના ઢ-

ગલા કર્યાં, ને હુમલ્લાની સરદારી પોતાના હાથમા લેવાનો ઇરાદો કરતો હતો, પરન્તુ ઘણી મહેનતથી એને એ ઇરાદાથી રોક્યો. હજુએ તે એવોજ§ સંમૂગઢના જવાન જેવો બહાદુર હતો, કે જેણે પોતાના હાથીના પગમાં બેડીઓ ઠોકાવી દીધી હતી.” આ લખાણ લેનપોલ સાહેબનું છે. ખાફીખાન પણ એજ પ્રમાણે લખે છે.

આ સમય એવો હતો, કે સુરંગ ફોડવાથી હજારો માણસો નકામા થઇ ગયા હતા, ને હુમલો કરવાની ના પાડતા હતા. આલમગીરની દૃઢતાના સેંકડો ચિત્રો મળી શકે છે જેમાનુ એક નીચે પ્રમાણે છે. તે જ્યારે શાહજાદો હતો, ને બલ્ખપર ચડાઈ કરવા મોકલ્યો હતો, તે વખતે અબ્દુલ અજીજખાનની સાથે ખરેખરી લડાઇ જામી હતી; એવામા બપોરની નમાઝનો વખત થયો દુશ્મનના માણસો ચારે તરફથી તીર વરસાવતા હતા પણ આ દૃઢતાનો દેવતા કાંઇપણ ધાસ્તી વિના ઘોડેથી ઉતર્યો, ને નમાઝની પંક્તિ કાયમ કરી, શાન્તિ ને નિશ્ચિતપણાથી પુરી નમાઝ પઢયો. અબ્દુલ અજીજખાન આ નવાઈ જેવો દેખાવ જોઇને લડાઇથી ખસી ગયો, ને બોલ્યો કે, “આવા માણસ સાથે લડવું, તે ભાગ્ય સાથે લડવા બરાબર છે. (મઆસરે આલમગીર પૃષ્ઠ ૫૩૧)”.

એલ્ફિન્સ્ટન સાહેબની જીભથી આલમગીરનાં વખાણનો

---

§ સંમુગઢની લડાઇ ઘણી પ્રખ્યાત છે. પોતાનો હાથી નાશી ન જાય માટે અવરંગઝેબે તેના પગમાં બેડીઓ ઘાલી દીધી હતી, અને તેથી પોતે યુદ્ધમાં દૃઢ થઇ ઉભો રહ્યો. એ ગઢ આગ્રાથી ૧૬ મૈલ દૂર છે. એ લડાઈ ૫ મી જુન ૧૬૬૮ ને દિવસે થઇ હતી.

એક પણ શબ્દ નીકળવો એ આલમગીરના ધનભાગ્ય કહેવાય. છતાં સાહેબ મોસૂફે આલમગીરની દૃઢતાનુ એક જુદુજ પ્રકરણ પાડી, તેમા ખુલાસાથી બધા બનાવ લખ્યા છે, ને તે ઉપર ઘણુંજ આશ્ચર્ય દેખાડયુ છે. અમે લંબાણના કારણથી તે લખતા નથી. ફોજના સૌથી બહાદુર સિપાઇઓ* બારહના સૈયદો ગણાતા હતા, ને એમા શક નથી, કે મુગલાની ઘણીક લડાઇઓ એમણેજ ફતેહ કરી છે. એક વખતે એ લોકાએ દરબારીઓથી ખાનગી લડાઇ કરી આલમગીરે કાજીને ત્યા કેસ ચલાવવા હુકમ કર્યો. સૈયદોએ કહ્યું, કે અમે અમારા ફેસલા પોતેજ કરી લઇશુ. આલમગીરે બાય ચઢાવીને કહ્યું, કે જે લોકો મારી તલવારનો સ્વાદ ચાખી ચૂકયા છે, તે શરેના હુકમના મુકાબલામા આવા શબ્દો ઉચ્ચારે છે ? એમને કહો, કે બધા એકઠા થઇને આવે એટલુ કહીને હુકમ કર્યો, કે પેહરા, ચોકીપર જેટલા સૈયદો છે, તે બધાને બરતરફ કરવા. આથી સૈયદોનો ગર્વ જતો રહ્યો શાહજાદા અકબરે જ્યારે બળવો કર્યો, ને ૭૦ હજાર રજપુતોને લઇને લગભગ આવી પહોચ્યો, ત્યારે આલમગીર પાસે ફકત એક હજાર ફોજ હતી, ને બાકીની ફોજો ઘણે દૂર મુકામે પડી હતી. પરંતુ આલમગીરની દૃઢતાના કપાળ ઉપર કરચલી વળી નહિ, ને છેવટે શાહજાદો પોતે પાછે પગલે જતો રહ્યો.

શાહજાદા આજમશાહની બહાદુરીની છાપ આખા દેશમા પડી હતી તેની સાથે જે બનાવ બન્યો છે, તે પ્રખ્યાત છે. એની અસર શાહજાદાપર એવી થઈ હતી, કે જ્યારે આલમગીર તરફથી એના ઉપર કોઈ કાગળ આવતો, ત્યારે

---

* કરઓ છે.

શાહજાદાનો રંગ પીળો પડી જતો હતો. એવા ગમ્યાબંધ બનાવો છે, કે જે ગણી શકાતા નથી.

આલમગીર તલવાર ને કલમ બંનેનો માલિક હતો. એની નિબંધશક્તિનાં શત્રુએ પણ વખાણ કર્યાં છે. ખરૂ પૂછો, તો એના કાગળો બનાવનો ખજાનો, વર્ણન કરવા જેવા હવાલાનો ભંડોળ ને ભૂગોળની બાબતોની લાંબી યાદદાસ્તો છે, છતાં મતલબ અદા કરવાની શક્તિ, ભાષાનુ સાદાપણુ, વાકયોની યોગ્ય ગોઠવણુ, મતલબના સંક્ષિપ્તતા, સંબંધપૂર્વક વાક્ય રચના, મનપર અસર કરે તેવી ગોઠવણો અર્થાત્ રૂઢિ, યથાર્થતાને સુંદરતાને માટે આશ્ચર્યકારક છે. ઉર્દૂના સૌથી મોટા **નિબંધકાર** મોલવી મહમદહુસેન આઝાદ પણ ના છુટકે તેના નીચે પ્રમાણે વખાણ કરે છે*

---

* મવલાના આઝાદ લખેછે, કે "આલમગીરે ન્યાયી અંતઃકરણ અને વર્ણનશક્તિ ઉપર કાબૂ રાખનાર જીભ સંપાદન કર્યાં હતા. તેથી તે પોતાના ફરમાન ને કાગળો પોતેજ લખતો હતો, અથવા પોતાની સામે લખાવતો હતો. કાગળો પર પોતે શેરા કરતો હતો. તે ૫૦ વર્ષ રાજ્ય કરીને ૧૧૧૮ હિજરીમા મરણ પામ્યો. એનું લખાણ જોઇને નવાઇ નવાઇ થાય છે, કે તે જેવી રીતે રાજગાદી પોતાના પગ તળે રાખતો હતો, તેવીજ રીતે ભાષાનો મુલક પણ કલમની નીચે રાખતો હતો. જુઓ એના નાનાં નાના વાક્યો રાજ્ય ચલાવવાની જાળમા ગુંચાયલા છે, પરતુ ઇબારત સાફ છે, ને શબ્દે શબ્દમાં રૂઢિનુ લવણુ નાખ્યુ છે. બંદોબસ્ત માટેની બધી સમજણો ને ઘણીક વિવેકની શિખામણો એવી છે, કે જે અસરમા ડુબેલી છે. એના લખાણુને ગુલિસ્તાન [પ્રખ્યાત કવિ શેખ સાદી શીરાઝીનું પુસ્તક] ની ઉપમા આપું, તો

આલમગીરના કાગળોથી નિબંધશક્તિ સિવાય તેનું વિસ્તીર્ણ જ્ઞાન, શરેનુ ભાન, સામાન્ય બનાવોનો અનુભવ, મન રાજી કરે એવો સ્વભાવ અને સારી વાતો ચુ ટી કાઢવાની ખૂબીનો પણ અંદાજો થઇ શકે છે.

આલમગીરની સામાન્ય ટેવો ને વિવેક આ પ્રમાણે હતા. તે ઘણો ઠાવકો ને ભારઓજવાળો માણુસ હતો. કદી પણ અસભ્ય શબ્દ તેની જીભેથી નીકળ્યો નહોતો. તે ઘણોજ દયાળુ ને મોટા મનનો હતો, અને લાયક પુરૂષોનો તો જાણે માબાપ હતો. લોકો સાથે ઘણુાજ વિવેકથી વર્તતો હતો; અને ઘણીજ કઠણુ ભક્તના જેવી જિંદગી ગુજારતો હતો, તથા નકામી વાતોથી તદ્દન બચતો હતો.

તમને નવાઇ થશે, કે આવો સદ્‌ગુણી પુરૂષ જેટલો ફતેહમંદ થવો જોઇએ; તટલો કેમ ન થયો ! તેનુ શું કારણ હશે ! તેના કેટલાંક કારણો નીચે પ્રમાણે છે

૧ એની ઓલાદ નાલાયક હતી. એની ગાદીએ બેસનાર, બહાદુરશાહ બપોર દહાડો ચડે પથારીમાથી ઉઠતો હતો. તે ઉપરથી એના બીજા ગુણોનો અંદાજો થઇ શકશે.

૨ આટલી ખૂબીઓ છતા આલમગીરમાં એક દૂષણુ હતું. તે પોતાની જાતિ બહાદુરી ને દઢતાના કારણુથી બીજા કોઇને લેખવતો નહિ, ને તે કારણુથી તે કોઇને પોતાનો મિત્ર કરી શકયો નહિ.

---

હરકત નથી. પરતુ એમા એટલો ફેર છે, કે ગુલિસ્તાનના વિષય કલ્પિત છે, ને એના વિષય અમલમાં આવેલા છે, એની ઇબારત જેટલી વાંચવામા સહેલી છે, તેટલીજ લખવાનાં કઠણુ છે.

૩ મરેઠાઓની પાછળ તેણે જોઇએ તે કરતાં વધારે બળ વાપરી નાખ્યું.

૪ એ ઘણોજ કરકસરીઓ હતો. આ ગુણ જો કે હજરત ઉમર (ર. ત. અ) ની પાછળ ગાદીએ બેસનાર માટે યોગ્ય કહેવાય. પરંતુ શાહજહાન જેવા ઉદારની પાછળ ગાદીએ બેસનારને ઉપયોગી થઈ પડે નહિ.

મતલબ કે આલમગીરનુ જે ચિત્ર એના શત્રુઓએ ચિતર્યું છે, તે તદ્દન પક્ષપાત ને અદાવતના રંગથી ભરપૂર છે. છતા તે માણસાઇ અપૂર્ણતાથી બચેલો હતો, એવું કહેવું, એ પણ અતિશયોક્તિ કહેવાય. તેનામા આટલી ખૂબીઓ છતાં અમે તૈમૂરના વશના બાદશાહોની અનુક્રમણિકામાં તેને અનુક્રમ પ્રમાણે જે નબર મળ્યો હતો, તેજ દરજ્જો આપી શકીએ છીએ. છતા સામાન્ય ઈસ્લામી દુનિયામાં તે પછી આજસુધી કોઈ એની બરાબરનો પુરૂષ થયો નથી, એ નક્કી છે.

# પ્રકરણ ૭ મું.

## અવરંગઝેબ—આલમગીર
## અને
## જિઝ્યાવેરા.

પરધર્મવાળાને **જિઝ્યા** શબ્દ હમેશાં ઘણો અપ્રિય લાગે છે તેમની સમજ એવી છે, કે આ શબ્દની ઉત્પત્તિ ઇસ્લામથી છે. ઇસ્લામેજ આ ધારો શરૂ કર્યો; જેથી એનો હેતુ મુસલમાન અને પરધર્મવાળા વચ્ચે અતિ અયોગ્ય અને પક્ષપાત ભરેલો ભેદ રાખવાનો હતો. વળી તેમનુ માનવું એવું છે કે, **જિઝ્યા** એવો બોજારૂપ હતો, કે તેમાથી બચવા ઇસ્લામી ધર્મનો અંગીકાર પણ અનુકૂળ લાગતો. આટલા માટે તે જોરજુલમથી મુસલમાન કરવાને એક સમર્થ સાધનરૂપ હતો. પરતુ પરધર્મવાળાઓની ઇસ્લામના સંબધમાં જે ગેરસમજ છે તેજ આ ખોટી કલ્પનાનું મૂળ છે. અમે આ સ્થળે ત્રણ મુદ્દાપર **જિઝ્યા** વિષે વિવેચન કરવા ઇચ્છીએ છીએ:—

૧ **જિઝ્યા** પ્રથમ કઈ ભાષાનો શબ્દ છે, તથા કયા કયા અર્થમા વપરાય છે?

૨ ઇરાન તથા અરબસ્તાનમાં **જિઝ્યાનો** પ્રારભ ક્યારથી થયો?

૩ તે ગ્રહણ કરવામાં ઇસ્લામનો હેતુ શો હતો? પણ અમે જે કાંઇ લખીશું તે ઐતિહાસિક આધારે લખીશું.

## મુદ્દો પહેલો.

જિઝ્યા શબ્દનો રૂઢિથી એક ખાસ અર્થ થઈ ગયો છે, પણ કોશની રૂએ તે 'મહેસુલ' તથા 'કર' ના એક સરખા અર્થમાં વપરાયલો છે. કામૂસમાં[1] લખ્યુ છે, કે "જિઝ્યા જમીનનું મહેસુલ છે, તથા તાબાના પરધર્મવાળા પાસેથી જે લેવાય છે તે." જોહરી[2] અને કામૂસના કર્તાએ આ શબ્દની વ્યુત્પત્તિ તથા મૂળ વિષે કશું લખ્યું નથી. લેન[3] સાહેબે પોતાના ગ્રંથ મદુલકામૂસ જે વિસ્તાર તથા શોધ-પૂર્વક લખેલો છે, તેમાં તેના સંબંધમાં બે ખુલાસા આપ્યા છે; ૧ જિઝ્યા 'જઝા' (બદલો) માંથી થએલ છે; ૨ ફારસી શબ્દ 'ગિઝ્યા' નો જિઝ્યા થયો છે.

બોરૂસ[4] સાહેબે પણ મુહીતુલમુહીત નામના ગ્રંથમાં આ બીજો શબ્દ લખેલ છે; પણ તે આધારરૂપ ગણાતો નથી. ફારસીકોશ લખનારાઓએ 'ગઝીત' શબ્દના પેટામાં લખ્યું છે, કે આ શબ્દ ઉપરથી જિઝ્યા' અરબીમાં દાખલ થયો છે.

બુર્હાને કાતેઅમાં[5] લખે છે, કે 'રૈયત પાસેથી હાકેમ દરવર્ષે જે પૈસો લે છે, તેનું નામ 'ગઝીત' અથવા 'મહે-સુલ' છે, અને તાબાના પરધર્મવાળા પાસેથી જે પૈસો લેવાય છે તે પણ 'ગઝીત' કહેવાય છે. દૃષ્ટાંત–નિઝામી[6] કવિ લખે છે, કે કોઇવાર ખાકાન[7] તેને ચીનનું 'મહેસુલ'

મોકલે છે. કોઈવાર કૈસર[૮] તેને ધર્મનો 'ગઝીત' મોકલેછે, પણ પ્રસિદ્ધ શબ્દ 'ગિઝ્યા' છે, જે અરબીમાં 'જિઝ્યા' થયો છે."

ફરહગે જહાંગીરીના[૯] કર્તાએ બીજા અર્થના આધાર તરીકે હકીમ સઝનીના[૧૦] નીચેના લખાણનું દૃષ્ટાંત આપ્યું છે:—" જ્યાં સુધી તેઓ અમારો 'ગઝીત' અહલે કિતાબની[૧૧] પેઠે લેશે, ત્યાંસુધી અમે અમારૂં ધર્મ પુસ્તક વાંચીશું નહિ, અને તે પ્રમાણે ચાલીશું નહિ " તેણે એ પણ લખ્યું છે, કે 'ગઝીત' શબ્દ ઉપરથી જિઝ્યા થયો છે.

જિઝ્યા અસલ ફારસી શબ્દ છે એમાં અમને કશો સંદેહ નથી. કોશના આધાર ઉપરાંત ઐતિહાસિક સબળ દૃષ્ટાંતો મોજૂદ છે. એતો નિ:શંક છે, કે ઇસ્લામની પ્રથમથી જિઝ્યા શબ્દ અરબસ્તાનમાં વપરાતો હતો; વળી એ નિર્વિવાદ છે કે ફારસીમાં 'ગઝીત' શબ્દનો એજ અર્થ અસલથી પ્રસિદ્ધ છે. ઐતિહાસિક પ્રમાણ ( જેનું વિવેચન હવે પછી કરીશું, ) થી આટલું સિદ્ધ થાય છે, કે નૌશીરવાને[૧૨] જિઝ્યાના કાયદા ઠરાવ્યા હતા. તે વખતે યમન તથા તેના તાલુકા ઉપર તેના અમલદારો અમલ ચલાવતા હતા. આ પ્રમાણે 'ગઝત' શબ્દ કાયદાની ભાષાના ખાસ શબ્દ તરીકે અરબસ્તાનમાં વપરાયો, અને અરબી ભાષામા દાખલ થવાથી જિઝયા થયો. સાધારણ રીતે એવું બને છે, કે જિતેલા દેશમાં નવા રાજ્યકર્તાની ભાષાના શબ્દો દાખલ થવા માંડે છે ત્યારે રાજ્યના કાયદામાં વપરાતા શબ્દો સૌથી પહેલાં દાખલ થાય છે. અર-

બી ભાષામાં જેટલા ફારસી શબ્દ અરબી શબ્દ તરીકે જોવામાં આવેછે તેટલા બીજી કોઇ ભાષાના જણાતા નથી-આશ્ચર્ય એ છે, કે જિઝયા શબ્દ જાણે અરબી ભાષામાં દાખલ થવા માટે જયયો હોય. કારણ કે ફકત એ કે ફારસી "ગ" નો અરબીમાં "જ" થાય છે; કેમકે અરબીમાં "ગ" નથી. જેમકે "લગામ" પરથી "લજામ" વ્યંજન એવી રીતે એકાદ અને સ્વરના ફેરફારથી તે અસલ અરબી શબ્દ થઇ ગયો.

## મુદ્દો બીજો.

અમારા જાણવા મુજબ, ઇરાન તથા અરબસ્તાનમાં મહેસલ તથા વેરાના જે કાયદા ઇસ્લામમાં જુજ ફેરફાર થી ચાલેછે, તે નોશીરવાનના વખતમાં રચાયા હતા. વિદ્વાન ઇબ્નુલ્‌અસીર[૧૩] જઝરીએ અલ કામિલ નામના ઇતિહાસના પહેલા ભાગમાં " વેરા તથા લશ્કરની બાબતમાં નૌશીરવાને જે કર્યું, તેનું વિવેચન "માં એવી હકીકત લખી છે. જેનો સારાંશ એ છે, કે નોશીરવાને જમીનની મોજણી કરાવી, તથા જુદી બાબતોનું મહેસલ નક્કી કર્યું લશ્કરી નોકરો, રાજ્યના સરદારો તથા ઉમરાવો સિવાય તમામ લોકો ઉપર જિઝયા× નાખ્યો; જેનો દર ૧૨ દિરહમ,[૧૪] ૮ દિરહમ, ૬ દિરહમ તથા ૪ દિરહમ પ્રમાણે

× વિદ્વાન ઈબ્નુલઅસીરે આ જગાએ જિઝયા શબ્દજ વાપર્યો છે, જેથી સિદ્ધ થાય છે, કે જિઝયા એવો કોઈ ખાસ શબ્દ નથી, કે જે મુસલમાન તથા તેમના તાબાની પરધર્મવાળી રૈયત સાથે સંબંધ રાખે. નૌશીરવાન તથા તેની ઇરાની પ્રજાનો એકજ ધર્મ હતો, તોપણ જે કર તેમના ઉપર નાખવામાં આવ્યો હતો તેને મુસલમાનો જિઝયાજ કહે છે.

હતો. મહેસૂલનું વિવેચન કર્યા પછી સદર ઇતિહાસકર્ત્તા લખે છે, કે “ હજરત ઉમરે[૧૫] તેજ કાયદાનુ અનુકરણ કર્યું ” અને જિઝયાના વિવેચન પછી લખ્યું છે, કે “ હઝરત ઉમરે વીશથી ઓછી અને પચાસથી વધારે વય-વાળાને જિઝયામાંથી મુક્ત કર્યા.

નૌશીરવાને જે કારણથી જિઝયાનો કાયદો ચાલુ કર્યો. તે કારણ વિદ્વાન મૌસૂદે નૌશીરવાનના શબ્દોમાં આ પ્ર-માણે આપ્યું છે. “ લશ્કરી લોક રાજ્યના રક્ષક છે અને રાજ્યને માટે પોતાનો જીવ જોખમમાં નાખે છે; માટે લોકોની આવકમાંથી અમુક રકમ ખાસ તેમની મહેનતના બદલા તરીકે ઠરાવવામાં આવી છે. ”

મહેસૂલ તથા જિઝ્યાના સબંધમાં જે કાંઇ ઇબ્નુલ્અ-સીરે લખ્યું છે, તેને ફિર્દૌસીના[૧૬] કવિતામાં કરેલા લ-ખાણથી પણ પુષ્ટિ મળેછે; પરતુ કેટલીક બાબતમાં બન્ને-નાં વર્ણન મળતાં આવતા નથી. તે વર્ણનનો અમો આ જગ્યાએ ઉતારો કરીએ છીએઃ—“બાદશાહ તમામ એકઠા થયા, જમીનના વિભાગ કર્યા, મોજણી કરી, ખેડુતને ભારે ન લાગે તેમ એક દિરહમનો ‘ગઝીત’ ઠરાવ્યો. ફળદ્રૂપ અગૂરી બાગનો ‘ગઝીત’ ૬ દિરહમ હતો; ખજુરીના પ્લોં-ટેશનનો ‘ગઝીત’ પણ તેટલોજ હતો. પૈસો હોય પણ ખેતી ન હોય, તથા જેને ખેતી તથા પાકની ચિન્તા ન હોય, તેવાને ચારથી દશ દિરહમ આપવાના હતા. તેમની પાસેથી દરવર્ષે અમલદારો આ ‘ગઝીત’ ઉઘરાવતા. મુત્સદ્દી તથા બાદશાહના ખિદમતગારો આ વેરાથી મુક્ત હતા.

બન્ને લખાણનો તફાવત વાંચનાર સહજ સમજી શકશે.

## મુદ્દો ત્રીજો.

ઇસ્લામે જે કાયદાનું ધોરણ કર્યું તેની રૂએ દરેક મુસલમાનને લશ્કરી નોકરી બજાવવાની ફરજ પાડી શકાતી હતી. આ ધારો કંઇ જેવો તેવો નહોતો; લોકોને તેમાંથી બચવાને જરા પણ બહાનું મળતું તો તેનો લાભ લેવા તત્પર થતા. એકવાર સિસિલીના ટાપુમાં સ્કૂલના શિક્ષકોને આ બંધનથી મુક્ત કરવામાં આવ્યા, ત્યારે સેંકડો માણસો બીજા ધંધા છોડી તેજ ધંધો ગ્રહણ કરવા લાગ્યા. §

આને લીધે સઘળા મુસલમાનો લશ્કરી નોકરીમાં દાખલ થતા, અને જેમ ન્યાયી નોશીરવાને બહુધા લશ્કરીઓને આ વેરામાંથી મુક્ત કર્યા હતા, તેમ મુસલમાનોનો જિઝ્યા અવશ્ય માફ થવો જોઇતો હતો. પણ જે પરધર્મવાળા ઇસ્લામી રાજ્યના તાબેદાર હતા, અને જેમનું રક્ષણ મુસલમાનોને કરવું પડતું હતું, તેમને લશ્કરી નોકરીની ફરજ પાડવાનો ઇસ્લામને કાંઇ હક નહોતો. તેમજ તે લોકો એવી જોખમભરેલી નોકરી કરવા ખુશ નહોતા. તેથી તેઓને પોતાના રક્ષણ અર્થે કાંઇ વેરો ભરવાની જરૂર હતી. આ વેરાનું નામ જિઝ્યા હતું: જે ફાર્સી ભાષામાંથી અરબીમાં દાખલ કરવામાં આવ્યો હતો. પણ જો કોઇ જગ્યાએ પરધર્મવાળાઓ લશ્કરમાં ભાગ લેવા તૈયાર થતા,

---

§ યાકૂત હમવીના રચેલ બનાવેલા મુઅજ્જમુલબુલ્દાન ગ્રંથમાં સિસિલીનું વર્ણન જુઓ.

અથવા થવાને ખુશી બતાવતા તો તેઓને જિઝ્યામાંથી મુક્ત કરવામાં આવતા; જે અમે ઐતિહાસિક પુરાવાથી હવે પછી સિદ્ધ કરીશું.

જિઝ્યા રક્ષણનો બદલો છે એવું માનીને, ઇસ્લામી ધર્મના ફરમાન મૂજબ, મુસલમાનોએ તેપર હમેશા અમલ કર્યો, અને સત્ય એ છે, કે આ સમજથીજ ઘણાખરા કોશકર્તાએ જિઝ્યા ફાર્સી ભાષાનો શબ્દ છે, એ વાતપર લક્ષ આપ્યું નહિ. તેઓએ ધાર્યું, કે આ શબ્દ 'જઝા' માંથી નીકળ્યો છે, જેનો અર્થ બદલો થાય છે; અને આ વેરો પણ એક બદલો અથવા અવેજ છે; આ મતલબથી તેનું નામ જિઝ્યા પાડયું. પયગંબર સાહેબ તથા ખુલફાએ રાશેદીન[૧૭]ના જે કોલકરાર ઇતિહાસોમાં આપેલા છે, તે ઉપરથી બહુધા જણાય છે, કે જિઝયા તે લોકોના રક્ષણનો બદલો હતો. પયગંબર સાહેબે પંડે જિઝ્યા સંબંધી જે ફરમાન ઐલાના[૧૮] હાકેમને લખ્યું હતું, તેમાં આ મતલબના શબ્દો હતા. " તે લોકોનુ રક્ષણ થાય અને દુશ્મનોથી બચવાય. ×

હજરત ઉમરે અંતકાળે જે ઘણી જરૂરની વસીયતો કરી. તેમાં એક આ પણ હતી, કે "પરધર્મવાળા જે અમારી પ્રજા છે, તેમની ભલામણ ખુદા તથા પયગંબરને છે; મુસલમાનોએ તેમની વતી તેમના દુશ્મનો સાથે લડવું જોઇએ.

અહીં અમે થોડાએક કોલકરારનો ઉતારો કરીએ છીએ :

× બલાઝરી ૩૦ કૃત ફુતુહુલ બુલ્દાન પાનું ૫૯

જેથી સ્પષ્ટ અને ખુલ્લીરીતે સાબિત થાય છે, કે જિઝ્યા ફક્ત રક્ષણ માટે વેરો હતો, અને જે પરધર્મવાળા મુસલમાનોની પ્રજા હતી તે એવું જાણીનેજ આ વેરો ભરતા હતાઃ—

"ખાલિદઇબ્નુલ્વલીદે[19]* સલુબા ઇબ્ન્ નસ્તુબા[20] અને તેની કોમને માટે લખેલો આ પત્ર છે. મેં તમારી સાથે જિઝયા અને રક્ષણની શરતે કોલકરાર કર્યા, તેથી તમારા રક્ષણનો જુમ્મો અમારે શિર છે. તમારૂં રક્ષણ કરીએ ત્યાં સુધી અમને જિઝયાનો હક છે, નહિ તો નહિ. આ હિ. સ.[21] ૧૨ ના સફરમાં[22] લખવામાં આવ્યો."

ઇસ્લામના અમલદારોએ ઇરાક અરબીના જિલ્લાઓમાં ત્યાંના રહેવાશી સાથે જે કોલકરાર કર્યા, અને જેમાં પયગમ્બર સાહેબના ઘણાક સાથીઓએ સહી કરી હતી, તેનો ઇન્તેખાબ આ નીચે છેઃ—

"જેમણે અમુક રકમનો જિઝયા આપવો કબૂલ કર્યો છે, અને જે માટે ખાલિદ બિન્ વલીદે તેમની સાથે સુલેહ કરી છે, તે લોકોને આ પત્રથી માફી મળેછે. ખાલીદ અને મુસલમાનોએ જે રકમ લેવા સુલેહ કરી તે અમને મળી. તમે જિઝયા આપતા રહો ત્યાં સુધી ખાલિદે કરેલી સુલેહનો જે ભંગ કરે તેની ઉપર તમે દબાણ કરી શકો છો. તમારૂં અભયવચન તેજ અમારૂં અભય-

---

* અબુ જાફર જરૈર તબરી કૃત યુરોપમાં છપાયલા ગ્રંથ 'તારીખે કબીર ભાગ ૫ મે પાનું ૪૯.

વચન છે; અને તમારી સુલેહ તેજ અમારી સુલેહ છે." (એટલે જેમની સાથે તમે સુલેહ કરશો તેમની સાથે અમે પણ સુલેહ કરીશું અને જેને તમે અભયવચન આપશો. તેને અમે પણ અભયવચન આપીશું. )×

આના ઉત્તરમાં ઇરાનની પ્રજાએ નીચે મૂજબ લખ્યું:—

" મુસલમાનો અને બીજી તમામ કોમ જો અમને ઈજા કરવા ઇચ્છે, તો ઇસ્લામી જમાત અને તેમના અમલદારો અમારા રક્ષણના જુમ્મેદાર થાય, એવી શરતે જે જિઝયા આપવા ખલિફ સાથે કોલકરાર કર્યા હતા તે અમે આપી દીધો " *

આ લખાણો જેના અમે આ જગ્યાએ ઉતારા કર્યા. અને વળી બીજા સઘળા કોલકરાર જેનું બયાન ઇતિહાસોમાં કરેલું છે, તેથી એ વાત સહેજ સિદ્ધ થાયછે, કે જિઝયા નૌશીરવાનના રચેલા કાયદાને આધારે હતો; પણ તેમ છતાં જો કોઈને શંકા રહેતી હોય તો તે નીચેની બિનાથી દૂર થશેઃ—અબુ ઉબેદા[૨૩] જરૂરાહે સિરિયામાં એક પછી એક જિત મેળવી ત્યારે હિરેકલીઅસે[૨૪] મુસલમાનોપર હુમલો કરવા એક જબરૂં લશ્કર તૈયાર કર્યું. મુસલમાનોને તેની સામા થવા તૈયારી કરવી પડી; અને તેઓ તનમનથી લશ્કરની ગોઠવણ કરવા લાગ્યા. તે વખતે લશ્કરના સરદાર હઝરત ઉબેદા અમીને સિરિયાના જિતેલા

× તારીખે તબરી પાનું ૫૪.

* તારીખે તબરી પાનું મજકૂર.

શહેરોમાં પોતાના જે અમલદારો હતા તે તમામને લખી મોકલ્યું, કે "જિઝયા તથા મહેસૂલની જેટલી રકમ જ્યાં જ્યાં લેવામાં આવી છે, તે સઘળી જે લોકો પાસેથી લેવામાં આવી હોય, તેમને પાછી આપી દો; અને તેમને જણાવો કે અમે તમારી પાસેથી જે કાંઇ લીધું હતુ તે તમારા દુશ્મનોથી તમારૂં રક્ષણ કરવાની શરતે લીધુ હતું; પણ આ બનાવથી અમે તમારા રક્ષણનો જુમ્મો અમારે શિર રાખી શકતા નથી." આ હુકમનો બરાબર અમલ કરવામાં આવ્યો, અને લાખો રૂપીઆ પબ્લિક ફંડમાથી લઇને તે લોકોને પાછા આપવામાં આવ્યા. વસુલ થયેલી રકમનો કિયાસ આ ઉપરથી થાયછે, કે માત્ર હિમ્મસ[૨૫] માંથી શુમારે આઠ લાખ રૂપીઆ જિઝયા તથા મહેસૂલ પેટે મળ્યા હતા. ક્રિશ્ચિયનોએ મુસલમાનોને અંતઃકરણથી આશીર્વાદ આપ્યો, અને પરમેશ્વર તમને ફરીથી અમારા શહેરની હકૂમત આપે એવી ઇચ્છા બતાવી, ને બોલ્યા કે રોમનલોક હોત તો આ પ્રસંગે પાછું આપવું તો બાજૂપર રહ્યું, પણ જે કાંઈ અમારી પાસે હોત તે પણ લઇ લેત.*

આ સઘળી હકીકત કરતાં આ મુદ્દાને માટે વધારે મજબૂત દલીલ તરીકે આ બિના છે, કે જો કોઈ પરધર્મવાળી કોમ લશ્કરી નોકરી માટે ઇચ્છા જણાવતી તો જેવી રીતે મુસલમાનો પોતે **જિઝયામાંથી** મુક્ત છે, તેમ તે પણ

* આનું સવિસ્તર વર્ણન ઇમામ અબૂયૂસુફ ૩૨ કૃત કિતાબ અલ્ ખિરાજ નામના મિસરમાં છપાયલા ગ્રંથનાં પાનાં ૮૦—૮૨. ૮૩માં કરેલું છે.

પાસે બસેં દિરહમ કરતાં ઓછું હોય તેવાને જિઝયા માફ હતો.

હવે અમે પૂછીએ છીએ, કે આવો હલકો વેરો જેનો દર આટલો થોડો હતો, જે આપ્યાથી જોખમ ભરેલી લશ્કરી નોકરીમાંથી માફી મળતી હતી, જેની શુરૂઆત ન્યાયી નૌશીરવાને કરી હતી, તે યૂરોપના લોકોએ માની છે, તેમ નાપસંદ કરવા જોગ બાબત છે? દુનિયામાં કોઈ પણ શખ્સે તેમાંથી બચવાના જ હેતુથી માત્ર પોતાનો ધર્મ તજ્યો હશે? શું કોઇએ પોતાના ધર્મને આવા હલકા વેરાથી પણ હલકી કીમતનો ગણ્યો હશે? જો કોઈએ એમ કર્યું હોય તો તેના ધર્મભ્રષ્ટ થવાથી અમારે અફસોસ કરવો એ વાજબી નથી.

જે લોકો જિઝયા આપતા હતા, તેમને ઇસ્લામે જેટલા હક આપ્યા તે કરતાં વધારે કયું રાજ્ય આપી શકશે? પણ પ્રસ્તુત વિષય સાથે આ વાતને સંબંધ નથી. માટે અમે આ પ્રસંગે એનું વિવેચન કરવા ઇચ્છતા નથી.

## જિઝયાવેરાનું સૂચીપત્ર.

'કામૂસ' અરબી ભાષાનો કોશ છે. તે મોહમ્મદ બિન યાકૂબ ફીરૂઝાબાદી શીરાઝીએ રચેલો છે. તેનો જન્મ ઇ. સ. ૧૩૨૦ ( હિ. સ. ૭૨૦ ) માં ગાઝરૂનમાં થયો હતો. તેનુ મરણ ઇ. સ. ૧૪૦૭ હિ. સ. ૮૧૦ )માં થયું.

૨ 'જૌહરી' અરબી ભાષાના કોશ 'સિહાહ્' નો કર્ત્તા છે. તે ઇ, સ. ૧૦૦૨ (હિ. સ. ૩૯૨) માં નિશાપુરમાં

મરણ પામ્યો. લેન સાહેબના લખવા મૂજબ આ કોશમાં વધારે શબ્દનો સંગ્રહ નથી. પણ જેટલા શબ્દ આપેલા છે, તેટલા શોધપૂર્વક લખેલા છે. વળી શબ્દોનો ઉપયોગ દ્દષ્ટાંત આપી કરી બતાવેલો છે, તેથી આ કોશ ભરોસો રાખવા જોગ ગણાય છે.

૩ લેન સાહેબનો જન્મ ઇંગ્લાડમાં ઈ. સ. ૧૮૦૧ માં થયો હતો. તેણે પહેલા ધર્મની કેળવણી લીધા પછી પૂર્વ તરફના દેશોમાં મુસાફરી કરવાનો ઇરાદો હોવાથી લક્ષ દઇને અરબી ભાષા શીખવા માંડી. ઇ. સ. ૧૮૨૫ માં તે મિસર ગયો, ઈ. સ. ૧૮૨૮ માં તે પાછો સ્વદેશ આવ્યો. બીજીવાર ઇ. સ. ૧૮૩૩ માં તે મિસર ગયો, અને ઈ. સ. ૧૮૩૫ મા પાછો ઇંગ્લાંડ આવ્યો. તેણે 'ઇજીપ્ટ ઍન્ડ્ ન્યુબિઆ,' 'મૅનર્સ્ ઍન્ડ્ કસ્ટમ્સ્ ઑવ્ ધ મૉડર્ન્ ઇજીપ્શિયન્સ્, 'અરેબિયન્ નાઇટસ,' 'સિલેકશન્સ્ ફ્રૉમ ધ કુરઆન' વગેરે ગ્રંથો છપાવી બહાર પાડયા. તેણે ઈ. સ. ૧૮૬૩ થી ૭૪ સુધી શ્રમ લઇને અરબી ભાષાનો મોટો કોશ 'મદુલ કામૂસ' પાંચ ભાગમાં છપાવ્યો. બાકીના બે નાના ભાગ તેના મરણ પછી તેના હસ્તલેખ ઉપરથી છપાયા છે. તેનું મરણ ઇ. સ. ૧૮૭૬ ના ઑગસ્ટની ૧૦ મી તારીખે થયું.

૪ 'મુહીતુલ્ મુહીત' અરબી ભાષાનો કોશ છે. તે બૈરૂતમાં બીટ્રૂસ (Bitrus) અલ બુસ્તાની સાહેબે ઇ સ. ૧૮૬૭–૭૦ માં તૈયાર કરી બે ભાગમાં છપાવ્યો છે.

૫ 'બુર્હાને કાતેઅ્' ફાર્સી ભાષાનો કોશ છે. તેના બ-

નાવનાર મૌલવી મોહમ્મદ હુસેન તબ્રેઝી છે. તેનો તખલ્લુ-મ ( nom de plume )બુર્હાન હતો. આ કોશ ઇ. સ. ૧૫૫૩ હિ. સ. ૧૦૬૩ મા તૈયાર થયો હતો.

૬ નિઝામી ફાર્સી કવિ હતો. તેનો જન્મ ગંજા ગામમાં ઇ. સ. ૧૧૪૭ માં થયો હતો, તેથી તે ગંજવી કહેવાય છે. તેણે રચેલા કાવ્યમાંથી 'ખમસા' નામે ઓળખાતા પાંચ કાવ્ય મશહૂર છે, તેમાં મકદુનિયાના બાદશાહ સિકંદરની કાર્કિર્દીનો ગ્રંથ ' સિકંદરનામું ' છે. આ કવિ ઇ, સ. ૧૨૧૧ માં મરણ પામ્યો.

૭ ચીનના બાદશાહ 'ખાકાન'ના ખિતાબથી ઓળખાય છે

૮ રોમના બાદશાહ 'કૈસર' (સીઝર)ને નામે ઓળખાય છે.

૯ 'ફરહંગે જહાંગીરી' ફાર્સી ભાષાનો કોશ છે. તેનો બનાવનાર જમાલુદ્દીન હુસેન બિન ફખરૂદ્દીન હસન છે. તે કાશ્મીરનો રહેવાશી જણાય છે અકબર બાદશાહનો મુકામ કાશ્મીરમા થયો હતો, ત્યારે બાદશાહે તેને પોતાના હજૂરમાં બોલાવી ફાર્સી ભાષાનો એક કોશ તૈયાર કરવા ફરમાવ્યું, પણ તે કોશ પૂરો થયા પહેલાં બાદશાહ ( ઇ. સ. ૧૬૦૫ હિ સ. ૧૦૧૪ માં ) મરણ પામ્યાથી અકબર શાહના દીકરા જહાંગીરશાહ ગાદીએ બેઠા પછી તે કોશ તૈયાર થયાથી તેનું નામ બાદશાહના નામની યાદી રાખવા સારૂ 'ફરહંગે જહાંગીરી' રાખવામાં આવ્યું.

૧૦ ફાર્સી કવિ હકીમ 'સૂઝની' સમરકંદનો રહેવાશી

હતો. તે આનંદી સ્વભાવનો તથા મશ્કરો હતો. શાહ અબૂ ઇસ્હાકે તેને સુનૈયાની સાત થેલીઓ બક્ષિસ આપી હતી. આ કવિએ 'માવરા ઉન્ નહ્ર ( આમૂ નદીની પેલી-મેરનો દેશ )માં રહેતા હમીદુદ્દીન મુસ્તૌફી જૌહરી કહેવાતા વિદ્વાનની તારીફમાં એક કસીદો લખ્યો હતો. તે ઇ. સ. ૧૧૭૭ મા સમરકંદમા મરણ પામ્યો.

૧૧ ' અહ્લે કિતાબ ' ને 'અહ્લે ઝિમ્મા' પણ કહે છે. આ નામ ખ્રિસ્તિ તથા યહુદી લોકોને અપાયેલુ છે.

'સુઝની' ની આ બૈત ( શ્લોક ) ફરહંગે નાસિરીમા શુદ્ધ જણાયાથી તરજુમો તે પ્રમાણે કર્યો છે.

૧૨ 'નૌશીરવાન' ઇરાનનો નામચીન બાદશાહ હતો તેનો બાપ કુબાદ બાદશાહ મરી ગયાથી તેને ઇ. સ. ૫૩૧ માં ઇરાનની ગાદી મળી. તેણે રાજ્યમાં લશ્કરી તથા વસુલાતી સુધારા દાખલ કર્યા. તે ન્યાયના કામ ઉપર ઘણું લક્ષ આપતો, તેથી તે ' ન્યાયી નૌશીરવાન ' ને નામે ઓળખાય છે. ઇરાનના બાદશાહો પૈકી રાજ્યમા સુધારા દાખલ કરવાવાળો પહેલો તેજ હતો. તે ૪૮ વર્ષ રાજ્ય કર્યા પછી મરણ પામ્યો. હઝરત મુહમ્મદ પયગબર સાહે-બનો જન્મ આ ન્યાયી બાદશાહના વખતમા ઇ. સ. ૫૭૧ માં થયો હતો.

૧૩ પ્રખ્યાત ઇતિહાસકર્તા 'ઇબ્નુલઅસીર જઝરી'નો જન્મ ઈ. સ ૧૧૬૦ ( હિ સ. ૫૫૫ ) માં થયો હતો, તે 'ઇઝ્ઝુદ્દીન,' (ધર્મની કીર્ત્તિ) ને નામે ઓળખાતો હતો. તે

ઈરાકમા આવેલા જઝીરે બનીઉમર નામના ટાપુનો રહે-
વાશી હતો. પણ તે ઘણેખરે ભાગે મોસલમાં રહેતો. ત્યા
ઘણા નામચીન વિદ્વાનો તથા વિદ્યાર્થીઓ તેની સંગતમા
રહેતા. તેણે 'અલ્કામિલ્' નામે ઇતિહાસ લખ્યો છે.
આ ઇતિહાસમા ઇ. સ. ૧૨૩૧ સુધીના બનાવ નોંધેલા
છે. આ ઇતિહાસ હાલના યુરોપના સારામા સારા ગ્રથની
સાથે સરખાવી શકાય તેવો છે.

૧૪ દિરહમ શુમારે ચાર આનાની કીમતનો રૂપાનો
સિક્કો હતો.

૧૫ પયગંબર સાહેબ પછી અમલ કરનારા અનુ-
ક્રમે પહેલા ચાર જણને 'રાશેદીન' (સત્ય માર્ગી) ખ-
લીફા કહે છે.

હઝરત ઉમર બીજા ખલીફા છે. તેમનો અમલ
ઇ. સ. ૬૩૪ થી ૬૪૪ સુધી રહ્યો. તેમણે સિરિયા, ઇરાન
તથા મિસરમાં જિતો મેળવીને ઇસ્લામી ધર્મનો ઘણો ફે-
લાવો કર્યો. હઝરત ઉમરની શહાદત ફીરૂઝ નામના ઇરાની
ગુલામના હાથથી ઇ. સ. ૬૪૪ (હિ. સ. ૨૩) મા થઇ.
તેઓ ૧૦ વર્ષ, ૬ માસ અને ૮ દિવસ અમલ કરી ૬૩
વર્ષની ઉમરે વફાત પામ્યા. તેમણે પોતાના ૧૦ વર્ષના
અમલમા ૯ વાર મદીના શરીફની ઝિયારત (જાત્રા)
કરી. ન્યાયની બાબતમા હઝરત ઉમર ઘણુંજ લક્ષ આપતા,
અને નિષ્પક્ષપાતપણે વર્ત્તતા. તે ઉપરથી તેઓ 'ફારૂક'
(ખરા તથા ખોટા વચ્ચે 'ફરક' બતાવનાર) ને નામે
ઓળખાય છે.

૧૬ નામચીન ફારસી કવિ ફિર્દોસીનું નામ અબુલ કાસમ મન્સૂર હતું. તેનો જન્મ ઈરાનના તૂસ શહેરમાં ઇ. સ. ૯૪૬ માં થયો હતો. તેનું મરણુ ઇ. સ. ૧૦૨૫ માં થયું. મહમૂદ ગઝનવી બાદશાહ કવિઓની બૂજ જાણી તેમને આશ્રય આપતો. આથી તેની ઉદારતાની ખબર સાંભળી ફિર્દોસી તેના દરબારમાં ગયો. એ કવિએ લખવા માંડેલું 'શાહનામું' (બાદશાહોના ચરિત્રનુ પુસ્તક) વાંચી સુલતાન મહમૂદ ઘણો ખુશ થયો, અને દરેક બેત (શ્લોક) માટે એક દિરહમ આપવાનું વચન આપ્યું. એ વેળા સુવર્ણ દામ આપવાનો વિચાર હતો. ત્રીસ વર્ષ સુધી શ્રમ લઇ શાહનામુ પૂરૂં કરી કવિએ ઇનામ માગ્યું. પણુ સાઠ હજાર બેતો થયેલી જોઇ ફિર્દોસીના દુશ્મનોના સમજાવવાથી સોનાને બદલે ૬૦,૦૦૦ રૂપાદામ આપવા માંડયા. ફિર્દોસી તેનો દરબાર તજીને ચાલ્યો ગયો; અને સુલતાન વિષે નિંદા ભરેલી કવિતા રચી. આ પ્રમાણે પોતાની અપકીર્ત્તિ થયાથી અને તે મોટા પુસ્તકનો શ્રમ ધ્યાનમાં લઇ સુલતાને પસ્તાવો કરી કવિને ૬૦,૦૦૦ સુવર્ણદામ તથા પોશાક મોકલ્યાં; પણુ આ બખ્શિશ વખતસર આવી પહોંચી નહિ; કેમકે સુલતાનના માણસો સુનૈયાની થેલીઓ સહિત ફિર્દોસીના શહેરમાં એક દરવાજેથી પેઠા, તે વેળા બીજે દરવાજેથી તેના શબને કબ્રસ્તાન ભણી લઈ જવામાં આવ્યું. તેથી તે નાણું તેની બેનને આપવા માંડ્યું, પણુ તેણે તે લીધું નહિ, તેથી સુલતાનના હુકમથી તે નાણાંવડે મર્વ અને નિશાપુરના રસ્તા વચ્ચે એક ધર્મશાળા બાંધવામાં આવી હતી.

**૧૭ 'ખુલફાએ રાશેદીન,'**—નોટ નંબર ૧૫ જુઓ.

ખુલફાએ રાશેદીનનાં નામ તથા તેમણે કયાંથી કયાં સુધી અમલ કર્યો તેની સાલવારી નીચે પ્રમાણેઃ—

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ લા | ખલીફા | હઝરત અબૂબક્ર | (ર અ.) | ઇ. સ. | ૬૩૨ થી ૬૩૪ |
| ૨ જા | ,, | હઝરત ઉમર | (ર.અ.) | ,, | ૬૩૪ થી ૬૪૪ |
| ૩ જા | ,, | હઝરત ઉસ્માન | (ર અ.) | ,, | ૬૪૪ થી ૬૫૫ |
| ૪ થા | ,, | હઝરત અલી | (ર.અ.) | ,, | ૬૫૫ થી ૬૬૧ |

૧૮ ઐલા ( Ailah ) રાતા સમુદ્રને કિનારે અરબસ્તાનમાં વાયવ્ય કોણે આવેલું ગામ છે. પ્રાચીન કાળમા તે પ્રખ્યાત હતું. તફસીર ( કુરાન શરીફનો ખુલાસો દર્શાવનારી કિતાબ ) લખનાર જલાલુદ્દીન લખે છે કે, તેને "કુલઝુમ્ ' પણ કહેતા હતા. તે ઉપરથી રાતોસમુદ્ર ' દરિયાએ કુલઝુમ્ " કહેવાય છે. બાઇબલ (ઇંજીલ)મા તે 'એલાથ' ( Elath ) ને નામે મશહૂર છે. પયગંબર સાહેબે જિઝ્યાનું ફરમાન લખ્યું તે વખતે ઐલામા ખ્રિસ્તિ હાકેમ જોન ( યાહ્યા ) રૂબાહનો દીકરો રાજ્ય કરતો હતો. આ ફરમાન શુરહ બીલ તથા જુહૈમના હાથથી લખાયું હતું.

૧૯ **'ખાલિદ્ બિન્ વલીદે'** હિ. સ. ૮ મા ઇસ્લામી દીન કબૂલ કર્યો હતો તેઓ મુસલમાનોના નામચીન બહાદુર સરદાર હતા. તેમની બહાદુરીને લીધે પયગંબર સાહેબે તેમને "સૈફુલ્લાહ" (ખુદાની તલવાર)નો ખિતાબ આપ્યો હતો. તેમણે ઇરાક તથા સિરિયામાં ઘણી

જિતો મેળવી. દમારકમ તાબે કર્યા પછી હઝરત ઉમરે તેમને ત્યાંથી બોલાવી લઇને હિમ્સ અને બાલબક તરફ મોકલ્યા. ખાલિદનું મરણ ઈ. સ. ૬૪૨ (હિ. સ. ૨૧—૨૨) માં થયું. તેમની કબર હિમ્સની નજદીકમાં છે. કેટલાકના કહેવા મૂજબ તેઓ મદીના શરીફમાં દફન થયેલા છે.

૨૦ હઝરત અબૂબક્રના વખતમા ખાલિદ્ બિન્ વલીદે જે પરધર્મી સરદારો સાથે કોલકરાર કર્યા હતા, અને તે કરાર પ્રમાણે ચાલ્યા, તેમાનો એક 'સલુબા ઇબ્ન્ નસ્તુબા' ( the Lord of the Coss Natick ) પણ હતો. તેને પોતાના રાજ્યમાંથી રૈયતની શક્તિ પ્રમાણે ૧૦,૦૦૦ દિરહમ ઉપરાવી મુસલમાનોને ખંડણી આપવી પડતી હતી.

૨૧ પયગમ્બર સાહેબ ઉપર મક્કા શરીફના બેદીન લોકોએ જુલ્મ ગુજાર્યાથી હઝરત મદીનાશરીફ તરફ હિજરત કરી ગયા, ત્યારથી મુસલમાન લોકના સન (વર્ષ) ની ગણતરી થાયછે. હિજરી ( જુદા પડવાનો ) સન ઈ સ. ૬૨૨ મા શુરૂ થયો.

૨૨ "સફર" મુસલમાની ચાંદ્રવર્ષનો બીજો મહીનો છે. તે ખાલી મહીનો કહેવાય છે, કારણ કે આ મહીનામાં આગલા વખતના અરબ લોકો પોતાનાં ઘર ખાલી કે રેઢાં ( સિફ્ર ) મેલીને લડાઈ અથવા લૂટફાટ માટે જતા હતા. કેટલાકના લખવા મુજબ આ મહીનાનું નામ પાનખરઋતુમા પાડવામાં આવ્યું હતું; અને આ

ઋતુમાં ઝાડનાં પાંદડાંનો રંગ પીળો ( સુફ્રા ) હોય છે, તે ઉપરથી તેને સફ્ર કહે છે. આ પ્રમાણે અમુક અર્થ ઉપરથી મુસલમાની દરેક માસનું નામ પડયું છે.

૨૩ અબૂ ઉબેદા જર્‌રાહ પયગંબર સાહેબના સાથી હતા. હઝરતની તેમના ઉપર ઘણી પ્રીતિ હતી. ઇસ્લામી ધર્મના દશ વડીલો જે “ અશરતુલ્‌ મુબશ્શરહ ” ( ખુશીના સમાચાર સાંભળનારા દશ જણ ) ને નામે ઓળખાય છે, તેમાંના એક તે પણ હતા. આ દશ જણને હઝરતે જન્નત ( સ્વર્ગ ) માં જવાની ખબર આપી હતી. તેમના નામ—હઝરત અબૂબક્ર, હ૦ ઉમર, હ૦ ઉસ્માન, હ૦ અલી, તલ્હા, ઝુબૈર, અબ્દુર્રહમાન, સઅદ ઇબ્ને અબી વકાસ, સઅદ ઇબ્ને ઝેદ, અને અબૂ ઉબેદા ઇબ્નુલ્‌ જર્‌રાહ ( ર. અ. )

અબૂ ઉબેદાએ ઘણેખરે ભાગે સિરિયા ( શામ )માં જિતો મેળવી. સિરિયાની જિત ઇ. સ. ૬૩૩ થી ૬૩૮ સુધી ચાલી. ઈ. સ. ૬૩૮ માં સિરિયામાં ભારે મરકી ચાલી હતી, તે વખતે ૫૮ વર્ષની ઉમરે અબૂ ઉબેદાનું ત્યાં મરણ થયું. ભારે મરકીને લીધે અરબ લોકો તે વર્ષને “ આમુર્‌ રમાદા ” કહે છે.

૨૪ હિરેક્લીઅસ રોમનો બાદશાહ હતો. અરબ લોકો તેને હિર્‌કલ્‌ કહે છે. તેણે ઇ. સ. ૬૧૦ થી ૬૪૧ સુધી રાજ્ય કર્યું. તેને ઇરાનીઓ સાથે ઘણી લડાઇઓ કરવી પડી, તેમાં તેણે ફતેહ મળવા માટે કોન્સ્ટાન્ટીનો-

પલથી ઈલીયા ( જેરૂસલમ ) સુધી પગે ચાલીને જવાની માનતા માની હતી. તેથી ઈ. સ. ૬૨૮ માં તે જેરૂસલમ જતો હતો ત્યારે પયગંબર સાહેબે ઇસ્લામી ધર્મ કબુલ કરવા માટે લખેલો પત્ર તેને હિમ્સ મુકામે મળ્યો હતો. તે વખતે અમુક કારણથી તેણે તે ઉપર લક્ષ આપ્યુ નહિ. પણ તેણે પોતાનાં પાછલાં વર્ષમાં ઈસ્લામી ધર્મ કબુલ કર્યો હતો એમ કહેવાય છે. તે ઇ. સ. ૬૪૧ મા જલદરના રોગથી મરણ પામ્યો.

૨૫ હિમ્સ ( Emesa ) સિરિયામાં એક પ્રખ્યાત શહેર હતું. કૈસરો ( સીઝરો ) ના વખતમાં તે રળિયામણું તથા આબાદ હતું. તેમાં ઘણી સાર્વજનિક તથા ખાનગી ઈમારતો અને વાડીઓ હતી. ત્યાંના શહેરીઓ જુસ્સાદાર, મગરૂર, તવંગર તથા મોજશોખી હતા. મૂર્ત્તિપૂજાના જમાનામાં ત્યાં સૂર્યની પૂજા થતી હતી. ત્યાં ૨૦૦ ફીટ લાંબુ, તથા ૧૦૦ ફીટ પહોળું દેવાલય હતું; પણ હાલમાં તે દેવાલયની કાંઇ નિશાની જોવામા આવતી નથી. મુસલમાનોએ દમાસ્કસ જિત્યા પછી ઇ. સ. ૬૩૫ માં હિમ્સ ઉપર ચઢાઇ કરી.

૨૬ હઝરત ઉસ્માન ( ર. અ. ) પયગંબર સાહેબ પછી થનાર ત્રીજા ખલીફા હતા. પયગંબર સાહેબની એક પછી એક એમ બે દીકરીઓ વેરે તે પરણ્યા હતા, તેથી તે ઝિન્ નૂરૈન ( બે નૂરવાળા ) ને નામે ઓળખાય છે. આ વખત સુધી કુરઆનને શરીફમાં ઉચ્ચાર કરવા માટે ચિહ્ન મૂકવામાં આવ્યાં નહોતાં; તેથી હઝરત

ઉસ્માનના હુકમથી કુરઆને શરીફ જાણવાના પ્રવીણ માણસોએ ભેગા મળી કુરઆને શરીફની તમામ નકલોનો મુકાબલો કરી એક સહી ( ખરી ) અને પ્રતિષ્ઠિત નકલ તૈયાર કરી, ને તે ઉપરથી બીજી નકલો લખીને જુદા જુદા દેશોમા મોકલાવવામાં આવી. હઝરત અબૂબકના દીકરા મુહમ્મદ તથા બીજા કાવત્રાખોરોના હાથથી હઝરત ઉસ્માન ૮૨ વર્ષની ઉમરે શહીદ થયા.

૨૭ **હબીબ બિન્ મુસલ્લમા હબીબુર્ રૂમને** નામે પણ ઓળખાય છે, કારણ કે તે ઘણુંખરે ભાગે રૂમમાં લશ્કર લઇને જતા હતા. તેમને હઝરત મોઆવિયા ( ર. અ. ) એ આર્મિનિઆના હાકેમ નીમ્યા હતા. ત્યાં તેમનુ મરણ ૬૬૨ ( હિ. સ. ૪૨ ) માં થયુ.

૨૮ **વાસિક બિલ્લાહ**—બગદાદમા રાજ્ય કરનારા અબ્બાસી ખલીફામાં ૯ મા હતા. તેમનું નામ **અબૂ જાફર હારૂન** હતું. તેમણે ઈ. સ. ૮૪૨ થી ૮૪૭ સુધી રાજ્ય કર્યું. તેમને ગાયન તથા કવિતાનો શોખ હતો.

અબ્બાસી વંશ ઈ સ. ૭૪૯–૫૦ (હિ સ. ૧૩૨) થી ઇ. સ. ૧૨૫૮ ( હિ સ. ૬૫૬ ) સુધી ચાલ્યો આ વંશને સ્થાપનાર અબ્દુલ્ મુત્તલિબના દીકરા હઝરત અબ્બાસ હતા. તે પયગંબર સાહેબના કાકા થતા હતા તેમના નામ ઉપરથી તે વંશનુ નામ અબ્બાસી વંશ પડયુ.

૨૯ **અબૂ અબ્દુલ્લાહ યાકૂત ઇબ્ને અબ્દુલ્લાહ** નાનપણમાં ગ્રીક ( યુનાની ) હતા તે હમાત શહેરમાં ગુલામીપણામાંથી છુટા થયા હતા, તેથી તે હમવી

વાય છે. તેમનો જન્મ ઇ. સ. ૧૧૭૮–૭૯ ( હિ. સ. ૫૭૪ ) માં એશિયામાઇનરમા થયો હતો. નાનપણુમાં તેમને કેદ કરીને તેમના દેશમાથી લઇ જવામાં આવ્યા હતા. બગદાદમાં અસ્કર ઇબ્ને અબીનસ્ર ઇબ્ને ઇબ્રાહીમ હમવી નામના વેપારીને ત્યાં તેમને ગુલામ તરીકે વેચવામાં આવ્યા હના. તે વેપારીએ તેમને નિશાળે મોકલી અભ્યાસ કરાવ્યો ઇ સ. ૧૨૦૦ માં તેમના શેઠે મુક્ત કર્યાથી ગ્રંથોની નકલો કરી તે પોતાનુ ગુજરાન કરવા લાગ્યા. ફરીથી શેઠે તેમને નોકરીમા રાખ્યા. શેઠના મરણુ પછી ઇ. સ. ૧૨૧૬–૧૭ માં તે દમાસ્કસ ગયા. ત્યાથી તેમને મોસલ નાશી જવાની જરૂર પડી પછી તે ખોરાસાન ગયા. ત્યાર પછી તે કદી બગદાદ ગયા નહિ. તેમણે ખોરાસાનના શહેર મર્વમા પોતાનુ રહેઠાણુ કર્યું. આ શહેરમાં ઘણી પાઠશાળા તથા પુસ્તકશાળા હતી. આ પુસ્તકશાળાના ગ્રંથો ઉપરથી તેમણે મુઅજમુલ્‌બુલ્દાન ( Gazetteer ) નામે ભૂગોળ વિસ્તારથી અરબી ભાષામાં રચી છે. આ ગ્રંથ યુરોપમાં છપાયેલો છે. યાકૂત હમવીનું મરણુ ઈ. સ. ૧૨૨૯ ( હિ. સ. ૬૨૬ ) માં અલેપ્પો શહેરની બહાર આવેલી એક ધર્મશાળામાં થયું.

૩૦ **બલાઝરીનો** જન્મ મુતવક્કિલ બિલ્લાહ ખલીફાના વખતમાં બગદાદમાં થયો હતો. તેમણે પોતાની જિંદગાની ત્યાંજ ગુજારી. તેમણે બનાવેલો ફુતુહુલ બુલ્દાન ( શહેરોની જિતો ) નામે ગ્રંથ વખાણુવા લાયક ઇબારતમાં લખેલો છે. તે સારા ઇતિહાસોમાંનો એક છે. બલાઝરીનુ મરણુ ઈ. સ. ૮૯૨ માં થયું.

૩૧ તબરીનું ખરૂં નામ અબૂ જાફર મુહંમદ ઇબ્ને જરૂર હતું. તેમણે બનાવેલો ઇતિહાસ 'તારીખે કબીર' ઈ. સ. ૯૧૪ સુધી લખેલો છે. આ ઇતિહાસને 'અલ્લમકીને' લખીને બારમા સૈકાના અંત સુધી પહોંચાડયો. તબરીનું મરણ બગદાદમાં ઇ. સ. ૯૨૨ માં થયું.

૩૨ ઈમામ અબૂયૂસુફનું ખરૂ નામ યાકૂબ બિન્ ઇબ્રાહીમ હતું. તે અન્સાર (હઝરતને મદદ કરનાર)ના કુળના હતા. તે હઝરત અબૂ હનીફા (ર. અ.) (ઇમામ આઝમ સાહેબ)ના મોટા શાગિર્દ (શિષ્ય) હતા. હદીસના ઇલ્મમાં પ્રવીણ હતા. દરરોજ પચાસ સાઠ હદીસ મોઢે કરતા હતા. હનફી મઝહબ (પંથ)ની કિતાબો રચનારમાં તે પહેલા છે ઇમામ આઝમ સાહેબનો તેમના ઉપર ઘણો પ્યાર હતો. વિદ્વાનોએ તેમની ઘણી તારીફ કરી છે. તે કૂફામાં ઇ. સ. ૭૩૧ ( હિ. સ. ૧૧૩ ) માં જન્મ્યા હતા. ઇ. સ. ૭૮૩ ( હિ. સ. ૧૬૬ ) માં હારૂનરશીદ ખલીફાના વખતમાં તે બગદાદના સર ન્યાયાધીશ થયા હતા. તે ઇ. સ. ૭૯૮ ( હિ. સ. ૨૮૨ ) માં રબીઉલ અવ્વલની ૫ મી તારીખે બપોરે જન્નતનશીન થયા.

સમાપ્ત.